અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
જિયા શંકરે બોયફ્રેન્ડ સાથે સગાઈ કરી...



પેજ-09
કેપ્ટન શુભમન ગિલ આંગળીની ઈજાને કારણે મેચમાંથી બહાર, કેએલ રાહુલ સંભાળશે કમાન

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 35.00 | 28.00 |
| વડોદરા | 34.00 | 28.00 |
| સુરત | 32.00 | 27.00 |

પેજ 5




અમેરિકાના કાયદાનો જ હવાલો આપી મેટાને 5000 કરોડનો દંડ ફટાકારાયો


08
AUGUST-2026
SATURDAY


અમેરિકી રાષ્ટ્રપતિ વિશ્વના "સૌથી મજબૂત" થી "સૌથી નબળા" નેતા બન્યા



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 78499.17 | ▼ | 455.59 |
| નિફ્ટી | 24570.65 | ▼ | 65.35 |
| સોનું | 152004.00 | ▲ | 3146.0 |
| ચાંદી | 232462.00 | ▲ | 6626.0 |


વર્ષ-15 । અંક-265 । વિક્રમ સંવત-2082 । અષાઢ વદ - 10 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## "આપ"ની સરકાર બનાવીને મોદી સરકારને ઈ-20 પાછું ખેંચવા માટે મજબૂર કરો

# ગોવાની જનતા ઈ-20થી સૌથી વધુ પ્રભાવિત : કેજરીવાલ

**90 ટકા ગોવાવાસીઓ ઈ-20 પેટ્રોલથી પરેશાન છે, તેમની ગાડીઓની માઈલેજ ઘટી રહી છે અને એન્જિન ખરાબ થઈ રહ્યા છે**

**જો ગોવા અને ઉત્તર પ્રદેશમાં ભાજપ હારી જાય તો ચૂંટણી પરિણામ આવ્યાના 5 દિવસની અંદર મોદી સરકાર ઈ-20 પાછું ખેંચી લેશે**

**કોંગ્રેસને મત આપવાથી કોઈ ફાયદો નથી, કોંગ્રેસના ધારાસભ્યો ભાજપમાં જતા રહેશે અને ભાજપ ફરી સરકાર બનાવી લેશે**

**જ્યાં સુધી સરકાર ઈથેનોલ અંગે નીતિ સ્પષ્ટ ન કરે ત્યાં સુધી પેટ્રોલ-ડીઝલની ગાડીઓ ખરીદવાનું ટાળો- કેજરીવાલ**



અમદાવાદ | આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે ગોવામાં ભાજપને સત્તા પરથી હટાવીને કેન્દ્રની મોદી સરકારને ઈ-20 પેટ્રોલ પાછું ખેંચવા માટે મજબૂર કરવાની અપીલ કરી છે. ગોવાના પ્રવાસે આવેલા અરવિંદ કેજરીવાલે કહ્યું કે ગોવાની જનતા ઈ-20થી સૌથી વધુ પ્રભાવિત છે. ગોવાના લગભગ 90 ટકા લોકો ઈ-20 પેટ્રોલથી પરેશાન છે, તેમની ગાડીઓની માઈલેજ ઘટી રહી છે અને એન્જિન ખરાબ થઈ રહ્યા છે. જો ગોવા અને ઉત્તર પ્રદેશમાં ભાજપ હારી જાય છે તો ચૂંટણી પરિણામ આવ્યાના 5 દિવસની અંદર મોદી સરકાર ઈ-20 પાછું ખેંચી લેશે. તેમણે કહ્યું કે કોંગ્રેસને મત આપવાથી કોઈ ફાયદો નથી, કારણ કે કોંગ્રેસના ધારાસભ્યો ભાજપમાં જતા રહેશે અને ભાજપ ફરી પોતાની સરકાર બનાવી લેશે. "આપ"ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે કહ્યું કે મોદી સરકારે સમગ્ર દેશમાં બળજબરીપૂર્વક ઈ20 લાગુ કરી દીધું છે અને દેશની જનતા તેનાથી ખૂબ દુઃખી છે. લોકોના ટુ-વ્હીલર અને ફોર-વ્હીલરમાં માઈલેજ 25થી 30 ટકા સુધી ઘટી ગઈ છે. લોકોની ગાડીઓ અને એન્જિન ખરાબ થઈ રહ્યા છે, એન્જિન સીઝ થઈ રહ્યા છે, ફ્યુઅલ સિસ્ટમ ખરાબ થઈ રહી છે અને કાટ લાગી રહ્યો છે. આટલો હોબાળો થવા છતાં મોદી સરકાર અડગ છે અને તેને પાછું ખેંચી રહી નથી.

અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે ગોવાના લોકો આ નિર્ણયથી વધુ પ્રભાવિત છે. રાષ્ટ્રીય સ્તરે લગભગ 7 ટકા પરિવારો પાસે કાર છે, પરંતુ ગોવામાં લગભગ 45 ટકા પરિવારો પાસે કાર છે અને 86 ટકા પરિવારો પાસે ટુ-વ્હીલર છે. ઘણા ઘરોમાં કાર અને ટુ-વ્હીલર બંને છે, તેથી ગોવામાં લગભગ 85થી 90 ટકા પરિવારો આ નિર્ણયથી પ્રભાવિત છે. તેમની માઈલેજ ઘટી રહી છે અને ભવિષ્યમાં તેમના એન્જિન ખરાબ થશે જ.

અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે દુનિયાભરમાં જે દેશોએ ઈ20 લાગુ કર્યું, તેમણે તેના માટે 10થી 20 વર્ષનો સમય લીધો. બ્રાઝિલ તેમાં સૌથી આગળ છે, ત્યાં ઈ100 લાગુ છે. ત્યાં પેટ્રોલ વિના સંપૂર્ણપણે ઈથેનોલનો ઉપયોગ થાય છે અને ફ્લેક્સી ફ્યુઅલ વાહનો ઉપલબ્ધ છે. પરંતુ બ્રાઝિલે ઈ20 લાગુ કરવામાં 50 વર્ષ લીધા. ત્યાં 1931માં ઈ5 અને 1985માં ઈ20 લાગુ કરવામાં આવ્યું હતું. ત્યાં લોકોને ઈ30 અને ઈ100 બંને વચ્ચે પસંદગી કરવાનો વિકલ્પ છે. દુનિયાના બાકીના દેશોમાં જ્યાં ઈથેનોલનો ઉપયોગ થાય છે, ત્યાં તે ઈ10 કરતાં પણ ઓછું છે.

## News Brief

### 'NTA ના નિષ્ણાતોએ જ NEET-UG નું પેપર લીક કર્યું હતું...', CBI તપાસમાં મોટો ઘટસ્ફોટ

(એજન્સી) નવી દિલ્હી | તા 07

NEET-UG 2026 પેપર લીક મામલે CBIની ચાર્જશીટે NTAની સુરક્ષા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. તપાસ મુજબ, વિષય નિષ્ણાતો મનીષા મંધારે, પ્રહ્લાદ કુલકર્ણી અને મનીષા હવાલદારે પુણેમાં પોતાના અધિકૃત એક્સેસનો દુરુપયોગ કરીને પ્રશ્નપત્ર લીક કર્યું હતું. તેમણે ઉમેદવારોને પ્રશ્નો મૌખિક રીતે જણાવી લાખો રૂપિયાના નાણાકીય વ્યવહારો કર્યા હતા. દિલ્હીની રાઉઝ એવેન્યુ કોર્ટ 10 ઓગસ્ટે આ ચાર્જશીટ પર સુનાવણી કરશે.નીટ-યુજી 2026 પરીક્ષા પેપર લીક મામલે CBIની ચાર્જશીટે પરીક્ષા પ્રણાલીની સુરક્ષા પર ગંભીર સવાલો ઊભા કર્યા છે. તપાસ એજન્સીએ દાવો કર્યો છે કે પ્રશ્નપત્ર કોઈ પ્રિંટિંગ પ્રેસમાંથી લીક થયું નહોતું, પરંતુ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) માટે કામ કરી રહેલા વિષય નિષ્ણાતોએ જ પોતાના અધિકૃત એક્સેસનો દુરુપયોગ કરીને પેપર બહાર પહોંચાડ્યું હતું. આ મામલે દાખલ કરવામાં આવેલી ચાર્જશીટ પર દિલ્હીની રાઉઝ એવેન્યુ કોર્ટ 10 ઓગસ્ટે સંજ્ઞાન લેશે. સીબીઆઈના જણાવ્યા અનુસાર, પ્રશ્નપત્રના ગોપનીય અનુવાદ, બેક-ટ્રાન્સલેશન અને પ્રૂફરીડિંગની પ્રક્રિયા દરમિયાન વિષય નિષ્ણાતોએ પોતાના અધિકારોનો દુરુપયોગ કર્યો હતો. તપાસમાં સામે આવ્યું છે કે બોટની-ઝૂલોજીના નિષ્ણાત મનીષા ગુરુનાથ મંધારે, કેમિસ્ટ્રીના નિષ્ણાત પ્રહ્લાદ વિઠ્ઠલરાવ કુલકર્ણી અને ફિઝિક્સના નિષ્ણાત મનીષા સંજય હવાલદારે પ્રશ્નપત્રની માહિતી બહાર પહોંચાડી હતી. આ ગંભીર બેદરકારીના કારણે સમગ્ર પરીક્ષા વ્યવસ્થાની પવિત્રતા પર પ્રશ્નાર્થ ચિહ્ન લાગી ગયું છે.

## સંપન્ન પરિવારોને અનામતનો લાભ ન મળવાની માગણી

# 'SC/ST પર 'ક્રિમી લેયર' લાગુ નથી, તે ફક્ત OBC-SEBC માટે...', સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર સરકારની ચોખવટ

(એજન્સી) નવી દિલ્હી | તા 07

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું દાખલ કરી સ્પષ્ટ કર્યું કે, SC-ST અનામતમાં ક્રિમી લેયરનો સિદ્ધાંત લાગુ પડતો નથી. સરકારે જનહિત અરજીઓનો વિરોધ કર્યો, જેમાં અનામતમાં ક્રિમી લેયર લાગુ કરવાની માંગ હતી. સરકારે જણાવ્યું કે, SC-ST યાદીમાં ફેરફાર કરવાનો અધિકાર માત્ર સંસદને છે. કલ્યાણકારી યોજનાઓમાં આવક મર્યાદા પહેલેથી જ લાગુ છે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં એક મહત્ત્વપૂર્ણ સોગંદનામું દાખલ કરીને સ્પષ્ટ કર્યું છે કે અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) ના અનામતમાં ક્રિમી લેયરનો સિદ્ધાંત લાગુ પડતો નથી. સરકારે એ તમામ જનહિત અરજીઓનો સખત વિરોધ કર્યો છે, જેમાં SC-ST અનામતમાં ક્રિમી લેયરનો નિયમ લાગુ કરવાની અને સરકારી નોકરીઓમાં વધુ ન્યાયસંગત નીતિ બનાવવાની માગણી કરવામાં આવી હતી. સરકારે જણાવ્યું કે આ અરજીઓમાં કોઈ પણ મૂળભૂત અધિકારના




ઉલ્લંઘનનો ઉલ્લેખ નથી કરવામાં આવ્યો.

ગત વર્ષે 11 ઓગસ્ટના રોજ સુપ્રીમ કોર્ટે રમાશંકર પ્રજાપતિ અને અન્યની જનહિત અરજીઓ પર કેન્દ્ર તથા રાજ્ય સરકારોને નોટિસ જારી કરી હતી. આ અરજીઓમાં એવી માગ કરવામાં આવી હતી કે જો કોઈ SC-ST પરિવારનો સભ્ય પહેલેથી જ બંધારણીય કે વરિષ્ઠ સરકારી પદ મેળવી ચૂક્યો હોય, તો તેના સંતાનોને અનામતનો લાભ ન મળવો જોઈએ. આનાથી અનામતનો સાચો ફાયદો આર્થિક રીતે નબળા અને ખરેખર જરૂરિયાતમંદ લોકો સુધી વધુ સમાન રૂપે પહોંચી શકશે. અરજીકર્તાઓએ આર્થિક રીતે પછાત લોકો માટે સબ-કેટેગરી બનાવવાની પણ માગ કરી છે.સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે SC અને ST ની યાદીમાં કોઈપણ પ્રકારનો ફેરફાર ફક્ત સંસદ જ કરી શકે છે. બંધારણના અનુચ્છેદ 341 અને 342 હેઠળ કોઈપણ જાતિ કે જનજાતિને સૂચિમાં સામેલ કરવાનો કે રદ કરવાનો વિશેષાધિકાર માત્ર સંસદ પાસે છે. સરકારે ઈન્દિરા સાહની કેસનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે SC, ST અને OBC ની ઓળખ ઐતિહાસિક, સામાજિક અને શૈક્ષણિક પછાતપણાના આધારે થાય છે, માત્ર આર્થિક સ્થિતિના આધારે નહીં.

કેન્દ્ર સરકારે જણાવ્યું કે SC, ST અને SEBC માટે ચલાવવામાં આવતી મોટાભાગની કલ્યાણકારી યોજનાઓમાં પહેલેથી જ આવક મર્યાદા નક્કી કરવામાં આવી છે. જેથી સાચા જરૂરિયાતમંદોને તેનો લાભ મળી શકે. સરકારના મતે અરજીકર્તાઓએ એ સ્પષ્ટ નથી કર્યું કે કઈ યોજનાઓમાં બદલાવની જરૂર છે અને તેનાથી ગરીબી રેખા નીચે જીવતા લોકોને કેવી રીતે ફાયદો થશે. આ સમગ્ર મામલે ન્યાયપાલિકામાં આગામી દિવસોમાં વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે.

### AI દીવાલની આરપાર જોઇને રેડિયો વેવ્સની મદદથી 3D ઈમેજ તૈયાર કરશે



(એજન્સી) નવી દિલ્હી | તા 07

કેલિફોર્નિયામાં એપલના પૂર્વ કર્મચારીઓએ 'વેવસાઈટ' નામની AI ઈમેજિંગ સિસ્ટમ વિકસાવી છે. આ સિસ્ટમ રેડિયો વેવ્સનો ઉપયોગ કરીને દિવાલ પાછળના પાઈપ, વાયરિંગ અને અન્ય સ્ટ્રક્ચરલ એલિમેન્ટ્સનો 3-D નકશો 1 મિલિમીટરની ચોકસાઈ સાથે બનાવે છે. બાંધકામ ઉદ્યોગ માટે આશીર્વાદરૂપ આ ટેકનોલોજીથી પ્રાઈવસીનું જોખમ પણ ઉભું થઈ શકે છે.એપલના પૂર્વ કર્મચારીઓની સ્ટાર્ટઅપ એપલાઈડ ઈલેક્ટ્રોડાયનેમિક્સે વેવસાઈટ નામની નવી એઆઈ ઈમેજિંગ સિસ્ટમ રજૂ કરી છે. આ સિસ્ટમ કેમેરા કે લાઈટને બદલે રેડિયો વેવ્સનો ઉપયોગ કરે છે. તે દીવાલની પાછળ રહેલી પાઈપ્સ, વાયરિંગ અને અન્ય સ્ટ્રક્ચરલ ઈલિમેન્ટ્સનો 3D મેપ તૈયાર કરી શકે છે. કંપનીનું કહેવું છે કે, આ ટેકનોલોજી ખાસ કરીને કન્સ્ટ્રક્શન, રિનોવેશન અને બિલ્ડિંગ મેઈન્ટેનન્સ સેક્ટરમાં મોટો ફેરફાર લાવી શકે છે.વેવસાઈટને દીવાલ સાથે અડકાવવાની જરૂર નથી હોતી. તે થોડા અંતરેથી જ રેડિયો વેવ્સ મોકલે છે. જેના દ્વારા અંદરનું 3D વિઝ્યુલાઈઝેશન તૈયાર કરવામાં મદદ મળે છે. તેનો ઉપયોગ કરીને ડ્રિલિંગ અને રિનોવેશન પહેલા અંદર પાઈપ કે વાયર ક્યાં છે તેની માહિતી મળી શકે છે. જેથી નુકસાન અને ખર્ચ બંને ઘટે છે.આ સિસ્ટમ એક મિનિટથી પણ ઓછા સમયમાં સ્કેન પૂર્ણ કરી દે છે. તે 1 મિલીમીટર સુધીની એક્યુરસી સાથે પરિણામ આપે છે. નિષ્ણાતોનું માનવું છે કે, આ ટેકનોલોજી કન્સ્ટ્રક્શન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં ખૂબ ઉપયોગી સાબિત થઈ શકે છે. પરંતુ, ભવિષ્યમાં તેનો ઉપયોગ પ્રાઈવેટ પ્રોપર્ટીની માહિતી મેળવવા માટે થઈ શકે છે. જેથી પ્રાઈવસી અને સર્વેલન્સ અંગે પ્રશ્નો ઉભા થઈ શકે છે. કંપનીનું કહેવું છે કે, હાલ વેવસાઈટનો મુખ્ય હેતુ ઈન્ડસ્ટ્રિયલ અને કન્સ્ટ્રક્શન એપ્લિકેશન્સ માટે જ છે.

### કોંગ્રેસની સરકારને હચમચાવનાર બોફોર્સ કાંડ પર 40 વર્ષે ફૂલ સ્ટોપ, સુપ્રીમ કોર્ટે ફાઈલ બંધ કરી



(એજન્સી) નવી દિલ્હી | તા 07

દેશના સૌથી ચર્ચિત અને રાજકીય રીતે અત્યંત સંવેદનશીલ ગણાતા બોફોર્સ કૌભાંડનું પ્રકરણ આખરે કાયદાકીય રીતે હંમેશા માટે બંધ થઈ ગયું છે. સુપ્રીમ કોર્ટે વર્ષ 2005ના દિલ્હી હાઈકોર્ટના એ નિર્ણય વિરુદ્ધ દાખલ કરાયેલી છેલ્લી અને એકમાત્ર અરજીને ફગાવી દીધી છે, જેમાં હિંદુજા બંધુઓ અને સ્વીડિશ હથિયાર નિર્માતા કંપની એબી બોફોર્સને તમામ ગુનાહિત કેસોમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. આ નિર્ણય સાથે જ છેલ્લા 40 વર્ષથી ચાલી આવતા આ બહુચર્ચિત કેસનો સંપૂર્ણપણે અંત આવ્યો છે.સુપ્રીમ કોર્ટના જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ કે. વિનોદ ચંદ્રનની બેન્ચે આ કેસની સુનાવણી કરી હતી. ભાજપના નેતા અને વકીલ અજય કે. અગ્રવાલે હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. તેમણે કોર્ટ સમક્ષ સ્વર્ગસ્થ શ્રીચંદ પી. હિંદુજા અને ગોપીચંદ પી. હિંદુજાના નામ કેસમાંથી હટાવવા માટે ચાર અઠવાડિયાનો સમય માંગ્યો હતો.જોકે, સુપ્રીમ કોર્ટે આ મામલે કડક વલણ અપનાવતા સવાલ કર્યો હતો કે, 'હિંદુજા બંધુઓ અને સીબીઆઈને લઈને આ બધું શું ચાલી રહ્યું છે? જ્યારે હાઈકોર્ટ દ્વારા તમામ કાર્યવાહી પહેલેથી જ રદ કરી દેવામાં આવી છે, તો પછી હવે આ અરજીનો શું અર્થ છે? આ વાતને કેટલાય વર્ષો વીતી ગયા છે.' આમ કહીને કોર્ટે કેસની સુનાવણી આગળ ટાળવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો અને આ અરજીને ફગાવી દીધી હતી.

## 187 કરોડ ખર્ચ્યા

# PM મોદીએ 2025 માં 23 દેશોની મુલાકાત

(એજન્સી) નવી દિલ્હી | તા 07

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની 2021 થી 2024 સુધીની વિદેશ યાત્રાઓ પાછળ કુલ 295 કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. જેમાં ફ્રાન્સની મુલાકાત 25 કરોડ સાથે સૌથી મોંઘી રહી હતી. મોદીએ કુલ 23 દેશોની મુલાકાત લીધી હતી, જેનાથી 381 અબજ ડોલરનું વિદેશી રોકાણ આવ્યું.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2025માં અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, ચીન, જાપાન સહિત 23 દેશોની મુલાકાત કરી હતી. આ મુલાકાતો પાછળ 2025માં 187 કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો. કેન્દ્ર સરકારે જ વડાપ્રધાન મોદીની વિદેશયાત્રાની વિગતો જાહેર કરી હતી ને સાથે સાથે 2011 થી 2013 સુધી પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહની અમુક વિદેશયાત્રાનો ડેટા પણ આપ્યો હતો. કેન્દ્ર સરકારે 2021 થી 2025 સુધીમાં



થયેલી મોદીની વિદેશયાત્રાની જાણકારી શેર કરી હતી.રાજ્યસભામાં લેખિત સવાલના જવાબમાં આપવામાં આવેલી જાણકારી પ્રમાણે 2025માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 23 દેશોની યાત્રા કરી હતી. જેમાં અમેરિકા, બ્રિટન, જાપાન, ફ્રાન્સ, ચીન ઉપરાંત શ્રીલંકા, થાઈલેન્ડ, મોરેસિયસ, જોર્ડન, ઓમાન જેવા દેશોનો સમાવેશ થતો હતો. ફ્રાન્સની યાત્રા પાછળ સૌથી વધુ 25 કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો. મોદીની અમેરિકા યાત્રા ભારત સરકારને 1654 કરોડ રૂપિયામાં પડી હતી. તો સાઉદીની યાત્રાનો ખર્ચ 15 કરોડ થયો હતો. ચીનની મુલાકાત પાછળ 10 કરોડ અને બ્રિટનની મુલાકાતમાં 9 કરોડનો ખર્ચ થયો હતો. 2021 થી 2025 સુધીમાં વડાપ્રધાન મોદીની વિદેશયાત્રાઓ પાછળ કુલ ૨૯૫ કરોડ રૂપિયા ખર્ચાયા હતા. 2021માં 36 કરોડ, 2022માં 55 કરોડ, 2023માં 93 કરોડ, 2024માં 109 કરોડ રૂપિયાનો ખર્ચ મોદીની વિદેશયાત્રા પાછળ થયો હતો. 2024માં મોદીએ રશિયા, યુક્રેન સહિત 16દેશોની યાત્રા કરી હતી.કેન્દ્ર સરકારે આ ડેટાની સાથે 2011માં મનમોહન સિંહ વડાપ્રધાન હતા ત્યારે અમેરિકાની એક મુલાકાત પાછળ 10 કરોડ, રશિયાની એક મુલાકાત પાછળ 2013 માં 9.95 કરોડ, એ જ વર્ષે જર્મનીના પ્રવાસ માટે 6 કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો.

### મોદીએ TMC-ઉદ્ધવ જૂથના બળવાખોર સાંસદો સાથે મીટિંગ કરી:ઘરે 45 સાંસદો સાથે બેઠક કરી

નવી દિલ્હી | સંસદના ચોમાસુ સત્રમાં ચાલી રહેલા હોબાળા વચ્ચે પીએમ મોદીએ NDAના નવા લોકસભા સાંસદો સાથે શુક્રવારે બ્રેકફાસ્ટ મીટિંગ કરી. આ બેઠક પીએમ આવાસમાં થઈ. તેમાં લગભગ 45 સાંસદો સામેલ થયા, જેમાં TMC અને ઉદ્ધવ જૂથના બળવાખોર સાંસદો પણ હતા. મમતાની પાર્ટી TMCનો સાથ છોડીને 20 બળવાખોર સાંસદો નેશનલ સિટીઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા (NCPI) માં સામેલ થઈ ગયા હતા. જ્યારે શિવસેના (ઉદ્ધવ જૂથ) ના 6 સાંસદો પણ શિંદે જૂથ સાથે આવી ગયા છે. મીડિયા રિપોર્ટ અનુસાર પીએમએ સાંસદોને સંબોધન કરતા કહ્યું કે NDA એક પરિવાર છે. અમે સહયોગી પક્ષો સાથે છીએ. દરેક વ્યક્તિનું સન્માન કરવામાં આવશે. હું NDAના દરેક સાંસદ સાથે ઊભો છું. તમારે કોઈ વિશે ચિંતા કરવાની જરૂર નથી.સંસદ લોકશાહીનું સૌથી મોટું મંદિર છે. અહીં ચર્ચા થવી જોઈએ અને કાર્યવાહી સુચારુ રૂપે ચાલવી જોઈએ.

### ઝેપ્ટો, ઈન્ડિગો, ફિઝિક્સવાલા, બુક માય શો જેવી 9 એપ્સને 20 લાખનો દંડ

નવી દિલ્હી : કેન્દ્ર સરકારી એજન્સી સેન્ટ્રલ કન્ઝ્યૂમર પ્રોટેક્શન ઓથોરિટી (સીસીપીએ)એ ડાર્ક પેટર્ન ધ્યાનમાં આવતા નવ એપ્સ સામે પગલાં ભર્યા છે. ડાર્ક પેટર્ન એટલે એવી ચાલાકી કે જેમાં ગ્રાહકને ઓરિજિનલ ભાવ કંઈક જુદો બતાવે ને પછી પેમેન્ટ કરીએ ત્યારે ખબર પણ ન પડે એ રીતે વધારાના ચાર્જ વસૂલી લેવામાં આવે છે. એપમાં ભ્રામક દાવો કરીને ગ્રાહક સાથે થતી આવી છેતરપિંડીને ડાર્ક પેટર્ન કહેવામાં આવે છે. હવે દેશમાં આવું કરનારી એપ્સને દંડ થયો છે.કેન્દ્ર સરકારની સ્ટેચ્યૂટરી બોડી સેન્ટ્રાલ કન્ઝ્યૂમર પ્રોટેક્શન ઓથોરિટીએ ઝેપ્ટો, બુક માય શો, ઈન્ડિગો,




ફિઝિક્સવાલા, ફર્સ્ટક્રાય, અનુજ જિંદાલ, ફાર્માઈઝી, સ્પાઈસજેટ, મેકફી - એમ નવ એપ્સને ૨૦ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.ઝેપ્ટોને સાત લાખ રૂપિયાનો દંડ થયો હતો. ફિઝિક્સવાલાને પાંચ લાખની પેનલ્ટી ભરવી પડશે. ડાર્ક પેટર્નની એક્ટિવિટી બદલ આ એપ્સને એક લાખ રૂપિયાથી માંડીને મેક્સિમમ ૧૦ લાખ રૂપિયા સુધીનો દંડ થયો છે.

### 'સુધારા' માટે જેન-ઝીનું આંદોલન જરૂરી હતું : ભાગવત

મુંબઈ : નીટ પેપર લીકના વિરોધમાં અને શિક્ષણમાં સુધારા માટે જેન-ઝીના આંદોલનનું સમર્થન કરતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે કહ્યું કે, વિદ્યાર્થીઓ આંદોલન કરે એટલે તેઓ દેશદ્રોહી બની જતા નથી. સિસ્ટમમાં સુધારા માટે જેન-ઝીનું આંદોલન જરૂરી હતું. લોકતંત્રમાં પોતાની વાત રજૂ કરવા માટે આંદોલન પણ સંવાદની એક રીત છે. જેન-ઝી અને જેન-આલ્ફાને ખોટી દૃષ્ટિથી જોવા જોઈએ નહીં. નવી પેઢી દેશભક્તિ અને સેવાના મૂલ્યો સમજે છે તથા વર્તમાન પેઢી કરતાં વધુ પ્રમાણિક છે.નીટ પેપર લીકના વિરોધમાં જંતર-મંતર પર જેન-ઝીના આંદોલને ધર્મેન્દ્ર પ્રધાનને શિક્ષણ મંત્રીપદેથી રાજીનામું આપવાની ફરજ પડી હતી. ત્યાર પછી વડાપ્રધાન મોદીએ જેન-ઝી સાથે સંવાદ શરૂ કર્યો છે. આ જ શ્રેણીમાં હવે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે પણ ગુરુવારે જેન-ઝી અને જેન-આલ્ફા સાથે સંવાદ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

તેમણે કહ્યું કે, જેન-ઝી વિરોધ કરી રહ્યા છે તો તેઓ રાષ્ટ્ર-વિરોધી નથી. તેઓ આપણા જ લોકો છે. આપણી



આગામી પેઢી છે. મારે આંખ બંધ કરીને કોઈના પર વિશ્વાસ કરવો હોય તો હું જેન-ઝી પર વિશ્વાસ કરીશ. મને લાગે છે કે જેન-ઝી અને જેન-આલ્ફા આપણી વર્તમાન પેઢી કરતાં વધુ પ્રમાણિક, દેશભક્ત છે અને સેવાની સાચી અપીલ તેમના પર અસર કરે છે. આરએસએસના સરસંઘચાલકેકહ્યું કે હાલમાં જેન-ઝીએ જે ફરિયાદ કરી તે યોગ્ય છે. દેશની શિક્ષણ વ્યવસ્થામાં ઘણા સુધારા કરવાની જરૂર છે. આ સુધારા નથી થઈ રહ્યા એટલે વિદ્યાર્થીઓએ આંદોલન કરવું પડયું છે. આંદોલન ડાયલોગની જ એક રીત છે.

### દેશમાં ગૂગલના 15 અબજ ડોલરના ડેટા સેન્ટર સામે વિરોધ

નવી દિલ્હી : ગૂગલ ૧૫ અબજ ડોલરના માતબર રોકાણથી આંધ્રપ્રદેશમાં એઆઈ ડેટા સેન્ટર બનાવશે. એ માટે આંધ્રપ્રદેશની પહાડીઓ કાપવામાં આવતી હોવાનો દાવો થતાં લોકોમાં રોષ ઉઠયો છે. આ એઆઈ ડેટા સેન્ટરથી આંધ્રપ્રદેશમાં પાણી અને વીજળીની અછત સર્જાશે એવી પર્યાવરણવિદોની ચેતવણીથી લોકોએ ડેટા સેન્ટરનો વિરોધ શરૂ કર્યો છે. આ મામલે પર્યાવરણની સંસ્થાઓ કોર્ટમાં પહોંચી જતાં મામલો કોર્ટ કેસમાં અટવાય તેવી શક્યતા છે. વિશાખાપટ્ટનમ્માં લોકોએ રેલી યોજી હતી ને દેખાવો કર્યા હતા.આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ્માં ગૂગલ ૧૫ અબજ ડોલરના રોકાણથી ડેટા સેન્ટર બનાવશે. જ્યાં ગૂગલનું ડેટા સેન્ટર બનવાનું છે ત્યાં એક પહાડી કોતરીને જગ્યા સપાટ કરવામાં આવી રહી છે. એ દરમિયાન હવે સ્થાનિક લોકોમાં ડેટા સેન્ટર સામે વિરોધ શરૂ થયો છે. વિશાખાપટ્ટનમમાં લોકોએ રેલી કાઢીને ડેટા સેન્ટરનો વિરોધ કર્યો હતો. પર્યાવરણવિદોએ પાણી અને વીજળીની અછત સર્જાશે તેવી ભીતિ વ્યક્ત કર્યા પછી ગૂગલના ડેટા સેન્ટર સામે



હાઈકોર્ટમાં પણ અરજી થઈ હતી. એક સામાજિક સંસ્થાએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. એ સંદર્ભમાં હાઈકોર્ટે રાજ્ય સરકાર પાસે જવાબ માંગ્યો છે. હવે આખાય મુદ્દે કોર્ટમાં અરજી થઈ હોવાથી ગૂગલના ડેટા સેન્ટર સામે અવરોધ ખડા થાય તેવી શક્યતા છે. અરજદારની દલીલ છે કે શહેરને જે જળાશયોમાંથી પાણી મળે છે એની ક્ષમતાના પ્રમાણમાં શહેરમાં ૨૫ લાખ લોકોને પાણી ઘટી પડે છે. જો ડેટા સેન્ટરને પાણી આપવાનું થશે તો ગંભીર અછતનો સામનો કરવો પડશે.

# મનસુખ વસાવાના જુનારાજ ગામમાં કમર સુધીના ખાડા

## ગામના 3,500થી 4000 લોકો હેરાન પરેશાન: નિરંજન વસાવા AAP

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી અને નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવાએ એક વિડીયોના માધ્યમથી અત્યંત ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આ સાંસદ મનસુખ વસાવાનું જુનારાજ ગામ છે. અહીંયા રોડ પર કમર સુધીના ખાડા છે. આ જુનારાજથી લઈને કરજણ ડેમ સુધીનો રોડ છે, અહીંયાથી બાઈક પણ પસાર થાય એવી પરિસ્થિતિ નથી. આ ગામની 3500થી 4000ની વસ્તી છે અને લોકોને આ ખરાબ રોડના કારણે ખૂબ જ હાલાકી ભોગવવી પડી રહી છે. સાંસદ મનસુખ વસાવા આ વિસ્તારમાં બે વખત ધારાસભ્ય પણ બની ચૂક્યા છે. તેઓ પોતાના ગામમાં પણ રસ્તો નથી બનાવી શકતા. બે-ત્રણ દિવસ અગાઉ તેઓ મુલાકાત લેવા માટે આ વિસ્તારમાં આવ્યા હતા પરંતુ એમણે અધવચ્ચે અહીંયા ઊભું રહી જવું પડ્યું હતું. એમની સાથે ધારાસભ્ય પણ આવ્યા હતા અને ગ્રામજનો પર આક્ષેપબાજી કરી રહ્યા હતા કે "ગામના બે ત્રણ આગેવાનો રાક્ષસ છે" ચૈતરભાઈ વસાવા આ ગામના ભાણીયા છે અને ગત વર્ષે ધારાસભ્ય ચૈતર વસાવાએ જુનારાજથી લઈને રાજપીપળા સુધી આ પરિસ્થિતિ મુદ્દે પદયાત્રા કરી હતી. ફોરેસ્ટ કર્મચારીઓ સમક્ષ રજૂઆત કરી, જિલ્લા સંકલન



અને વિધાનસભામાં પણ રજૂઆત કરી ત્યારબાદ આ રસ્તાનું કામ ગોકળ ગતિએ ચાલુ થયું.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા નિરંજન વસાવાએ જણાવ્યું હતું કે, એક સાંસદ અહીંયા પોતાના ગામમાં રસ્તા પર નથી બનાવી શકતા અને ગામના સામાન્ય લોકોને રાક્ષસ ગણાવે છે. આ વિસ્તાર માટે જે આગેવાનો લડત લડે છે એ સાંસદને ગમતું નથી તો હું એમને કહેવા માગું છું કે તમે ખૂબ જ ફાંકા ફોજદારી કરો છો અને મોટી મોટી વાતો કરો છો પરંતુ તમે આ ગામનો રસ્તો જુઓ. આ ગામમાં એકથી આઠ ધોરણની સ્કૂલ છે પણ અહીંયા બાળકો 10 કે 12ની એક્ઝામ નથી આપી શકતા કે કોલેજ પણ નથી જઈ શકતા. કારણ કે આ રસ્તામાં ટુ-વ્હીલર કે ફોર-વ્હીલર વાહન પસાર થઈ શકે એમ નથી. કોઈને હોસ્પિટલ જવું હોય તો ઝોળીમાં નાખીને લઈ જવા પડે છે અને એના કારણે લોકો મૃત્યુ પણ પામે છે. અહીંયા સવાલ પેદા થાય છે કે શું આ જ આપણું ગુજરાત મોડલ છે? અમારી ટીમ દ્વારા જિલ્લા પ્રશાસનને રજૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ જિલ્લા પ્રમુખે જેસીબી મોકલ્યું છે અને હાલ અહીંયા ગ્રામજનો અને ગામના આગેવાનો ઉપસ્થિત છે અને માટી નાખીને આ રસ્તાને ભરાવી રહ્યા છીએ.

# CCTV ફૂટેજની મદદથી વંદે ભારત એક્સપ્રેસ પર પથ્થરમારો કરનાર આરોપીની ધરપકડ

વડોદરા | વંદે ભારત એક્સપ્રેસ ભારતીય રેલવેની આધુનિક, સેમી હાઈ-સ્પીડ તેમજ અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ પ્રીમિયમ ટ્રેનોમાંની એક છે. આ ટ્રેન મુસાફરોને સુરક્ષિત, આરામદાયક અને સમયબદ્ધ મુસાફરી પૂરી પાડવાના હેતુથી સંચાલિત કરવામાં આવે છે. આવી પ્રતિષ્ઠિત ટ્રેન પર પથ્થરમારા જેવી ઘટનાઓ માત્ર રેલવે સંપત્તિને નુકસાન પહોંચાડતી નથી, પરંતુ મુસાફરોની સુરક્ષા માટે પણ ગંભીર જોખમ ઊભું કરે છે. વડોદરા મંડળના રેલવે સુરક્ષા દળે આવી ઘટનાઓ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાની નીતિ અપનાવતા ટેકનિકલ મદદથી ટ્રેન નંબર 20902 ગાંધીનગર કેપિટલ-મુંબઈ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન પર પથ્થરમારો કરનાર આરોપીની ધરપકડ કરી છે.પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરવામાં આવેલી એક પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર, તા. 4 ઓગસ્ટના રોજ ગાંધીનગર કેપિટલથી મુંબઈ માટે રવાના થયેલી વંદે ભારત એક્સપ્રેસના કોચ C-6ની સીટ નંબર 63-64 પાસે વડોદરા મંડળના ગોઠાગામ અને કોસાડ સ્ટેશનો વચ્ચે કોઈ અજાણ્યા વ્યક્તિ દ્વારા પથ્થર ફેંકવાની ઘટના બની હતી, જેના કારણે કોચની બારીનો કાચ ક્ષતિગ્રસ્ત થયો હતો. આ અંગે વડોદરા મંડળના રેલવે સુરક્ષા દળની અંકલેશ્વર પોસ્ટ ખાતે કેસ નોંધવામાં આવ્યો હતો અને તપાસ શરૂ કરવામાં આવી હતી. રેલવે સુરક્ષા દળ દ્વારા તપાસ દરમિયાન મેળવવામાં આવેલા CCTV ફૂટેજમાં રેલવે ટ્રેક નજીક કાળા રંગનું શર્ટ પહેરેલો એક શંકાસ્પદ વ્યક્તિ દેખાયો હતો.

# સુરતમાં આમ આદમી પાર્ટીનું ઈ-20 પેટ્રોલ મુદ્દે જાગૃતિ અભિયાન, 9 ઓગસ્ટે યોજાશે કાર્યક્રમ : ધર્મેશ ભંડેરી



અમદાવાદ | સુરતમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ રામભાઈ ધડુક, પ્રદેશ સંગઠન મંત્રી ધર્મેશ ભંડેરી અને સુરત લોકસભા ઈન્ચાર્જ રજનીકાંત વાઘાણીએ પત્રકાર પરિષદ યોજી હતી. આ તકે આપના પ્રદેશ સંગઠન મંત્રી ધર્મેશ ભંડેરીએ જણાવ્યું હતું કે, આખા દેશની અંદર ભાજપની કેન્દ્ર સરકાર દ્વારા લોકોની ગાડીઓમાં ભરાતા પેટ્રોલમાં તેમની ઈચ્છા વિરુદ્ધ ઈથેનોલ મિશ્રિત કરવામાં આવી રહ્યું છે. આ મુદ્દે લોકોને જાગૃત કરવા માટે આમ આદમી પાર્ટી દ્વારા દેશવ્યાપી જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ગત 1 ઓગસ્ટના રોજ દિલ્હીના ટાઉન હોલમાં આ મુદ્દે જાગૃતિ કાર્યક્રમ આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. તે જ પ્રકારનો કાર્યક્રમ હવે ગુજરાતમાં, સુરત શહેરમાં આગામી 9 ઓગસ્ટે સવારે 10 વાગ્યે યોજાશે. આ કાર્યક્રમ આમ આદમી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવી, રાષ્ટ્રીય જોઈન્ટ સેક્રેટરી ગોપાલ ઈટાલિયા અને ગુજરાત સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયાની અધ્યક્ષતામાં યોજાશે. ધર્મેશ ભંડેરીએ જણાવ્યું કે, ઈ-20 પેટ્રોલમાં 20 ટકા ઈથેનોલ મિશ્રિત કરવામાં આવે છે, જેના કારણે વાહનોને કેટલું નુકસાન થાય છે, લોકોને આર્થિક રીતે શું નુકસાન ભોગવવું પડે છે અને આ સમગ્ર પ્રક્રિયા પાછળ ભાજપ સરકારની શું ભૂમિકા છે, તે અંગે લોકોને વિસ્તૃત માહિતી આપવામાં આવશે. આમ આદમી પાર્ટીની સુરત શહેર ટીમ દ્વારા શહેરના તમામ જાગૃત નાગરિકોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યું છે. કાર્યક્રમ આગામી 9 ઓગસ્ટ, રવિવારે સવારે 10 વાગ્યે સરથાણા કોમ્યુનિટી હોલ, એબીસી સર્કલ પાસે, સરથાણા જગતનાકા ખાતે યોજાશે. તેમણે જણાવ્યું કે, આ એક સંપૂર્ણ એજ્યુકેશનલ અને જનજાગૃતિનો કાર્યક્રમ છે. રાજકીય મતભેદોથી પર રહીને લોકો ઈ-20 પેટ્રોલમાં મિશ્રિત થતા ઈથેનોલ અંગે સાચી માહિતી મેળવી શકે અને તેનાથી થનારા સંભવિત નુકસાનને સમજી શકે તે માટે આ આયોજન કરવામાં આવ્યું છે. આમ આદમી પાર્ટી દ્વારા સુરત શહેરના તમામ નાગરિકો તેમજ અખબારોના માધ્યમથી પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ગણપતિ ઉત્સવ દરમિયાન પશ્ચિમ રેલ્વે વિવિધ સ્થળોએ ખાસ ટ્રેનો ચલાવશે

પશ્ચિમ રેલ્વે

પશ્ચિમ રેલ્વેના જનસંપર્ક વિભાગ દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે: 1. ટ્રેન નંબર 09013/09014 મુંબઈ સેન્ટ્રલ-ઠોકર-મુંબઈ સેન્ટ્રલ સાપ્તાહિક વિશેષ [02 ટ્રિપ્સ] ટ્રેન નંબર 09013 મુંબઈ સેન્ટ્રલ-ઠોકર વિશેષ મંગળવાર, 15 સપ્ટેમ્બર, 2026 ના રોજ સવારે 10:45 વાગ્યે મુંબઈ સેન્ટ્રલથી ઉપડશે અને બીજા દિવસે સવારે 08:50 વાગ્યે ઠોકર પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 09014 ઠોકુર-મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ 16 સપ્ટેમ્બર, 2026, બુધવારના રોજ ઠોકુરથી સવારે 11:00 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે 07:40 વાગ્યે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. ટ્રેન બોરીવલી, વસઈ રોડ, ભિવંડી રોડ, પનવેલ, પેન, રોહા, માનગાંવ, વીર, ખેડ, ચિપલુણ, સંગમેશ્વર રોડ, રત્નાગિરિ, રાજાપુર રોડ, વૈભવવાડી રોડ, કંકાવલી, સિંધુદુર્ગ, કુડાલ, સાવંતવાડી રોડ, થીવિમ, કરમાલી, મડગાંવ, કારવાર, ગોકર્ણ રોડ, કુમતા, મુરુડેશ્વર, મુકામ્બિકા રોડ, બૈંદુર, કુંડાપુરા, ઉડુપી, મુલ્કી અને સુરથકલ સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે.આ ટ્રેનમાં એસી 3-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.2. ટ્રેન નં. 09019/09020 મુંબઈ સેન્ટ્રલ-સાવંતવાડી રોડ-મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ (અઠવાડિયામાં 4 દિવસ) [16 ટ્રિપ્સ] ટ્રેન નં. 09019 મુંબઈ સેન્ટ્રલ-સાવંતવાડી રોડ સ્પેશિયલ દર બુધવાર, શુક્રવાર, શનિવાર અને રવિવારે સવારે 10:45 વાગ્યે મુંબઈ સેન્ટ્રલથી ઉપડશે અને બીજા દિવસે 02:30 વાગ્યે સાવંતવાડી રોડ પહોંચશે. આ ટ્રેન 11 સપ્ટેમ્બર, 2026 થી 23 સપ્ટેમ્બર, 2026 સુધી ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નં. 09020 સાવંતવાડી રોડ-મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ દર ગુરુવાર, શનિવાર, રવિવાર અને સોમવારે સવારે 04:50 વાગ્યે સાવંતવાડી રોડથી ઉપડશે અને તે જ દિવસે રાત્રે 20:10 વાગ્યે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. આ ટ્રેન ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ થી ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી દોડશે.આ ટ્રેન બોરીવલી, વસઈ રોડ, ભિવંડી રોડ, પનવેલ, પેન, રોહા, માનગાંવ, વીર, કરંજડી, ખેડ, ચિપલુણ, સાવરદા, અરવલ્લી રોડ, સંગમેશ્વર રોડ, રત્નાગિરિ, અડાવલી, વિલાવડે, રાજાપુર રોડ, વૈભવવાડી રોડ, નંદગાંવ રોડ, કંકાવલી, સિંધુદુર્ગ, કુડાલ અને જરપ સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે.આ ટ્રેનમાં એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.૩. ટ્રેન નં. ૦૯૦૩૫/૦૯૦૩૬ બાંદ્રા ટર્મિનસ-રત્નાગિરી-બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક અનરિઝર્વ્ડ સ્પેશિયલ [૦૪ ટ્રિપ્સ] ટ્રેન નં. ૦૯૦૩૫ બાંદ્રા ટર્મિનસ-રત્નાગિરી અનરિઝર્વ્ડ સ્પેશિયલ દર ગુરુવારે બાંદ્રા ટર્મિનસથી બપોરે ૧:૨૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૦૦:૩૦ વાગ્યે રત્નાગિરી પહોંચશે. આ ટ્રેન ૧૭ સપ્ટેમ્બર અને ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ દોડશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૦૩૬ રત્નાગિરી-બાંદ્રા ટર્મિનસ અનરિઝર્વ્ડ સ્પેશિયલ દર શુક્રવારે રત્નાગિરીથી બપોરે ૧:૩૦ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે બપોરે ૧૨:૩૦ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન ૧૮ સપ્ટેમ્બર અને ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ દોડશે.આ ટ્રેન બંને દિશામાં બોરીવલી, વસઈ રોડ, ભિવંડી રોડ, પનવેલ, પેન, રોહા, માનગાંવ, વીર, ખેડ, ચિપલુણ, સાવરદા, અરવલી રોડ અને સંગમેશ્વર રોડ સ્ટેશનો પર રોકાશે.આ ટ્રેનમાં જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.૪. ટ્રેન નં. ૦૯૦૩૦/૦૯૦૨૯ વલસાડ-રત્નાગિરી-વલસાડ સાપ્તાહિક સ્પેશિયલ [૦૨ ટ્રિપ્સ] ટ્રેન નં. ૦૯૦૩૦ વલસાડ-રત્નાગિરી સ્પેશિયલ ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સોમવારના રોજ વલસાડથી બપોરે ૨:૫૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૦૨:૩૦ વાગ્યે રત્નાગિરી પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 09029 રત્નાગિરી-વલસાડ સ્પેશિયલ મંગળવાર, 15 સપ્ટેમ્બર, 2026 ના રોજ રત્નાગિરીથી 03:10 વાગ્યે ઉપડશે અને તે જ દિવસે 16:15 વાગ્યે વલસાડ પહોંચશે.આ ટ્રેન વાપી, દહાણુ રોડ, પાલઘર, વસઈ રોડ, ભિવંડી રોડ, પનવેલ, પેન, રોહા, માનગાંવ, વીર, ખેડ, ચિપલુણ, સાવરદા, અરવલ્લી રોડ અને સંગમેશ્વર રોડ સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે.આ ટ્રેનમાં એસી 3-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.૫. ટ્રેન નં. ૦૯૦૨૨/૦૯૦૨૧ ઉધના-રત્નાગિરી-ઉધના સાપ્તાહિક વિશેષ [૦૪ ટ્રિપ્સ] ટ્રેન નં. ૦૯૦૨૨ ઉધના-રત્નાગિરી વિશેષ દર ગુરુવારે ઉધનાથી ૦૮:૦૫ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે ૨૦:૦૦ વાગ્યે રત્નાગિરી પહોંચશે. આ ટ્રેન ૧૭ સપ્ટેમ્બર અને ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ દોડશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૦૨૧ રત્નાગિરી-ઉધના વિશેષ દર ગુરુવારે રત્નાગિરીથી ૨૧:૦૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૧૦:૨૦ વાગ્યે ઉધના પહોંચશે. આ ટ્રેન ૧૭ સપ્ટેમ્બર અને ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ દોડશે.આ ટ્રેન વલસાડ, વાપી, દહાણુ રોડ, પાલઘર, વસઈ રોડ, ભિવંડી રોડ, પનવેલ, પેન, રોહા, માનગાંવ, વીર, ખેડ, ચિપલુણ અને સંગમેશ્વર રોડ સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે.આ ટ્રેનમાં એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.૬. ટ્રેન નં. ૦૯૧૧૪/૦૯૧૧૩ વડોદરા-રત્નાગિરી-વડોદરા સાપ્તાહિક સ્પેશિયલ [૦૨ ટ્રિપ્સ] ટ્રેન નં. ૦૯૧૧૪ વડોદરા-રત્નાગિરી સ્પેશિયલ મંગળવાર, ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૧૫ વાગ્યે વડોદરાથી ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૦:૩૦ વાગ્યે રત્નાગિરી પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૧૧૩ રત્નાગિરી-વડોદરા સ્પેશિયલ ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬, બુધવારના રોજ ૦૧:૩૦ વાગ્યે રત્નાગિરીથી ઉપડશે અને તે જ દિવસે ૫:૩૦ વાગ્યે વડોદરા પહોંચશે.આ ટ્રેન ભરૂચ, સુરત, વલસાડ, વાપી, પાલઘર, વસઈ રોડ, ભિવંડી રોડ, પનવેલ, પેન, રોહા, માનગાંવ, વીર, કરંજડી, ખેડ, ચિપલુણ, સાવર્ડા, અરવલ્લી રોડ અને સંગમેશ્વર રોડ સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે.આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, એસી ૩-ટાયર ઈકોનોમી, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે. ૭. ટ્રેન નં. ૦૯૧૧૦/૦૯૧૦૯ વિશ્વામિત્રી-રત્નાગિરી-વિશ્વ વિશ્વામિત્રી દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ [08 ટ્રિપ્સ] ટ્રેન નં. 09110 વિશ્વામિત્રી-રત્નાગિરી સ્પેશિયલ દર બુધવાર અને શનિવારે સવારે 10:00 વાગ્યે વિશ્વામિત્રીથી ઉપડશે અને બીજા દિવસે સવારે 00:30 વાગ્યે રત્નાગિરી પહોંચશે. આ ટ્રેન 12 સપ્ટેમ્બર, 2026 થી 23 સપ્ટેમ્બર, 2026 સુધી ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નં. 09109 રત્નાગિરી-વિશ્વામિત્રી સ્પેશિયલ દર ગુરુવાર અને રવિવારે રાત્રે 01:30 વાગ્યે રત્નાગિરીથી ઉપડશે અને તે જ દિવસે બપોરે 17:30 વાગ્યે વિશ્વામિત્રી પહોંચશે. આ ટ્રેન ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ થી ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી ચાલશે. આ ટ્રેન ભરૂચ, સુરત, વલસાડ, વાપી, દહાણુ રોડ, પાલઘર, વસઈ રોડ, ભિવંડી રોડ, પનવેલ, પેણ, રોહા, માનગાંવ, વીર, ખેડ, ચિપલુણ, સાવરદા, અરવલી રોડ અને સંગમેશ્વર રોડ સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે.આ ટ્રેનમાં એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.૮. ટ્રેન નં. ૦૯૧૨૪/૦૯૧૨૩ વિશ્વામિત્રી-રત્નાગિરી-વિશ્વામિત્રી સાપ્તાહિક સ્પેશિયલ [૦૪ ટ્રિપ્સ] ટ્રેન નં. ૦૯૧૨૪ વિશ્વામિત્રી-રત્નાગિરી સ્પેશિયલ દર સોમવારે ૦૫:૫૫ વાગ્યે વિશ્વામિત્રીથી ઉપડશે અને તે જ દિવસે ૨૦:૦૦ વાગ્યે રત્નાગિરી પહોંચશે. આ ટ્રેન ૧૪ સપ્ટેમ્બર અને ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ દોડશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૧૨૩ રત્નાગિરી-વિશ્વામિત્રી સ્પેશિયલ દર સોમવારે રત્નાગિરીથી રાત્રે ૧૧:૦૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૧૧:૪૫ વાગ્યે વિશ્વામિત્રી પહોંચશે. આ ટ્રેન ૧૪ સપ્ટેમ્બર અને ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ દોડશે.ટ્રેન ભરૂચ, સુરત, વલસાડ, વાપી, દહાણુ રોડ, પાલઘર, વસઈ રોડ, ભિવંડી રોડ, પનવેલ, પેન, રોહા, માનગાંવ, વીર, ખેડ, ચિપલુણ અને સંગમેશ્વર રોડ સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે.આ ટ્રેનમાં એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.09013, 09019, 09030, 09022, 09114, 09110 અને 09124 નંબરની ટ્રેનો માટે બુકિંગ 9 ઓગસ્ટ, 2026 થી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો ખાસ ભાડા પર ખાસ ટ્રેનો તરીકે કાર્યરત રહેશે. ટ્રેનના સમય, સ્ટોપેજ અને રચના વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# સેન્ટ્રલ બેંક ઑફ ઈન્ડિયા દ્વારા કઠવાડા GIDC ખાતે એમએસએમઈ ક્રેડિટ આઉટરીચ કેમ્પનું આયોજન

અમદાવાદ | એમએસએમઈ ક્ષેત્રને બેંકિંગ સેવાઓ સાથે જોડવા તેમજ ઉદ્યોગકારોને વિવિધ લોન યોજનાઓ અંગે માહિતી ઉપલબ્ધ કરાવવાના હેતુથી સેન્ટ્રલ બેંક ઑફ ઈન્ડિયા દ્વારા આજે *કઠવાડા GIDC, અમદાવાદ* ખાતે *એમએસએમઈ ક્રેડિટ આઉટરીચ કેમ્પ*નું આયોજન કરવામાં આવ્યું.આ પ્રસંગે *સેન્ટ્રલ બેંક ઑફ ઈન્ડિયાના કેન્દ્રીય કાર્યાલયના મુખ્ય મહાપ્રબંધક શ્રી અજય ખન્ના, અમદાવાદ અંચલના અંચલ પ્રમુખ શ્રી પ્રમોદ કુમાર મિશ્રા તથા અમદાવાદ ક્ષેત્રના પ્રાદેશિક પ્રમુખ શ્રી ગૌરવ કુમાર જૈન* ઉપસ્થિત રહ્યા અને કાર્યક્રમને સંબોધ્યો. તેમણે જણાવ્યું કે એમએસએમઈ ક્ષેત્ર દેશની અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ સમાન છે અને સેન્ટ્રલ બેંક ઑફ ઈન્ડિયા આ ક્ષેત્રની નાણાકીય જરૂરિયાતો પૂર્ણ કરવા માટે હંમેશા પ્રતિબદ્ધ છે. તેમણે બેંકની વિવિધ એમએસએમઈ લોન યોજનાઓ, સરળ લોન પ્રક્રિયા તેમજ ડિજિટલ બેંકિંગ સેવાઓ અંગે પણ માહિતી આપી.કાર્યક્રમના મુખ્ય અતિથિ *શ્રી નિલય શાહ, ઈન્ટરિમ ચેરમેન, બેન્કિંગ એન્ડ ફાઈનાન્સ કમિટી, GCCI*, એ પોતાના સંબોધનમાં જણાવ્યું કે ઉદ્યોગોના વિકાસ માટે બેંકો અને ઉદ્યોગ જગત વચ્ચે મજબૂત સમન્વય જરૂરી છે. તેમણે ઉદ્યોગકારોને બેંકની વિવિધ યોજનાઓનો વધુમાં વધુ લાભ લેવા અપીલ કરી.કાર્યક્રમમાં *કઠવાડા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ શ્રી જયકલ્પ સી. પટેલ* તથા *સચિવ શ્રી સમીર એ. પટેલ* પણ ઉપસ્થિત રહ્યા. તેમણે સેન્ટ્રલ બેંક ઑફ ઈન્ડિયાની આ પહેલની પ્રશંસા કરતાં જણાવ્યું કે આવા કાર્યક્રમો સ્થાનિક ઉદ્યોગકારોને બેંકની વિવિધ લોન યોજનાઓ અને બેંકિંગ સેવાઓ અંગે વિસ્તૃત માહિતી પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.કેમ્પ દરમિયાન બેંકના અધિકારીઓએ એમએસએમઈ ક્ષેત્ર માટે ઉપલબ્ધ વિવિધ લોન યોજનાઓ, વર્કિંગ કેપિટલ, ટર્મ લોન, મશીનરી ફાઈનાન્સ, ડિજિટલ બેંકિંગ સેવાઓ તથા અન્ય બેંકિંગ સુવિધાઓ અંગે વિગતવાર માહિતી આપી. *આ કેમ્પ દરમિયાન અંદાજે 180 કરોડના બિઝનેસ લીડ્સ પ્રાપ્ત થયા તેમજ આશરે 86 કરોડની લોન મંજૂર કરવામાં આવી.* સાથે જ ઉપસ્થિત ઉદ્યોગકારોના બેંકિંગ સંબંધિત પ્રશ્નોનું પણ નિરાકરણ કરવામાં આવ્યું.



# કોબા કેનાલ પર 12 લેનનો બ્રિજ બનાવવાની યોજના...



ગાંધીનગર । ગાંધીનગરમાં કોબા તરફની કેનાલ પર હાલનો માર્ગ 6 લેનનો હોવાથી વાહનોની અવરજવરમાં બોટલનેક જેવી સ્થિતિ સર્જાય છે. તેને દૂર કરવા માટે કોબા કેનાલ પરના બ્રિજને 12 લેન સુધી કરવાની યોજના હાથ ધરવામાં આવી રહી છે. આ કામ પૂર્ણ થયા બાદ કેનાલ પરનો ટ્રાફિક વધુ સરળતાથી પસાર થઈ શકશે. હાલમાં કેનાલ કેબલ-સ્ટેઈડ બ્રિજ 6 લેનનો છે, જ્યારે તેની સાથેની સર્વિસ રોડ પણ 6 લેનની છે. આમ કુલ મળીને 12 લેનની વ્યવસ્થા છે, પરંતુ કેનાલનો મુખ્ય ક્રોસિંગ માર્ગ 6 લેનનો હોવાથી અહીં વાહનોનો પ્રવાહ સંકોચાઈ જાય છે અને ટ્રાફિકનું દબાણ વધે છે.

આ બોટલનેક દૂર કરવા માટે કેનાલને 12 લેનની જરૂરિયાત મુજબ વિકસાવવાની તૈયારી છે. આ માટે પોન્ટૂન સ્ટ્રક્ચર (Pontoon Structure) જેવી ટેક્નિકનો ઉપયોગ કરવામાં આવશે. કામ દરમિયાન પાણીની અંદર જરૂરી મશીનરી ઊભી રહી શકે અને બાંધકામની કામગીરી સરળતાથી થઈ શકે તે રીતે સ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવશે. પોન્ટૂન સ્ટ્રક્ચર એટલે પાણી પર તરતા અથવા પાણીમાં સ્થિર રાખવામાં આવતા પ્લેટફોર્મ/માળખાની મદદથી બનાવવામાં આવતી.

# NEWS BRIEF

## ધંધુકા સિંચાઈ કૌભાંડ : નબળી પાઈપ, અધૂરાં કામ છતાં કરોડો ચૂકવાયા

અમદાવાદ | અમદાવાદ જિલ્લાના ધંધુકા વિસ્તારના 32 ગામોની આશરે 30 હજાર હેક્ટર જમીનને સિંચાઈનો લાભ આપવા ભૂગર્ભમાં પાઈપલાઈન નાંખવામાં આવી રહી છે.

આ સિંચાઈ પ્રોજેક્ટમાં મોટું મોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો ઘટસ્ફોટ થયો છે. વલ્લભીપુર બ્રાન્ચ કેનાલ અને ભૂગર્ભ પાઈપલાઈનના કામોમાં જાહેર નાણાંની સુનિયોજિત લૂંટ ચલાવવામાં આવી છે. કેગના તાજેતરના ઓડિટ અહેવાલમાં આ ભ્રષ્ટાચારની પોલ ખુલ્લી પડી છે. આ સમગ્ર પ્રકરણની જવાબદારો સામે પગલાં ભરવા માંગ કરાઈ છે. ટેન્ડરની સ્પષ્ટ શરત મુજબ, 1600 મિ.મી.થી વધુ વ્યાસની પાઈપો માટે 249 ઈંચની મજબૂતાઈ જરૂરી હતી. આમ છતાં, નીતિ-નિયમોને નેવે મૂકીને માત્ર 124 ઈંચની અત્યંત નબળી અને હલકી ગુણવત્તાની પાઈપો ખરીદીને જમીનમાં નાખી દેવામાં આવી હતી. આશ્ચર્યજનક બાબત એ છે કે, આ પ્રોજેક્ટમાં માત્ર 68% કામ જ પૂરું થયું હતું. અંદાજે 25 કરોડનું કામ અધૂરું છોડી દેવાયું હોવા છતાં, 15મી જૂન 2022ના રોજ કોન્ટ્રાક્ટરને કામ પૂર્ણ થઈ ગયું હોવાનું નકલી 'કમ્પ્લીશન સર્ટિફિકેટ' પણ ઈસ્યુ કરી દેવામાં આવ્યું હતું. આક્ષેપો થઈ રહ્યા છે.

નિવૃત્ત અધિકારીઓની આ ગોઠવણના કારણે જ કોન્ટ્રાક્ટરોને ઘી-કેળા થઈ રહ્યા છે અને જનતાની કમાણીના નાણાં વેડફાઈ રહ્યા છે. સરકારની આ બેદરકારીનો ભોગ સ્થાનિક ખેડૂતો બન્યા છે. વરસાદ આધારિત ખેતી કરતા આ વિસ્તારના ખેડૂતોના ખેતરો સુધી પાણી પહોંચાડવાની જગ્યાએ, નબળી પાઈપો તૂટી જવાના કારણે જમીનોમાં પાણી ભરાવાની મોટી સમસ્યાઓ ઊભી થઈ છે.

## સાણંદ અને જખાવાડા વચ્ચે ઓટોમેટિક સિગ્નલિંગ કમિશનિંગ કાર્યને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે

પશ્ચિમ રેલ્વે | અમદાવાદ

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝનના અમદાવાદ-વિરમગામ સેક્શન પર સાણંદ અને જખાવાડા સ્ટેશનો વચ્ચે ઓટોમેટિક સિગ્નલિંગ સિસ્ટમ કાર્યરત થવાને કારણે, 8 ઓગસ્ટ, 2026 ના રોજ બ્લોક લાદવામાં આવ્યો છે, જે કેટલીક ટ્રેનોને અસર કરશે. અસરગ્રસ્ત ટ્રેનોની વિગતો નીચે મુજબ છે: 1. 8 ઓગસ્ટ, 2026 ના રોજ રદ કરાયેલી ટ્રેનો, ટ્રેન નંબર 69186 અમદાવાદ-વિરમગામ પેસેન્જર સંપૂર્ણપણે રદ કરવામાં આવશે. ટ્રેન નંબર 22959/22960 વડોદરા-જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ સંપૂર્ણપણે રદ કરવામાં આવશે. 2. 8 ઓગસ્ટ, 2026 ના રોજ ડાયવર્ટ કરેલા રૂટ પર દોડતી ટ્રેનો, 1. ટ્રેન નં. 19259 તિરુવનંતપુરમ ઉત્તર-ભાવનગર ટર્મિનસ એક્સપ્રેસ અમદાવાદ-વિરમગામના નિર્ધારિત રૂટને બદલે સાબરમતી-ગાંધીગ્રામ-બોટાદ થઈને ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે. 2. ટ્રેન નં. 12756 ભાવનગર ટર્મિનસ-કાકીનાડા એક્સપ્રેસ વિરમગામ-અમદાવાદના નિર્ધારિત રૂટને બદલે બોટાદ-ગાંધીગ્રામ-સાબરમતી થઈને ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે.3. ટ્રેન નં. 11466 જબલપુર-વેરાવળ એક્સપ્રેસ અમદાવાદ-વિરમગામ-સુરેન્દ્રનગરના નિર્ધારિત રૂટને બદલે સાબરમતી-ગાંધીગ્રામ-બોટાદ-વેરાવળ થઈને ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે. ૪. ટ્રેન નં. ૨૨૯૨૬ ઓખા-અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ નિર્ધારિત રૂટ વિરમગામ-અમદાવાદને બદલે વિરમગામ-કટોસણ રોડ-કલોલ-સાબરમતી-અમદાવાદ થઈને ડાયવર્ટ કરેલા રૂટ પરથી દોડશે.૫. ટ્રેન નં. ૯૪૮૦૨ ભુજ-અમદાવાદ નમો ભારત રેપિડ રેલ નિર્ધારિત રૂટ વિરમગામ-અમદાવાદને બદલે વિરમગામ-કટોસણ રોડ-કલોલ-સાબરમતી થઈને ડાયવર્ટ કરેલા રૂટ પરથી દોડશે. ૬. ટ્રેન નં. ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ નિર્ધારિત રૂટ ગાંધીનગર કેપિટલ-ચાંદલોડિયા-વિરમગામને બદલે ગાંધીનગર કેપિટલ-કલોલ-કટોસણ રોડ-વિરમગામ થઈને ડાયવર્ટ કરેલા રૂટ પરથી દોડશે. ૭. ટ્રેન નં. ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ, નિર્ધારિત રૂટ વિરમગામ-ચાંદલોડિયા-ગાંધીનગર કેપિટલને બદલે, વિરમગામ-કટોસણ રોડ-કલોલ-ગાંધીનગર કેપિટલ થઈને ડાયવર્ટ કરેલા રૂટ પરથી દોડશે. ૮. ટ્રેન નં. ૧૧૪૬૫ વેરાવળ-જબલપુર એક્સપ્રેસ, નિર્ધારિત રૂટ વેરાવળ-સુરેન્દ્રનગર-વિરમગામ-અમદાવાદને બદલે, વેરાવળ-બોટાદ-ગાંધીગ્રામ-સાબરમતી-અમદાવાદ થઈને ડાયવર્ટ કરેલા રૂટ પરથી દોડશે. મુસાફરોને વિનંતી છે કે મુસાફરી કરતી વખતે ઉપરોક્ત ફેરફારો ધ્યાનમાં લે. ટ્રેનના સમય, સ્ટોપેજ અને રચના વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## અમદાવાદમાં સીલ મારેલી 60 દુકાનો ખુલશે પણ ફટાકડા નહીં વેચી શકે

અમદાવાદ | અમદાવાદની સરહદ પર ગતરાડ નજીક ફટાકડાની ગેરકાયદે ફેક્ટરીમાં થયેલા બ્લાસ્ટમાં 10 લોકોના મોત થયા હતા. આ ઘટના બાદ મ્યુનિસિપલ શહેરભરમાં તપાસ કરીને અસલામત રીતે ચાલતા ફટાકડાના 60 દુકાન અને ગોડાઉન સીલ કર્યા હતા. પરંતુ ઘટનાના માત્ર 20 દિવસમાં જ આ દુકાનોના સીલ ખોલી આપવાનો નિર્ણય લેવાયો છે. જોકે, જે તે દુકાનમાં વેપારીઓ ફટાકડાનું વેચાણ કરી શકશે નહીં, તેવી શરત રાખવામાં આવી છે. ફટાકડા ફેક્ટરીના બ્લાસ્ટની 18મી જુલાઈની ઘટના બાદ મ્યુનિસિપલના એસ્ટેટ અને ફાયર વિભાગે શહેરભરમાં તપાસ કરીને ગેરકાયદે રીતે અને લોકોના જીવ જોખમાય તેવી રીતે ચાલતા ફટાકડાના 60 દુકાન તથા ગોડાઉન સીલ કરી દીધા હતા. જેને ખોલી આપવા માટે ભાજપના જ નેતાઓ દ્વારા દબાણ શરૂ થતાં આખરે આજે સ્થાયી સમિતિ દ્વારા આ દુકાનો ખોલી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. 10 લોકોના મોતની ઘટનાના માત્ર 20 દિવસમાં જ આ દુકાનોના સીલ ખુલી જશે.

# હથિયાર પરવાનાના નામે ₹15 લાખની ઠગાઈ : કુડાસણમાં જમીનદાર યુવક પાસેથી મિત્રએ પૈસા પડાવ્યા, ખંડણી માટે અપહરણ-મર્ડરની ધમકી મળતા ચાર શખસ સામે ગુનો નોંધાયો

ગાંધીનગરના કુડાસણમાં રહેતા અને કરોડો રૂપિયાની કિંમતી જમીન ધરાવતા એક યુવાન ખેડૂતને સ્વરક્ષણ માટે હથિયાર પરવાનો અપાવવાની લાલચ આપી ઓળખીતા મિત્ર સહિતના ચાર શખસોએ ભેગા મળી 15 લાખની મસમોટી રકમ પડાવી લીધી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આટલેથી ન અટકતા આરોપીઓએ અપહરણ કરી ગોળી મારી જાનથી મારી નાખવાની ધમકી આપી વધુ 4.70 લાખની ખંડણી માંગતા આખરે ઈન્ફોસિટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. કુડાસણ ગામની કેશવ આરાધ્યમ સોસાયટીમાં રહેતા અને મૂળ પોર ગામના વતની 33 વર્ષીય જય રાજેન્દ્રકુમાર પટેલ વડીલોપાર્જિત જમીન ધરાવે છે. તેની કિંમતી જમીન અડાલજ અને પોર ગામની સીમમાં હોવાથી જમીનની કિંમતમાં કરોડોનો ઉછાળો આવ્યો છે. આ જમીન હડપ કરવા ભૂમાફિયાઓ અને અસામાજિક તત્વો અવારનવાર તેના વિરુદ્ધ કાવતરા રચતા હોવાથી તેને પોતાની જાનનું જોખમ જણાતું હતું.

આ અંગે તેણે એપ્રિલ 2026માં તેના મિત્ર કૃષ્ણકાંત પારસનાથસિંહ રાજપૂત (રહે. પાલજ, ગાંધીનગર) સાથે વાતચીત કરી કરી હતી. આ સાંભળી કૃષ્ણકાંત રાજપૂતે એક સુનિયોજિત જાળ બીછાવી હતી. તેણે જય પટેલને વિશ્વાસમાં લેતા કહ્યું હતું કે, તમારા પર વારંવાર હુમલા થવાનો ડર છે અને જાનનું જોખમ છે તેથી તારે સ્વરક્ષણ માટે રિવોલ્વર કે હથિયારનો પરવાનો મેળવી લેવો જોઈએ. બાદમાં કૃષ્ણકાંતે પોતાની સરકારમાં ઉચ્ચ કક્ષાએ પહોંચ અને મોટી ઓળખાણ હોવાનો દાવો કર્યો હતો અને 38 લાખમાં હથિયાર પરવાનો અપાવવાની ખાતરી આપી હતી.

જો કે જય પટેલે આટલી મોટી રકમ આપવાની અસમર્થતા દર્શાવતા મિત્રતાના નાતે 20 લાખમાં કામ પતાવી દેવાનો સોદો નક્કી થયો હતો. સોદો નક્કી થયા બાદ જય પટેલ વિદેશ પ્રવાસે ગયો હતો. દરમિયાન કૃષ્ણકાંતે વોટ્સએપ કોલ કરીને જણાવ્યું હતું કે, સરકારી કચેરીમાં તમામ કામગીરી પૂરી થઈ ગઈ છે અને હવે એડવાન્સ પેટે 15 લાખ રોકડા તથા જરૂરી દસ્તાવેજો આપવા પડશે. જેથી જય પટેલે વિદેશથી જ પોતાના મિત્ર કેયુર સુરેશભાઈ પટેલને નાણાં ચૂકવવા કહ્યું હતું.

7 જુલાઈ, 2026ના રોજ કૃષ્ણકાંતના જણાવ્યા મુજબ તેનો માણસ શ્રવણ મેવાડા (રહે.ગોતા,અમદાવાદ) અને અન્ય એક અજાણ્યો શખ્સ કુડાસણની કંસાર ચોકડીએ આવ્યા હતા. જ્યાં કેયુર પટેલે તેમને 15 લાખ રોકડા આપી દીધા હતા. એ બાદ વિદેશથી પરત આવ્યા બાદ જય પટેલે હથિયારના પરવાના અંગે પૂછપરછ કરતા કૃષ્ણકાંત અને શ્રવણ મેવાડા ગોળગોળ જવાબ આપવા લાગ્યા હતા. જેથી પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતા પૈસા પરત માંગ્યા હતાં. આ વાત સાંભળતા જ બંને શખસોએ ઉશ્કેરાઈ જઈ ફોન પર ગાળો અને ધમકીઓ આપવાનું શરૂ કરી દીધું હતું.



**અન્ય એક શખસે ફોન કરી પૈસા માંગ્યા** ત્યારબાદ આરોપીઓએ જય પટેલના વોટ્સએપ મેસેજ અને કોલનો જવાબ આપવાનું બંધ કરી દીધું હતું. 5 ઓગસ્ટના રોજ જય પટેલના મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી સતત કોલ આવ્યા હતા. ફોન કરનાર વ્યક્તિએ પોતાની ઓળખ નિકોલ (અમદાવાદ)ના અમિત રબારી તરીકે આપી હતી. અમિતે જણાવ્યું કે, મને કૃષ્ણકાંત રાજપૂતે તારો નંબર આપ્યો છે અને તારી પાસેથી મારે 4.70 લાખ લેવાના નીકળે છે. પરંતુ જય પટેલે પૈસા આપવાનો ઈન્કાર કરતા અમિત રબારીએ ગંભીર પરિણામ ભોગવવાની ધમકી આપતા જણાવ્યું હતું કે, જો તું પૈસા નહીં આપે તો તારા ગામ અને ઘરમાં આવીને બંદૂકની ગોળીઓ મારી તને જાનથી મારી નાખીશ.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# બિરસા મુંડા યુનિવર્સિટી ખાતે કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ અંગે કાયદાકીય જાગૃતિ સેમિનાર યોજાયો

## નારી વંદન ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત મહિલા કર્મયોગી દિવસની ઉજવણીમાં વિદ્યાર્થિનીઓને કાયદાકીય હક્કો, સુરક્ષા વ્યવસ્થા અને મહિલા સશક્તિકરણ અંગે માહિતી અપાઈ





(એજન્સી) રાજપીપળા । તા. 07

બેટી બચાવો, બેટી પઢાવો યોજના અંતર્ગત ઉજવાઈ રહેલા નારી વંદન ઉત્સવ-૨૦૨૬ના ભાગરૂપે મહિલા કર્મયોગી દિવસ નિમિત્તે નાંદોદ તાલુકાના જીતનગર સ્થિત બિરસા મુંડા યુનિવર્સિટી ખાતે 'કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી (નિવારણ, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ-૨૦૧૩' વિષયક કાયદાકીય જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં વિદ્યાર્થિનીઓને કામકાજના સ્થળે મહિલાઓની સુરક્ષા, જાતીય સતામણી અધિનિયમ-૨૦૧૩ની મુખ્ય જોગવાઈઓ, મહિલાઓના કાયદાકીય હક્કો, ફરિયાદ નિવારણની પ્રક્રિયા તેમજ મુશ્કેલીના સમયે ઉપલબ્ધ સહાય અને સુરક્ષા વ્યવસ્થા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત, શિક્ષણનું મહત્વ, મહિલા સશક્તિકરણ અને સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી વિવિધ મહિલાલક્ષી યોજનાઓ અંગે પણ માહિતગાર કરવામાં આવ્યા હતાં. સેમિનારના અંતે વિદ્યાર્થિનીઓને પોતાના અધિકારો પ્રત્યે જાગૃત રહી, કોઈપણ પ્રકારની જાતીય સતામણી સામે નિર્ભયતાથી અવાજ ઉઠાવવા તેમજ કાયદાકીય સહાય અને સુરક્ષા વ્યવસ્થાનો અસરકારક ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થિનીઓમાં કાયદાકીય જાગૃતિનો વ્યાપ વધે અને મહિલાઓને સુરક્ષિત, સન્માનજનક તથા સમાન તકો ધરાવતું શૈક્ષણિક અને કાર્યસ્થળનું વાતાવરણ ઉપલબ્ધ બને તેવો સંદેશ આપવામાં આવ્યો હતો.કાર્યક્રમમાં બિરસા મુંડા યુનિવર્સિટીના સ્કૂલ ઓફ આર્ટ્સના આચાર્યશ્રી ડો. ધવલ પંડ્યા, NCC પ્રોગ્રામ ઓફિસરશ્રી પાયલબેન, જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી જે.બી. પરમાર, મહિલા પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રી એમ.એમ. મૌયા, IUCW તથા શી ટીમના મેધનાબેન, સખી વન સ્ટોપ સેન્ટરના કેન્દ્ર સંચાલકશ્રી હિરલબેન, મહિલા સહાયતા કેન્દ્રના દિપીકાબેન તેમજ ૧૮૧ મહિલા અભયમના સંધ્યાબેન સહિત સંબંધિત અધિકારીઓ, કર્મચારીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# ગોબરધન યોજના: ગ્રામીણ ગુજરાતનું 'ગ્રીન' ફ્યુચર

## રાજ્યમાં ૧૪ હજારથી વધુ બાયોગેસ પ્લાન્ટ કાર્યરત, નવા ૨૦ હજાર પ્લાન્ટની કામગીરી પ્રગતિમાં

સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત રાજ્યમાં 'ગોબરધન યોજના' પશુપાલકો અને ખેડૂતોના જીવનમાં નવો ઉજાસ લાવી રહી છે. આ યોજના અંતર્ગત રાજ્યમાં વર્ષ ૨૦૨૩-૨૪થી અત્યાર સુધીમાં કુલ ૮૮ ક્લસ્ટરોમાં ૧૪ હજારથી વધુ બાયોગેસ પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યા છે. જ્યારે વર્ષ ૨૦૨૬-૨૭ માટે આ યોજનાને સતત અમલીકરણ સ્વરૂપે આગળ ધપાવીને રાજ્યમાં રૂ. ૨૫ કરોડના ખર્ચે વધુ ૨૦ હજાર વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ સ્થાપવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેના પરિણામે ગ્રામીણ સ્વચ્છતા, સ્વચ્છ ઊર્જા, સેન્દ્રિય ખાતરનો ઉપયોગ અને સર્ક્યુલર ઈકોનોમીને નવી ઊંચાઈ મળશે. આમ, ગોબરધન યોજના એ ગ્રામીણ ગુજરાતના 'ગ્રીન' ફ્યુચર તરીકે પ્રસ્થાપિત થઈ રહી છે. નોંધનીય છે કે, તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે રૂ. ૨૩,૭૩૧ કરોડના કુલ ખર્ચ સાથે રાષ્ટ્રીય સર્ક્યુલર બાયોએનર્જી સ્કીમ 'GOBARdhan'ને મંજૂરી આપી છે. ગુજરાતે આ યોજનાના અસરકારક અમલીકરણ માટે ખાસ ક્લસ્ટર મોડલ અપનાવ્યું છે. જે




અંતર્ગત રાજ્યમાં ફેઝ-૧માં ૩૮ ક્લસ્ટર હેઠળ નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB), અમૂલ, બનાસ અને દૂધસાગર ડેરી જેવી નોડલ એજન્સીઓ મારફતે ૭,૪૨૩ વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ સફળતાપૂર્વક કાર્યરત કરવામાં આવ્યા છે. જ્યારે ફેઝ-૨માં રાજ્ય સરકારના ૧૦૦ ટકા ફાળા હેઠળ ૫૦ ક્લસ્ટરમાં ૧૦ હજાર વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ સ્થાપવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો. જે અંતર્ગત GCMMF અને જિલ્લા દૂધ સંઘોના સંકલન સાથે અત્યાર સુધીમાં ૭૦ ટકા જેટલા એટલે કે ૭ હજાર જેટલા બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત થઈ ચૂક્યા છે. આમ, બંને તબક્કામાં કુલ ૧૪ હજાર કરતાં વધુ બાયોગેસ પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યા છે. આ યોજના હેઠળ રાજ્યમાં ૨ ઘનમીટર ક્ષમતા ધરાવતા આધુનિક ફ્લેક્સી પ્રકારના બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવે છે. ઉચ્ચ ગુણવત્તાવાળા HDPE મટીરીયલથી બનેલા આ ડાયજેસ્ટરનું ઈન્સ્ટોલેશન ખૂબ જ સરળ અને જાળવણીનો ખર્ચ નહિવત રહે છે. આ પ્લાન્ટ સ્થાપવા માટે લાભાર્થીને બાયોગેસ કીટ સાથે બાયોડાયજેસ્ટર, જિયો ટેક્સસ્ટાઈલ શીટ, ગેસ પાઈપ, HS ફિલ્ટર, બે બર્નર ગેસ સ્ટવ, પ્રેશર રેગ્યુલેટર વાલ્વ અને લાઈટર જેવી સંપૂર્ણ સાધન-સામગ્રી પૂરી પાડવામાં આવે છે. સ્વચ્છ ભારત મિશન હેઠળ લાભાર્થીને બાયોગેસ પ્લાન્ટ માટે રૂ. ૨૫ હજારની સબસીડી આપવામાં આવે છે, જ્યારે રૂ. ૫ હજાર લાભાર્થીએ પોતે ભરવાના રહે છે.

### જાણો ગોબરધન યોજના અને બાયોગેસ પ્લાન્ટના ફાયદા

યુનિસેફ દ્વારા કરવામાં આવેલા સર્વે અનુસાર, ૨ ઘનમીટર ક્ષમતાના એક બાયોગેસ પ્લાન્ટ દ્વારા વાર્ષિક: ૮ થી ૧૦ એલ.પી.જી. સિલિન્ડરની બચત.૧૮,૨૫૦ કિલોગ્રામ પશુજન્ય કચરાનું વૈજ્ઞાનિક સંચાલન. ૮૩૪ કિલોગ્રામ કાર્બન ડાયોક્સાઈડ (CO)ના ઉત્સર્જનમાં ઘટાડો. રસોડાના ધુમાડામાંથી મુક્તિ મળતા ગ્રામીણ મહિલાઓના આરોગ્યમાં સુધારો. બાયોસ્લરી-સેન્દ્રિય ખાતરના ઉપયોગથી રાસાયણિક ખાતરનો વપરાશ ઘટતાં કુદરતી ખેતીને વેગ મળે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં તેમજ ગ્રામ વિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા અને રાજ્ય મંત્રી શ્રી સંજયસિંહ મહિડાના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે પશુના છાણ અને જૈવિક કચરાના વૈજ્ઞાનિક વ્યવસ્થાપન દ્વારા સ્વચ્છ ઊર્જા (બાયોગેસ) તથા સેન્દ્રિય ખાતર ઉત્પાદિત કરીને ગ્રામીણ સ્વચ્છતા, ઓડીએફ પ્લસ ગામોની વિભાવના અને નવીનીકરણીય ઊર્જાને નવું બળ પૂરું પાડ્યું છે.

### ગોબરધન યોજનાથી સ્વચ્છતા અને સમૃદ્ધિ: મંજુલાબેન બારડની પ્રેરણાદાયી ગાથા

સૌરાષ્ટ્રમાં ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકામાં આવેલા રંગપુર ગામના રહેવાસી મંજુલાબેન દેડાભાઈ બારડનો પરિવાર પશુપાલન સાથે જોડાયેલો છે. અગાઉ પશુઓના છાણનો જાહેરમાં સંગ્રહ થવાને કારણે ગંદકી, દુર્ગંધ અને માખી-મચ્છરોનો ઉપદ્રવ વધતો હતો, જે પર્યાવરણ અને આરોગ્ય માટે ચિંતાનો વિષય બન્યો હતો. વર્ષ ૨૦૨૫-૨૬માં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ, સરકારના સહયોગથી તેમના ઘરે ગોબરધન પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યો હતો. સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) દ્વારા અમલીકૃત અને GCMMF વતી જૂનાગઢની સાવજ ડેરીના સહયોગથી તૈયાર કરાયેલા આ પ્લાન્ટની જાળવણી મંજુલાબેન પોતે જ કરે છે. આ ગોબરધન પ્લાન્ટ દ્વારા છાણનો વૈજ્ઞાનિક રીતે ઉપયોગ કરીને સ્વચ્છ બાયોગેસ અને જૈવિક ખાતર (સ્લરી) મેળવવામાં આવી રહ્યું છે, જે "વેસ્ટ ટુ વેલ્થ" અભિગમનું એક ઉત્તમ ઉદાહરણ છે.

### ગુજરાતમાં સેમિકન્ડક્ટર ડિઝાઇન ઇકોસિસ્ટમને વેગ આપવા

# ChipIN એક્સ્ટેન્શન સેન્ટર અને VLSI માટે સેન્ટર ઑફ એક્સેલન્સની પહેલ

## ગુજરાત સરકાર,GTU અને C-DAC બેંગલુરુ વચ્ચે સહયોગથી ગુજરાતમાં સેમિકન્ડક્ટર ડિઝાઇન ક્ષમતાઓને મળશે નવી દિશા

(એજન્સી) ગાંધીનગર । તા. 07

ભારતના ઝડપથી વિકસતા સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં ગુજરાતનું અગ્રણી સ્થાન વધુ મજબૂત બને તે દિશામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દૂરદેશી માર્ગદર્શનમાં તથા વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના નેતૃત્વમાં ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ અંતર્ગત ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન (GSEM) દ્વારા ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી (GTU) અને સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઑફ એડવાન્સ્ડ કમ્પ્યુટિંગ (C-DAC), બેંગલુરુના સહયોગથી આજે પ્રસ્તાવિત ChipIN એક્સ્ટેન્શન સેન્ટર તથા VLSI ડિઝાઇન માટેના સેન્ટર ઑફ એક્સેલન્સ (CoE) માટે ઓરિએન્ટેશન કાર્યક્રમ અને કિક-ઓફ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના ઉદ્ઘાટન સત્રમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના સચિવ શ્રીમતી પી. ભારતી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. શ્રીમતી નેહા કુમારી, IAS, મિશન ડિરેક્ટર, GSEM સહિત પ્રતિષ્ઠિત શિક્ષણવિદો, સંશોધકો, ઉદ્યોગ અગ્રણીઓ અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ



ઉપસ્થિત રહ્યાં હતાં.C-DAC બેંગલુરુના નિષ્ણાતોએ રાષ્ટ્રીય ChipIN પહેલ તથા તેના માધ્યમથી ઉપલબ્ધ અદ્યતન સેમિકન્ડક્ટર ડિઝાઇન સુવિધાઓ અંગે માહિતી આપી હતી. આ સુવિધાઓમાં Electronic Design Automation (EDA) ટૂલ્સ, High Performance Computing (HPC) સંસાધનો, સેમિકન્ડક્ટર IPs અને Tape-out Support જેવી અદ્યતન સુવિધાઓનો સમાવેશ થાય છે.આ ઓરિએન્ટેશન કાર્યક્રમમાં ગુજરાતની 30થી વધુ શૈક્ષણિક સંસ્થાઓએ ભાગ લીધો હતો. સંસ્થાઓને સેમિકન્ડક્ટર સંશોધન, ચિપ ડિઝાઇન, નવીનતા, પ્રોડક્ટ ડેવલપમેન્ટ અને કુશળ માનવબળના વિકાસ માટે ChipIN પ્લેટફોર્મનો લાભ લેવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગુજરાતને સેમિકન્ડક્ટર ડિઝાઇનનું અગ્રણી હબ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પહેલ : પ્રસ્તાવિત ChipIN એક્સ્ટેન્શન સેન્ટર અને VLSI માટેનું CoE ગુજરાતમાં અદ્યતન સેમિકન્ડક્ટર ડિઝાઇન ક્ષમતાઓ વિકસાવવા માટે મહત્વપૂર્ણ માળખાકીય પહેલ બનશે. આ સેન્ટર દ્વારા શૈક્ષણિક સંસ્થાઓ, સ્ટાર્ટઅપ્સ, MSMEs, સંશોધન સંસ્થાઓ અને ઉદ્યોગો વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપવામાં આવશે.આ પહેલથી સંશોધનને પ્રોડક્ટ ડેવલપમેન્ટ અને વ્યાવસાયિકીકરણ સાથે જોડવામાં મદદ મળશે તથા AI Accelerators, Automotive Electronics, RISC-V Processors, Embedded Systems અને IoT જેવા ઉભરતા ક્ષેત્રોમાં નવીનતા અને ચિપ ડિઝાઇનને પ્રોત્સાહન મળશે. ગુજરાતમાં સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે થઈ રહેલા ઝડપી વિકાસને ધ્યાનમાં રાખીને, ડિઝાઇન ક્ષમતાઓ અને કુશળ માનવબળનું નિર્માણ રાજ્યના સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવશે.

## છેલ્લા ૪ વર્ષમાં ૧૪,૯૨૫ જેટલા સિકલ સેલ દર્દીઓને રૂ. ૧૪ કરોડથી વધુની વિનામૂલ્યે તબીબી સહાય આપતી ગુજરાત સરકાર

(એજન્સી) ગાંધીનગર । તા. 07

રાજ્ય સરકાર દ્વારા સિકલ સેલ એનિમિયાના નિયંત્રણ, વહેલા નિદાન, નિયમિત સારવાર અને દર્દીઓના સર્વાંગી કલ્યાણ માટે સતત વ્યાપક કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા "મફત તબીબી સહાય યોજના" અંતર્ગત સિકલ સેલ એનિમિયાથી પીડિત દર્દીઓને સારવાર માટે આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે. છેલ્લા ચાર વર્ષ એટલે કે વર્ષ ૨૦૨૩-૨૪ થી ૨૦૨૬-૨૭માં કુલ ૧૪,૯૨૫થી વધુ દર્દીઓને રૂ. ૧૪.૫૭ કરોડથી વધુની વિનામૂલ્યે તબીબી સહાય પૂરી પાડીને તેમના આરોગ્ય રક્ષણનું ભગીરથ કાર્ય કરવામાં આવ્યું છે.સરકારે સિકલ સેલ એનિમિયા સામેની આ લડાઈને માત્ર આર્થિક સહાય પૂરતી મર્યાદિત ન રાખતા, સમગ્ર આદિજાતિ વિસ્તારમાં બહુમુખી આરોગ્ય પ્રયાસો હાથ ધર્યા છે. જે અંતર્ગત આદિજાતિ વિસ્તારોમાં વ્યાપક સ્ક્રીનિંગ અભિયાન ચલાવીને રોગનું વહેલું નિદાન થાય તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. આ સાથે જ, પીડિત દર્દીઓને સાતત્યપૂર્ણ નિયમિત દવાઓ, ફોલો-અપ અને નિષ્ણાત ડોક્ટરોનું માર્ગદર્શન સરળતાથી ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે. ગ્રામીણ અને આંતરિયાળ વિસ્તારો સુધી આશા કાર્યકરો, આરોગ્ય કર્મચારીઓ અને સ્થાનિક વહીવટી તંત્રના સઘન સંકલનથી વ્યાપક જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યા છે.

# અનુસૂચિત જાતિની કલ્યાણકારી યોજનાઓનો લાભ પાત્રતા ધરાવતા તમામ નાગરિકોને મળી રહે તેવી રીતે કામ કરવા પર ભાર મૂકતા કલેક્ટરશ્રી

(એજન્સી) રાજપીપળા । તા. 07

જિલ્લા કલેક્ટરશ્રી ગંગા સિંઘની અધ્યક્ષતામાં જિલ્લા તકેદારી સમિતિની જૂન-૨૦૨૬ અંતિત ત્રિમાસિક બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન એપ્રિલથી માર્ચ-૨૦૨૬ના સમયગાળામાં સમિતિ દ્વારા હાથ ધરાયેલી કામગીરી, વિવિધ વિભાગોના પ્રગતિ અહેવાલો તેમજ પડતર પ્રશ્નોની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં સમિતિ સમક્ષ રજૂ થયેલા પડતર કેસો, પ્રાપ્ત થયેલી ફરિયાદો, સરકારી કલ્યાણકારી યોજનાઓના લાભ માટે મળેલી અરજીઓ તેમજ અનુસૂચિત જાતિના નાગરિકોને મળવાપાત્ર સહાય-સુવિધાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. સાથે જ વિવિધ




વિભાગો દ્વારા યોજનાઓના અમલીકરણની સ્થિતિની વિગતો પણ રજૂ કરવામાં આવી હતી.જિલ્લા કલેક્ટરશ્રી ગંગા સિંઘે સંબંધિત વિભાગોના અધિકારીઓને સૂચના આપતાં જણાવ્યું હતું કે, અનુસૂચિત જાતિના નાગરિકોને સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ સમયસર, પારદર્શક અને અસરકારક રીતે મળે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. સરકારશ્રી દ્વારા તેમના અધિકારોના સંરક્ષણ અને કલ્યાણ માટે વિવિધ જોગવાઈઓ કરવામાં આવી છે, જેના અસરકારક અમલીકરણ દ્વારા નાગરિકોને ન્યાય મળી રહે તે સુનિશ્ચિત કરવું તમામ વિભાગોની જવાબદારી છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કોઈપણ પ્રકારના બનાવ, ફરિયાદ કે કેસ અંગેની માહિતી સમયસર સમિતિ સમક્ષ ઉપલબ્ધ થાય તે માટે યોગ્ય સંકલન વ્યવસ્થા ઉભી કરવી જરૂરી છે.

# નીતિ આયોગના 'ઇન્વેસ્ટમેન્ટ ફ્રેન્ડલીનેસ ઈન્ડેક્સ ૨૦૨૬' મુજબ ગુજરાત $૭૩.૯ બિલિયન FDI સાથે દેશમાં વિદેશી રોકાણો મેળવવામાં ટોપ પર

(એજન્સી) ગાંધીનગર । તા. 07

ગુજરાતને વૈશ્વિક કક્ષાએ વધુ સ્પર્ધાત્મક અને નવીન ટેકનોલોજી થકી વિકસિત બનાવવાના હેતુસર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગિફ્ટ સિટી, ગાંધીનગર ખાતે 'વિકસિત ગુજરાત સમિટ ૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી મંત્રી શ્રી અર્જુન મોઢવાડીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'પોલિટિક્સ ઓફ પરફોર્મન્સ'થી વિકાસની રાજનીતિ અને વિકાસની બહુ સરળ સમજ આપી છે. 'વિકસિત ભારત, વિકસિત ગુજરાત' એટલે આર્થિક વિકાસ સહિત સર્વાંગી વિકાસનું એવું વિઝન જેમાં દરેક નાગરિકને સમાન તક, ક્વોલિટી લાઈફ અને

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનથી વિકસિત ગુજરાત બન્યું 'ગ્લોબલ ગેટવે ટુ ધ ફ્યુચર': ત્રણ સેમિકન્ડક્ટર પ્લાન્ટ, ડેટા સેન્ટર પોલિસી અને GIFT Cityના AI સેન્ટર સાથે ટેકનોલોજી સેક્ટરમાં નવી ક્રાંતિ

બ્રાઈટ ફ્યુચર-ઉજ્જવળ ભવિષ્ય મળી રહે. મુખ્યમંત્રી શ્રી પટેલે ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રીએ નાનામાં નાના માનવી સુધી વિકાસના લાભ પહોંચાડવા માટે 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ' નો કાર્યમંત્ર આપ્યો છે. 7 ઓગસ્ટ 'નેશનલ હેન્ડલૂમ ડે' અંગે તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ દેશનું શાસન સંભાળ્યાના બીજા વર્ષે એટલે કે વર્ષ ૨૦૧૫ થી આ દિવસની ઉજવણી શરૂ કરાવી છે. 'વોકલ ફોર લોકલ' નો અભિગમ અપનાવીને હાથવણાટના કારીગરો સહિત અંત્યોદયના આર્થિક-સામાજિક વિકાસ માટે અનેક કલ્યાણકારી યોજનાઓ બનાવીને નાના કારીગરોના ઉત્પાદનોને વિશ્વ બજાર પૂરું પાડ્યું છે અને વિકાસના નવા દ્વાર ખોલી આપ્યા છે. ગુજરાતને તેમના વિઝનરી નેતૃત્વનો લાભ છેલ્લા ૨૫ વર્ષથી સતત આપણને મળતો રહ્યો છે તેમજ શ્રી નરેન્દ્રભાઈએ ગુજરાતના સર્વાંગી વિકાસનો મજબૂત પાયો નાખ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ગુજરાતનો વિકાસ માત્ર આંકડાઓમાં નહીં, પરંતુ દરેક નાગરિકના જીવનની ગુણવત્તામાં દેખાય છે. 'વિકસિત ગુજરાત' આજે દેશનું ગ્રોથ એન્જિન અને વિકાસનું રોલ મોડેલ બન્યું છે, તેની પાછળ વડાપ્રધાનશ્રીનો અવિરત પુરુષાર્થ અને પ્રેરણા છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા તમારા બાળકને તમારી અપેક્ષાઓ પ્રમાણે કામ કરવા માટે પ્રેરણા આપજો.

**વૃષભ : બ. વ. ઉ.**

તમારા અણધાર્યા સ્વભાવને તમારા વૈવાહિક સંબંધ પર અસર કરવા ન દો.આ બાબતને ટાળવાનો પ્રયાસ કરો ન્યથા તમે પછીથી પસ્તાશો. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. અણધાર્યા શુભ સમાચાર તમારો ઉત્સાહ વધારશે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. બાળકોનું ઘરકામ પૂરું કરવા મદદનો હાથ લંબાવવાનો સમય. બાબતોને યોગ્ય રીતે હાથ ધરજો કેમ કે તમારા જીવનસાથીનો મૂડ બહુ સારો જણાતો નથી.

**કર્ક : ડ. હ.**

તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. આજે તમારા પ્રેમી કે પ્રેમિકાને નિરાશ ન કરતા-કેમ કે એનાથી તમને પછીથી પસ્તાવો થશે.

**સિંહ : મ. ટ.**

તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. જો સંવાદ અને ચર્ચાથી કામ નહીં થાય-એનાથી તમને ગુસ્સો આવશે અને તમે કશુંક એવું બોલી જશો.

**કન્યા : પ. ઠ. ણ.**

સ્વાસ્થ્ય બરાબર રહેશે. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. મિત્રો તમને સહકાર આપનારા જણાશે-પણ તમે જે બોલો છો તે અંગે તકેદારી રાખજો. કેટલાક માટે નવો રોમાન્સ ચોક્કસ જણાય છે.

**તુલા : ર. ત.**

જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. પારિવારિક વાતાવરણ જાળવવા તથા તેને કલુષિત ન કરવા તમારે તમારા ગુસ્સા પર કાબૂ મેળવવાની જરૂર છે.

**વૃશ્ચિક : ન. ય.**

દાંતનો દુખાવો અથવા પેટમાં ગરબડ તમારી માટે સમસ્યા સર્જી શકે છે. તરત રાહત મેળવવા માટે ફિઝિશિયનની સલાહ લો. વેપાર ને મજબૂત કરવા માટે તમે કોઈ મહત્વપૂર્ણ પગલાં લાયી શકો છો જેના માટે તમારા કોઈ નજીકી તમારી નાણાકીય મદદ કરી શકે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

આ ત્ મ વિ શ્વા સ સ ભ ર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. બીજા દિવસો ની સરખામણી માં આજ નું દિવસ સારું રહેશે અને પર્યાપ્ત ધન ની પ્રાપ્તિ થશે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે.

**મકર : ખ. જ.**

તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. આજે કામ તાણયુક્ત અને થકાવનારૂં હશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. પારિવારિક સમસ્યાઓને ઉચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ.

**મીન : દ. ચ. ઝ. થ.**

માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો તમારી જાતને ઘરની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રાખો.

### બનાસકાંઠા જિલ્લામાં 'હર ઘર તિરંગા' અભિયાન

# સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી અંગે કલેક્ટરશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

**હર ઘર તિરંગા' અભિયાનને વ્યાપક જનભાગીદારીથી સફળ બનાવવા નાગરિકોને અનુરોધ**

(એજન્સી) પાલનપુર | તા.07

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને એકતાના સંદેશ સાથે કશ્મીરથી કન્યાકુમારી સુધી સમગ્ર દેશમાં 'હર ઘર તિરંગા' અભિયાનનું આયોજન કરાશે. દેશની સુરક્ષા માટે શહાદત આપનાર વીર જવાનો, તેમના પરિવારો પ્રત્યે આદર વ્યક્ત કરવા તેમજ બાળકોથી લઈને વૃદ્ધો સુધી સૌ નાગરિકોમાં દેશભક્તિના ભાવને મજબૂત કરવાના હેતુથી આ વર્ષે ગુજરાતમાં તા.૯ થી ૧૭ ઓગસ્ટ દરમિયાન વિવિધ રાષ્ટ્રભક્તિના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. બનાસકાંઠા જિલ્લામાં ૧૫ મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી અને વંદે માતરમના ૧૫૦ વર્ષની થીમ અંતર્ગત હર ઘર તિરંગા કાર્યક્રમ અંતર્ગત આજરોજ જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી પાલનપુર ખાતે બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટરશ્રીએ તમામ વિભાગોને સુનિયોજિત આયોજન, સમયસર કામગીરી અને પરસ્પર સંકલન સાથે કાર્યક્રમોને સફળ બનાવવા જરૂરી સૂચનાઓ આપી હતી. કલેક્ટરશ્રીએ 'હર ઘર તિરંગા' અભિયાનને વ્યાપક જનભાગીદારીથી સફળ બનાવવા નાગરિકોને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, હર ઘર તિરંગા અભિયાન નાગરિકોમાં રાષ્ટ્રપ્રેમ, રાષ્ટ્રીય ધ્વજ પ્રત્યે ગૌરવ અને દેશ માટે સમર્પણની ભાવના મજબૂત બનાવતું અભિયાન છે. જિલ્લાના તમામ તાલુકાઓમાં ૧૪ ઓગસ્ટ સુધી તિરંગા યાત્રાઓનું આયોજન કરવામાં આવશે, જ્યારે તા. ૧૩ ઓગસ્ટે પાલનપુર ખાતે જિલ્લા કક્ષાની ભવ્ય તિરંગા યાત્રા યોજાશે. આ ઉપરાંત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી કચેરીઓ, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ તથા સામાજિક સંગઠનોના સહયોગથી તિરંગા અભિયાનને વ્યાપક જનભાગીદારી સાથે સફળ બનાવવામાં આવશે.કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, તા.૧૫ ઓગસ્ટે બનાસકાંઠા પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સ્વાતંત્ર્ય દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી સર્વોદય આશ્રમ, દલપુરા, તા. હડાદ ખાતે ગૌરવપૂર્ણ વાતાવરણમાં યોજાશે. કાર્યક્રમમાં રાષ્ટ્રીય ધ્વજવંદન, દેશભક્તિના સાંસ્કૃતિક કાર્યક્રમો તથા વિવિધ રાષ્ટ્રીય ભાવનાથી પ્રેરિત આયોજનો દ્વારા સ્વાતંત્ર્ય સેનાનીઓ અને વીર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવશે. આ બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી પ્રશાંત સુમ્બે, નિવાસી અધિક કલેક્ટર શ્રી સી.પી. પટેલ સહિત વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહી હર ઘર તિરંગા અભિયાન તથા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીને સફળ બનાવવા માટેની કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

### હોસ્પિટલમાં 3 બાળક સારવાર હેઠળ

## ચાંદીપુરા વાઈરસના શંકાસ્પદ કેસમાં 6 વર્ષીય બાળકનું મોત

(એજન્સી) જામનગર | તા.07

જામનગર જિલ્લામાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ કેસો વધતા આરોગ્ય વિભાગ સક્રિય બન્યું છે. ધ્રોલના 6 વર્ષીય બાળકનું રાજકોટમાં શંકાસ્પદ લક્ષણો સાથે મોત થતા કુલ મૃત્યુઆંક 6 થયો છે. જામનગર, દેવભૂમિ દ્વારકામાંથી 10 બાળકો સારવાર હેઠળ હતા. હાલ જી.જી. હોસ્પિટલમાં 3 બાળકો સારવાર હેઠળ છે, જેમાં એક વેન્ટિલેટર પર છે. આરોગ્ય તંત્ર દ્વારા સર્વેલન્સ અને ડોર-ટુ-ડોર તપાસ કરાઈ રહી છે.જામનગર જિલ્લામાં ચાંદીપુરા વાઈરસના વધતા જતા શંકાસ્પદ કેસોને પગલે આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે. ધ્રોલ તાલુકાના ડાંગરા સીમ વિસ્તારના એક 6 વર્ષીય બાળકનું શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસના લક્ષણો બાદ રાજકોટની સરકારી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. જોકે, બાળકના સેમ્પલનો ચાંદીપુરા અંગેનો લેબોરેટરી રિપોર્ટ હજુ બાકી છે. જામનગર શહેર, જિલ્લો અને દેવભૂમિ દ્વારકા સહિતના વિસ્તારોમાંથી આશરે 10 જેટલા બાળકોને ચાંદીપુરા વાઈરસના શંકાસ્પદ લક્ષણો સાથે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ પૂર્વે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં 5 શંકાસ્પદ બાળદર્દીઓના મોત નીપજ્યા હતા. ત્યારે ધ્રોલના બાળકના મોત સાથે જામનગર જિલ્લામાં શંકાસ્પદ ચાંદીપુરાના કારણે મૃત્યુઆંક વધીને 6 થયો છે. હાલ જામનગરની જી.જી. હોસ્પિટલમાં ચાંદીપુરાના શંકાસ્પદ લક્ષણો ધરાવતા 3 બાળકો સારવાર મેળવી રહ્યા છે.

### પિતા-પુત્રને માર માર્યો

## લાલપુરમાં સગાઈ બાદ યુવતી પર શંકા રાખી માનસિક ત્રાસ આપનાર 3 સામે હુમલાનો ગુનો

જામનગર : જામનગર જિલ્લાના લાલપુરમાં યુવતી સાથે સગાઈ થયેલા યુવકે તેના પર ખોટી શંકા રાખી અફવાઓ ફેલાવતાં અને માનસિક ત્રાસ આપતાં મામલો ઉગ્ર બન્યો હતો. સમજાવવા ગયેલા યુવતીના ભાઈ અને ત્યારબાદ પહોંચેલા પિતા પર લોખંડના પાઈપથી હુમલો કરવામાં આવતાં બંનેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ અંગે લાલપુર પોલીસે ત્રણ આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.ફરિયાદ મુજબ લાલપુરના દ્વારકેશ નાંદુરી રોડ વિસ્તારમાં રહેતા ખેડૂત ગોવિંદભાઈ ગગજીભાઈ ભાદરકાની પુત્રીની આશરે 8 મહિના પહેલાં કેવલ ગોગનભાઈ કરંગીયા સાથે સગાઈ થઈ હતી. ત્યારબાદ કેવલ પોતાની મંગેતર અંગે ખોટી શંકા રાખી અફવાઓ ફેલાવતો તેમજ માનસિક ત્રાસ આપતો હોવાનું જણાવાયું છે.આથી ગોવિંદભાઈનો પુત્ર પાર્થ પોતાના મિત્ર સાહિલ ગોજીયા સાથે કેવલને સમજાવવા તેની દુકાને ગયો હતો. ત્યાં બોલાચાલી થતાં ગોવિંદભાઈ પણ સ્થળે પહોંચ્યા હતા. દરમિયાન કેવલે પોતાના પિતા ગોગનભાઈ અને કાકા પ્રવીણભાઈને બોલાવ્યા હતા. ત્યારબાદ ત્રણેયે મળીને પિતા-પુત્ર સાથે ઝઘડો કરી લોખંડના પાઈપ વડે હુમલો કર્યો હતો.ફરિયાદ મુજબ ગોગનભાઈ અને કેવલે પાર્થના માથામાં લોખંડના પાઈપના ઘા ઝીંક્યા હતા, જ્યારે ગોગનભાઈ અને કેવલે ગોવિંદભાઈના ડાબા પડખા, ડાબા હાથ તથા ડાબા પગમાં પણ પાઈપ વડે માર માર્યો હતો.

### જનરક્ષક

## જામનગરમાં 112ના પોલીસ કોન્સ્ટેબલ પર હુમલો : સરકારી ફરજમાં રૂકાવટનો ગુનો નોંધાયો

જામનગર : જામનગરમાં ફરજ પરના 112 જનરક્ષક પોલીસ કોન્સ્ટેબલ નિલેશ અધેરા પર હુમલો થયો છે. કાલાવડ નાકા બહાર, બુરહાની પાર્ક પાસે વાહન અથડાવવા મામલે બુરહાનના મામા મુસ્તુફા મોહમદ વજુગરા અને હાજીભાઈ મોહમદ વજુગરાએ પોલીસને ગાળો ભાંડી, સરકારી ફરજમાં રૂકાવટ કરી. મુસ્તુફાએ કોન્સ્ટેબલને ઝાપટ મારી ધમકી પણ આપી હતી. સીટી એ-ડિવિઝન પોલીસે બંને સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જામનગરના સીટી એ-ડિવિઝન પોલીસ મથકમાં ફરજ બજાવતા 112 જનરક્ષકના પોલીસ કોન્સ્ટેબલ નીલેશ ગોવિંદભાઈ અંધેરાની ફરિયાદના આધારે મુસ્તુફા મોહમદ વજુગરા અને હાજીભાઈ મોહમદ વજુગરા સામે સરકારી ફરજમાં રૂકાવટ, હુમલો, ગાળાગાળી અને ધમકી અંગે ગુનો નોંધવામાં આવ્યો છે. ફરિયાદ મુજબ, પોલીસ કોન્સ્ટેબલ નીલેશ અધેરા ગુરુવારે બપોરે 112 જનરક્ષક મોબાઈલમાં ડ્રાઈવર અજયસિંહ અખુભા સોઢા સાથે ફરજ પર હતા. દરમિયાન બુરહાન મોઈસભાઈ મેટ્રનવાલાનો ફોન મળતા તેઓ કાલાવડ નાકા બહાર બુરહાની પાર્ક પાસે પહોંચ્યા હતા. ત્યાં બુરહાને જણાવ્યું હતું કે સોભાન ફારૂકભાઈ મકવાએ વાહન અથડાવી બોલાચાલી કરી હતી અને ત્યારબાદ તેના મામા મુસ્તુફા મોહમદ વજુગરાએ આવી મારપીટ તથા ધમકી આપી હતી.

## ડૉ. સુભાષ મહિલા કૉલેજમાં ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓ માટે 'વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળા'નું આયોજન

| નરેન્દ્ર દવે જૂનાગઢ તા.7.



ગુજરાતીનો અધ્યાપક સંઘ તથા ડૉ.સુભાષ મહિલા કૉલેજ, જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓ માટે તા. ૦૭-૦૮-૨૦૨૬ને શુક્રવારના રોજ સવારે ૮:૩૦ કલાકે કૉલેજ કેમ્પસમાં 'વિદ્યાવિસ્તાર વ્યાખ્યાન માળા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના આદ્ય સ્થાપકશ્રી પેથલજીભાઈચાવડાની પુણ્યસ્મૃતિમાં સ્મરણાંજલિગાન બાદ સરસ્વતી વંદના અને દીપપ્રાગટ્ય વિધિથી કાર્યક્રમ નો પ્રારંભ થયો હતો. આ પ્રસંગે સંસ્થાની વિદ્યાર્થીનીઓએ ઉપસ્થિત વિદ્વાન વક્તાઓને સંસ્થાની પરંપરા મુજબ ગ્રંથપુષ્પ આપી અભિવાદન કર્યું હતું. આ કાર્યક્રમ માં ત્રણ વિદ્વાન અધ્યાપક વક્તાઓએ જુદા જુદા વિષયો પર વ્યાખ્યાન આપ્યું હતું, જેનાથી ભાષાના વિદ્યાર્થી ઓને વિષયસજ્જતા અને સાહિત્યસર્જન અંગેનું મહામૂલું ભાથું પ્રાપ્ત થયું હતું. ગુજરાતી અધ્યાપક સંઘના પ્રમુખશ્રી ડૉ.બલરામ ચાવડાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે, ગુજરાતી ભાષા- સાહિત્ય ના અધ્યયન અને અધ્યાપનને વધુ ને વધુ તેજસ્વી તેમજ પરિણામગામી બનાવવાના હેતુથી રચાયેલ ગુજરાતીનો અધ્યાપક સંઘ વિદ્યાર્થીઓ અને અધ્યાપકો એમ બંનેની સજ્જતા અને નિસબત માટે સક્રિય છે. આથી જ તે ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓને સાંકળીને જુદી જુદી કૉલેજો અને યુનિવર્સિટીઓમાં આવા જ્ઞાનવર્ધક કાર્યક્રમોનું આયોજન કરે છે. કવિ અને ગઝલકારશ્રી જયંત કોરડિયાએ 'કવિ અને કવિતા' વિષય પર બોલતા જણાવ્યું હતું કે, કૃષ્ણ એ કવિતાનો ચિરકાલીન વિષય છે. એનો આશાવાદ તેમણે કાવ્યપઠન દ્વારા વ્યક્ત કર્યો હતો. તેમણે પોતાના અંગત કૃષ્ણ કાવ્યો રજૂ કરીને 'ગોરજ ટાણે', 'ગોકુળ ઘેલું ઘેલું' એવી પંક્તિઓ દ્વારા પોતાના કૃષ્ણપ્રેમને વ્યક્ત કર્યો હતો.બીજા વક્તા પ્રા. ડૉ.રાજેશ રૂપારેલિયા એ 'સાહિત્યસર્જનની પ્રક્રિયા' વિષય અંતર્ગત જણાવ્યું હતું કે, સાહિત્યમાં સર્જન પ્રક્રિયા ગૂઢ પણ છે અને અભિવ્યક્તિની કળા પણ છે. સાહિત્ય એ છે જે સામાન્ય માણસને સ્પર્શે છે અને સૌંદર્ય તથા આનંદબોધનો પરિચય કરાવે છે. સાહિત્ય હંમેશાં સમાજ માટે હિતકારક હોવું જોઈએ અને એમાંથી શબ્દ-અર્થનું સાયુજ્ય પ્રગટે છે. તેમણે સાહિત્યને ભાવસંક્રમણની કળા કહીને સર્જક સાથે ભાવકની ઉપસ્થિતિ વિશે પણ વાત કરી હતી. ત્રીજા વક્તા પ્રા.ડૉ.ગૌરાંગ જાનીએ નવલિકાના સ્વરૂપ વિશે ચર્ચા કરતા ગદ્ય-પદ્યની વિભાવના આપીને ગુજરાતી કથા-સાહિત્યનો પરિચય આપ્યો હતો.

### બહાદરપુર ટાવર થી તલાવડી સુધી નો રસ્તો 2 વર્ષથી ખખડધજ

# 30 લાખની પ્રાથમિક મંજૂરી છતાં વહીવટી મંજૂરીની રાહ, તંત્રે લિપા-પોતીથી કામ ચલાવ્યું

| કમલેશ પટેલ | સંખેડા



સંખેડા તાલુકાના બહાદરપુર ગામમાં બહાદરપુર ટાવરથી સ્વામિનારાયણ મંદિર થઈ તલાવડી સુધીનો મુખ્ય માર્ગ છેલ્લા 2 વર્ષથી જર્જરિત હાલતમાં છે. રસ્તા પર ઊંડા ખાડાઓનું સામ્રાજ્ય હોવાને કારણે વાહનચાલકો, શાળાના બાળકો, દર્દીઓ અને ખેડૂતોને રોજબરોજ ભારે હાલાકી વેઠવી પડી રહી છે.બહાદરપુર સ્થાનિક સરપંચ ભૌમિકભાઈ દેસાઈ ના જણાવ્યા અનુસાર આ રસ્તાના નવીનીકરણ માટે એક વર્ષ પહેલા 30 લાખ રૂપિયાની પ્રાથમિક મંજૂરી મળી ગઈ હતી. પરંતુ વહીવટી મંજૂરી હજુ સુધી મળી નથી તેના કારણે કામ શરૂ થઈ શક્યું નથી. ગામના સ્થાનિકોનું કહ્યું છે કે નેતાઓ માત્ર વાહ-વાહીના વચનો આપી રહ્યા છે ચોમાસાને ધ્યાનમાં રાખીને પંચાયત તંત્ર દ્વારા હાલ રસ્તા પર લિપા-પોતી કરીને ઠીક-ઠાક કરવાની કામચલાઉ કામગીરી કરવામાં આવી છે. આનાથી થોડા જ દિવસમાં ફરી રસ્તો ઉખડી જશે તેવી ભીતિ ગ્રામજનોએ વ્યક્ત કરી છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે "પાંગડુ" તંત્ર માત્ર કામચલાઉ સમારકામ કરીને સંતોષ માની રહ્યું છે. તાત્કાલિક પાકા રસ્તાનું કામ હાથ ધરવામાં આવે તેવી ગ્રામજનોએ જવાબદાર અધિકારીઓ અને તંત્ર પાસે ઉગ્ર માંગ કરી છે.જ્યાં સુધી કાયમી ઉકેલ ન આવે ત્યાં સુધી ગામના લોકોને આવી જ હાલાકી વેઠવી પડશે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

## જામનગર નજીક મોટી ખાવડી પાસે અજાણ્યા વાહનની ટક્કરે વૃદ્ધ ગંભીર ઈજાગ્રસ્ત

જામનગર : જામનગર જિલ્લાના મેઘપર (પડાણા) પોલીસ મથક વિસ્તારમાં જામનગર-ખંભાળિયા હાઈવે પર અજાણ્યા વાહનની ટક્કરે 80 વર્ષીય વૃદ્ધ ગંભીર રીતે ઈજાગ્રસ્ત બન્યા હોવાની ઘટના સામે આવી છે. અકસ્માત સર્જી વાહનચાલક ફરાર થઈ જતાં પોલીસે હિટ એન્ડ રનનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.પોલીસ ફરિયાદ મુજબ, જોગવડ ગામના રાણીશીપ વિસ્તારમાં રામાપીર મંદિર પાસે રહેતા અને વેપાર કરતા લાલજીભાઈ તેજાભાઈ પરમાર (ઉ.વ. 54)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેમના કુટુંબી ભાઈ કરશનભાઈ જેઠાભાઈ પરમાર (ઉ.વ. 80) જે ભંગાર વીણી ગુજરાન ચલાવે છે, તેઓ તા. 3 ઓગસ્ટની મધરાત્રિએ ભંગાર વીણવા માટે ઘરેથી નીકળ્યા હતા. રાત્રે આશરે 12 વાગ્યે ફરિયાદીને કોઈ વ્યક્તિએ જાણ કરી હતી.

## જૂની પ્રેમિકાના ફોનને કારણે ટેન્શનમાં જામનગરમાં 26 વર્ષીય મેકેનિકલ એન્જિનિયરે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

જામનગર: જામનગરમાં પટેલ કોલોની વિસ્તારમાં રહેતા અને મેકેનિકલ એન્જિનિયર તરીકે નોકરી કરતા મૂળ આંધ્રપ્રદેશના 26 વર્ષીય યુવાને ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં અરેરાટી મચી ગઈ હતી. બનાવ અંગે સીટી-બી ડિવિઝન પોલીસ મથકમાં અકસ્માત મોતની નોંધ કરી પોલીસે મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસની નોંધ મુજબ મૂળ આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમના પેન્દુર્થી વિસ્તારના વતની પવનકુમાર શ્રીહરી ગુડુપલ્લી (ઉંમર 26) જામનગરના પટેલ કોલોની શેરી નં. 6માં રાધાકૃષ્ણ મંદિર પાસે આવેલા ગેલેક્સી એપાર્ટમેન્ટના રૂમ નં. 102માં રહેતા હતા અને મેકેનિકલ એન્જિનિયર તરીકે નોકરી કરતા હતા.ગત તા. 7 ઓગસ્ટના રાત્રિના સમયે કોઈ પણ સમયે પવનકુમારે પોતાના રૂમમાં પંખા સાથે ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. બનાવની જાણ થતાં સીટી બી ડિવિઝન પોલીસની પોલીસ ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ સમક્ષ નોંધાવવામાં આવેલી હકીકત મુજબ પવનકુમારને તેની જૂની પ્રેમિકા રોઝા ફોન કરતી હતી, પરંતુ તે તેની સાથે વાત કરવા માંગતો ન હતો. જૂની પ્રેમિકાના વારંવાર આવતા ફોનની બાબતનું ટેન્શન રાખ્યા બાદ પવનકુમારે પોતાના હાથે રૂમમાં જઈ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હોવાનું પોલીસની નોંધમાં જણાવાયું છે.આ બનાવ અંગે લીખીતા ગીરિબાબુ બુડુમુરૂ (ઉંમર 24), જે પવનકુમાર સાથે જ ગેલેક્સી એપાર્ટમેન્ટમાં રહેતા હતા, તેમની જાણના આધારે સીટી-બી ડિવિઝન પોલીસ મથકમાં બી.એન.એસ.એસ.ની કલમ 194 મુજબ અકસ્માત મોતની નોંધ કરવામાં આવી છે. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ખાનગી વીજ લાઈન મુદ્દે ખેડૂતોમાં રોષ

## જામનગર: જોડિયા તાલુકાના લીંબુડા ગામે ભાજપ સામે વિરોધના બેનરો



(એજન્સી) જામનગર | તા.07

જામનગરના જોડિયા તાલુકાના લીંબુડા ગામે ખાનગી કંપનીની વીજ લાઈનના પ્રશ્ને ખેડૂતોનો રોષ ફાટી નીકળ્યો છે. ગ્રામજનોએ ગામમાં ભાજપ વિરોધી બેનરો લગાવી, પક્ષના નેતાઓને ચૂંટણી પ્રચાર માટે ગામમાં ન આવવાની ચીમકી આપી છે. ખેડૂતો પાક અને જમીનને થતા નુકસાન સામે લાંબા સમયથી રજૂઆતો કરી રહ્યા છે, છતાં કોઈ સુનાવણી ન થતાં જેતપુર સત્યાગ્રહને સમર્થન આપ્યું છે. જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના લીંબુડા ગામમાં ખાનગી કંપનીની વીજ લાઈનના પ્રશ્ને ખેડૂતોનો રોષ ચરમસીમાએ પહોંચ્યો છે. તંત્ર અને શાસક પક્ષ સામે અસંતોષ વ્યક્ત કરતાં ગ્રામજનોએ ગામમાં ભાજપ સામે વિરોધ દર્શાવતા બેનરો લગાવ્યા છે. આ બેનરોમાં ભાજપના નેતાઓ અને કાર્યકર્તાઓને ચૂંટણી પ્રચાર કે મત માંગવા માટે ગામમાં ન આવવાની સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે.ગ્રામજનોના જણાવ્યા મુજબ, ખાનગી કંપનીની વીજ લાઈન ખેતરોમાંથી પસાર થતાં ખેડૂતોને પાક અને જમીનને નુકસાન થઈ રહ્યું છે. આ મુદ્દે લાંબા સમયથી રજૂઆતો છતાં શાસક પક્ષ અને તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવી નથી, જેના કારણે ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.ખેડૂતોએ જેતપુર ખાતે ચાલી રહેલા ખાનગી વીજ લાઈન વિરોધી ખેડૂત સત્યાગ્રહને સંપૂર્ણ સમર્થન જાહેર કર્યું છે. તેમનું કહેવું છે કે, 'જ્યાં સુધી વીજ લાઈનનો પ્રશ્ન ઉકેલાશે નહીં અને સત્યાગ્રહની માંગણીઓનો સંતોષકારક ઉકેલ નહીં આવે, ત્યાં સુધી ભાજપના નેતાઓ કે કાર્યકરો ગામમાં પ્રચાર કરવા કે સમર્થન માંગવા આવે નહીં.'

### સમાજમાં જાગૃતિ લાવવાની આવશ્યકતા પર ભાર મૂક્યો

# બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજ, જૂનાગઢ ખાતે થેલેસેમીયા નિદાન અને માર્ગદર્શન કેમ્પ યોજાયો

| નરેન્દ્ર દવે જૂનાગઢ તા. 07



બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજ, જૂનાગઢ ખાતે બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે થેલેસેમીયા માર્ગદર્શન તથા થેલેસેમીયા નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. યુવાનોમાં થેલેસેમીયા અંગે જાગૃતિ લાવવાના તેમજ આરોગ્ય પ્રત્યે સકારાત્મક અભિગમ વિકસાવવાના હેતુથી આયોજિત આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓનો ઉત્સાહપૂર્ણ પ્રતિસાદ જોવા મળ્યો હતો. કાર્યક્રમના ઉદ્ઘાટન સમારોહમાં કોલેજના બોટની તથા ફોરેન્સિક વિભાગના અધ્યક્ષ ડૉ.મનીષ જાની, જૂનાગઢ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના વાઈસ પ્રેસિડેન્ટશ્રી મનીષ આચાર્ય તેમજ કેમ્પ ઈન્ચાર્જશ્રી સંજય વાણંદ તેમની નિષ્ણાત ટીમ સાથે ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ થેલેસેમીયા જેવા આનુવંશિક રોગ અંગે વિદ્યાર્થીઓને વિસ્તૃત માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે લોહીનો આનુવાંશિક રોગ થેલેસેમીયા-મેજર છે , જ્યારે થેલેસેમીયા- માયનોર વાહક સંપૂર્ણ તંદુરસ્ત હોય છે દા.ત. અમિતાભ બચ્ચન જ્યારે થેલેસેમીયા-મેજર વાહક સંપૂર્ણ તંદુરસ્ત ન હોવાનું કારણ એ છે કે તેમને બચપણથી જ દર ૧૫ થી ૨૦ દિવસે અન્યનું લોહી ચડાવવાની જરૂર પડે છે. પરંતુ આ નિવારવા માટે લગ્ન પહેલા સજાગતા જરૂરી છે, થેલેસેમીયા-માયનોર વાહક યુવક-યુવતી જ્યારે અજાણતાથી લગ્નગ્રંથીથી જોડાય જાય છે ત્યારે તેમને ત્યાં થેલેસેમીયા-મેજર વાહક બાળક અવતરવાની શક્યતા રહે છે, આથી લગ્ન પહેલા થેલેસેમીયા ટેસ્ટના સર્ટિફિકેટ મેળવવા ખાસ જરૂરી છે તેની સમાજમાં જાગૃતિ લાવવાની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. આ સમગ્ર કેમ્પનું આયોજન કોલેજના NSS પ્રોગ્રામ ઓફિસર શ્રી કે.એલ.કરંગીયાના માર્ગદર્શન હેઠળ સુવ્યવસ્થિત રીતે કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન કુલ 669 વિદ્યાર્થીઓ ના થેલેસેમીયા ટેસ્ટ કરવામાં આવ્યા હતા, જે આરોગ્ય જાગૃતિના ક્ષેત્રે એક નોંધપાત્ર સિદ્ધિ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે NSSના સ્વયંસેવક વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક સેવાઓ આપી હતી. ઉપરાંત કોલેજના ડો.ધવલ મહેતા, ડો.દિગ્વિજય પરમાર, પ્રા.રવિ કંડોલીયા, પ્રા.સાગર રાવલિયા, પ્રા.નિશાંત યાદવ, પ્રા.યશ બાબરીયા, પ્રા.માંધુ, પ્રા.રિદ્ધિ, પ્રા.પ્રેરણા તેમજ સમસ્ત અધ્યાપકગણ, બિનશૈક્ષણિક કર્મચારીઓ અને સમગ્ર સ્ટાફે પણ સક્રિય સહયોગ આપી કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

## પ્લાન્ટમાં મજૂરીકામ દરમિયાન શ્રમિક યુવાનનું બેશુદ્ધ બન્યા બાદ સારવાર દરમિયાન અપમૃત્યુ

(એજન્સી) જામનગર | તા.07

જામનગરના નવાગામ સીમમાં આવેલી પોલીસીલીકોન પ્લાન્ટમાં કામ કરતા 40 વર્ષીય મોહન રામજી ભગતનું તબિયત લથડતા મૃત્યુ થયું છે. મૂળ બિહારના અને હાલ મોટી ખાવડી રહેતા મજૂરને 03-08-2026ના રોજ બપોરે 1:30 વાગ્યે ચક્કર આવતા બેભાન થયા હતા. તેમને જી.જી. હોસ્પિટલ ખસેડાયા, જ્યાં તબીબે મૃત જાહેર કર્યા. મેઘપર (પડાણા) પોલીસે B.N.S.S. કલમ 194 હેઠળ વધુ તપાસ હાથ ધરી છે.જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના નવાગામ સીમમાં આવેલી પોલીસીલીકોન પ્લાન્ટમાં કામ કરતા એક મજૂરનું અચાનક તબિયત બગડતાં સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગે મેઘપર (પડાણા) પોલીસે બી. એન.એસ.એસ.ની કલમ 194 હેઠળ નોંધ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.પોલીસમાંથી પ્રાપ્ત વિગતો મુજબ, તા. 03-08-2026ના રોજ બપોરે આશરે 1:30 વાગ્યે નવાગામ સીમમાં આવેલી પોલીસીલીકોન પ્લાન્ટ ખાતે કામ દરમિયાન મોહન રામજી ભગત (ઉ.વ.40, મૂળ બીરમપુર, જી. ભોજપુર (આરા), બિહાર, હાલ-મોટી ખાવડી) ખાતે રહેતા મજૂરને અચાનક ચક્કર આવતા તેઓ બેભાન થઈ ગયા હતા. તેમને તાત્કાલિક સારવાર માટે જી.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા.આ બનાવ અંગે રાહુલકુમાર ચંદમણી ભગતે પોલીસને જાણ કરી હતી.

## યુવાનોના માનસિક સ્વાસ્થ્ય માટે ખર્ચાશે દંડની રકમ

# અમેરિકાના કાયદાનો જ હવાલો આપી મેટાને 5000 કરોડનો દંડ ફટાકારાયો

(એજન્સી) નવી દિલ્હી | તા 07

મેટાને અમેરિકાની ન્યૂ મેક્સિકો કોર્ટે 567 મિલિયન ડોલર (આશરે 5,000 કરોડ)નો દંડ ફટકાર્યો છે. કંપની પર યુવાનો અને બાળકોના માનસિક સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડવા તેમજ COPPA કાયદાનું ઉલ્લંઘન કરવાનો આરોપ છે. દંડની રકમ યુવાનોની સારવાર અને જાગૃતિ અભિયાન પાછળ ખર્ચાશે. કોર્ટે પ્લેટફોર્મમાં ફેરફારોની પણ માંગ કરી છે.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ અને ફેસબુકની પેરન્ટ કંપની મેટા (Meta) માટે એક માઠા સમાચાર સામે આવ્યા છે. અમેરિકાની ન્યૂ મેક્સિકોની એક કોર્ટે કંપની વિરુદ્ધ ચુકાદો આપતા ભારે દંડ ભરવાનો ઓર્ડર આપ્યો છે. કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું છે કે મેટાના પ્લેટફોર્મ્સ દેશના યુવાનો અને બાળકોને માનસિક રીતે નુકસાન પહોંચાડી રહ્યા હતા, જેની ભરપાઈ હવે કંપનીએ કરવી પડશે. આ કેસના બીજા તબક્કામાં કોર્ટે મેટા પર 567




મિલિયન અમેરિકન ડોલર (આશરે 5,000 કરોડ)નો દંડ ફટકાર્યો છે. આ ચુકાદામાં અમેરિકન કાયદા COPPAનો સંદર્ભ આપવામાં આવ્યો છે.

કોર્ટે પોતાના નિર્ણયમાં જણાવ્યું કે અમેરિકાનો 'ચિલ્ડ્રન ઓનલાઈન પ્રાઈવેસી પ્રોટેક્શન એક્ટ' (COPPA) બાળકોની ઓનલાઈન ગોપનીયતા અને સુરક્ષાનું રક્ષણ કરે છે. આ નિયમ હેઠળ મેટા કે અન્ય કોઈ પણ પ્લેટફોર્મ 13 વર્ષથી ઓછી ઉંમરના બાળકોની ઉંમર સત્યાપિત કરવા માટે તેમની વ્યક્તિગત માહિતી માંગી શકતું નથી કે તેમની ઓનલાઈન પ્રવૃત્તિઓ પર ટ્રેકિંગ કરી શકતું નથી.

જજ બ્રાયન બ્રેડશાઈડે જાહેર કરેલા ચુકાદા મુજબ, આ વસૂલવામાં આવનારી રકમનો એક મોટો હિસ્સો એટલે કે આશરે 420 મિલિયન ડોલર, (42 કરોડ ડોલર) યુવાનોની સારવાર અને તેમના માનસિક સ્વાસ્થ્ય સંબંધિત સેવાઓ પાછળ ખર્ચ કરવામાં આવશે. જ્યારે બાકીની રકમ આવનારા પાંચ વર્ષમાં જાગૃતિ અભિયાન, નિવારણ કાર્યક્રમો, સ્ક્રીનિંગ સેવાઓ અને તેને લગતા અન્ય ખર્ચાઓ માટે વાપરવામાં આવશે.

આ કેસના પ્રથમ તબક્કામાં પણ મેટા પર 375 મિલિયન ડોલરનો સિવિલ દંડ ફટકારવામાં આવ્યો હતો. કોર્ટે નોંધ્યું હતું કે કંપનીને એ વાતની પૂરી જાણકારી હતી કે તેના પ્લેટફોર્મ બાળકોના માનસિક સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી રહ્યા છે અને સાથે જ બાળકોના યૌન શોષણ સંબંધિત ગંભીર બાબતોને છુપાવવાનું કામ પણ કરવામાં આવ્યું હતું.

ફરિયાદી પક્ષે કોર્ટ પાસે માંગ કરી છે કે મેટાના પ્લેટફોર્મ્સમાં તાત્કાલિક ધોરણે મોટા ફેરફારો લાગુ કરવામાં આવે. જેમાં સોશિયલ મીડિયાનું વ્યસન લગાડતી સુવિધાઓ પર નિયંત્રણ, એજ વેરિફિકેશન પ્રક્રિયામાં સુધારો કરવો અને ડિફોલ્ટ પ્રાઈવેસી સેટિંગ્સ સાથે કડક સર્વેલન્સ રાખીને બાળકોના શોષણને રોકવાના પગલાં સામેલ છે. જોકે, અદાલતે એ બાબતનો પણ ઉલ્લેખ કર્યો હતો કે માત્ર મેટા પર જ ઉંમર વેરિફિકેશનના કડક નિયમો લાદવામાં આવે અને અન્ય સોશિયલ મીડિયા કંપનીઓને મુક્તિ અપાય, તો તે એકતરફી અને અયોગ્ય, તો તે એકતરફી અને અયોગ્ય ગણાશે.

# વિદેશી ફંડોમાંથી રોકાણકારોની સતત પીછેહઠ

મુંબઈ: ભારતીય મૂડી બજાર અને શેરબજારમાંથી વિદેશી રોકાણકારો દ્વારા નાણાં પાછા ખેંચી લેવાનો સિલસિલો હજુ પણ યથાવત રહ્યો છે, જેમાં તાજેતરમાં પૂરા થયેલા જૂન ત્રિમાસિક ગાળા દરમિયાન ભારત કેન્દ્રીત વિદેશી ફન્ડોમાંથી અંદાજે ચાર પૂર્ણાંક છાસઠ અબજ ડોલરનું જંગી રોકાણ પાછું ખેંચી લેવામાં આવ્યું હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. ઘરઆંગણે સ્થાનિક ઈક્વિટી બજારમાં સારો એવો સુધારો જોવા મળ્યો હોવા છતાં, વૈશ્વિક સ્તરે ઊંચા મૂલ્યાંકનો, ભૌગોલિક રાજકીય તણાવ અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધની અનિશ્ચિતતાને કારણે વિદેશી રોકાણકારો ભારતીય બજારમાંથી સાવચેતીના ભાગરૂપે પીછેહઠ કરી રહ્યા છે.

એક નાણાકીય રિસર્ચ પેઢીના અહેવાલ મુજબ, વિદેશી મ્યુચ્યુઅલ ફન્ડ્સ અને એક્સચેન્જ ટ્રેડેડ ફન્ડ્સ એટલે કે ઈટીએફ મારફત ભારતીય ઈક્વિટીમાં રોકાણ કરનારા રોકાણકારોનું માનસ હાલમાં થોડું પ્રભાવિત થયું છે, જેના કારણે જૂન ત્રિમાસિકમાં આ ચાર પૂર્ણાંક છાસઠ અબજ ડોલરનો નેટ આઉટફ્લો નોંધાયો છે જે અગાઉ માર્ચ ત્રિમાસિકમાં પાંચ અબજ ડોલર જેટલો રહ્યો હતો. આશ્ચર્યની વાત એ છે કે આ જ સમયગાળા દરમિયાન સેન્સેક્સમાં સાત ટકાનો વધારો થયો હતો અને મિડકેપ તથા સ્મોલકેપ ઈન્ડેક્સમાં પણ અનુક્રમે સત્તર ટકા અને ઓગણત્રીસ ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો હતો, તેમ છતાં વિદેશી ફંડોમાંથી નાણાં બહાર જવાનો ક્રમ અટક્યો નથી.

બજારમાં રેલીના કારણે ભારત કેન્દ્રીત વિદેશી ફન્ડ્સ અને ઈટીએફની કુલ એસેટનું મૂલ્ય જૂન ત્રિમાસિકના અંતે વધીને એંસી પૂર્ણાંક વીસ અબજ ડોલર સુધી પહોંચી ગયું હતું, જે અગાઉ માર્ચ ત્રિમાસિકમાં સિત્તેર પૂર્ણાંક દસ અબજ ડોલર નોંધાયું હતું. અમેરિકન ટ્રેઝરી યીલ્ડમાં વધારો, વૈશ્વિક સ્તરે ડોલરમાં મજબૂતાઈ અને પશ્ચિમ એશિયાના યુદ્ધના માહોલને કારણે રોકાણકારો સાવચેત બન્યા છે. માત્ર ભારત કેન્દ્રીત ફંડો જ નહીં પરંતુ ભારતીય મૂડી બજારમાં સીધા સક્રિય રહેલા વિદેશી સંસ્થાકીય રોકાણકારો પણ જૂન ત્રિમાસિકમાં નેટ વેચવાલ રહ્યા હતા અને તેમનો કુલ નેટ આઉટફ્લો પંદર પૂર્ણાંક દસ અબજ ડોલર જેટલો રહેવા પામ્યો હતો.

## News Brief

### શિપરોકેટ લિમિટેડનો આઈપીઓ બુધવાર, 12 ઓગસ્ટ, 2026ના રોજ ખુલશે

અમદાવાદ | શિપરોકેટ લિમિટેડ (The "Company") તેના ઈક્વિટી શેરના આઈપીઓ માટેની બિડ/ઓફર બુધવાર, 12 ઓગસ્ટ, 2026ના રોજ ખુલ્લી મૂકશે. આ ઓફર માટે પ્રતિ ઈક્વિટી શેરનો પ્રાઇસ બેન્ડ રૂ. 92થી રૂ. 97 ("Price Band") નક્કી કરવામાં આવ્યો છે. રોકાણકારો ઓછામાં ઓછા 154 ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ 154 શેરના ગુણાંકમાં બિડ કરી શકશે ("Minimum Bid Lot"). એન્કર ઈન્વેસ્ટર્સ માટે બિડીંગની તારીખ મંગળવાર, 11 ઓગસ્ટ, 2026 રહેશે. બિડ/ઓફર બુધવાર, 12 ઓગસ્ટ, 2026ના રોજ ખુલશે. પ્રતિ શેર રૂ. 10ની ફેસ વેલ્યૂ ધરાવતા કુલ રૂ. 16,174.85 મિલિયન સુધીના ઈક્વિટી શેરની આ ઓફરમાં રૂ. 8,855.00 મિલિયન સુધીના મૂલ્યના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ તથા રૂ. 7,319.85 સુધીના મૂલ્યના ઈક્વિટી શેરની વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે.કંપની ફ્રેશ ઈશ્યૂમાંથી પ્રાપ્ત થનારી ચોખ્ખી રકમનો ઉપયોગ મુખ્યત્વે તેના ઈમર્જિંગ બિઝનેસ અને કોર બિઝનેસ માટે માર્કેટિંગ પહેલમાં રોકાણ કરીને શિપરોકેટના પ્લેટફોર્મના વિકાસ માટે કરશે. ઉપરાંત, ઈમર્જિંગ બિઝનેસ અને કોર બિઝનેસ માટે ટેક્નોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ક્ષમતાઓના વિકાસમાં રોકાણ, કંપનીએ લીધેલી કેટલીક લોનની સંપૂર્ણ અથવા આંશિક ચુકવણી/ પૂર્વચુકવણી તેમજ તેના પરના વ્યાજની ચૂકવણી, વણઓળખાયેલા હસ્તાંતરણો દ્વારા ઈનઓર્ગેનિક ગ્રોથ માટે ભંડોળ પૂરું પાડવા અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે આ રકમનો ઉપયોગ કરવાનો પ્રસ્તાવ છે.

## જે ભારતની નંબર 1 SUVની નક્કર નવી અભિવ્યક્તિ છે

# ટાટા મોટર્સ પેસેન્જર વેહિકલ્સે નેક્સોન કેમો રજૂ કરી

મુંબઈ : નેક્સોનનો એક દાયકો અને 11 લાખથી વધુ ગ્રાહકોના વિશ્વાસની ઉજવણી કરતાં ભારતની અગ્રગણ્ય વાહન ઉત્પાદકોમાંની એક ટાટા મોટર્સ પેસેન્જર વેહિકલ્સે (ટીએમપીવી) આજે નેક્સોન કેમોના લોન્ચની જાહેરાત કરી, જેની શરૂઆતી કિંમત 9.99 લાખ (એક્સ-શોરૂમ, દિલ્હી)થી થાય છે. બે વિશિષ્ટ પ્રીમિયમ રંગો મુન્નર મિસ્ટ અને કૂર્ગ ક્લાઉડમાં ઉપલબ્ધ નેક્સોન કેમો હરમનTM દ્વારા અલ્ટ્રા વ્યૂ ટ્વિન HD ડિજિટલ કોકપિટ 31.24 સેમી (12.3-ઈંચ) ઈન્ફોટેઈનમેન્ટ સિસ્ટમ અને એમ્બેડેડ નેવિગેશન સાથે હરમનTM દ્વારા ડિજિટલ 26.03 cm (10.25-ઈંચ) ડિજિટલ ઈન્સ્ટ્રુમેન્ટ ક્લસ્ટર અને 360 કેમેરા સરાઉન્ડ વ્યુ સિસ્ટમના ભાગરૂપે ઈન્ટીગ્રેટેડ ડેશકેમ રેકોર્ડરનો સમાવેશ થાય છે. આ ઉમેરાઓમાં પૂરક બનાવતાં પ્રીમિયમ કમ્ફર્ટ, સલામતી અને ઈન્ટેલિજન્ટ ટેકનોલોજી સુવિધાઓનું મજબૂત પેકેજ છે, જેમાં ADAS, વૉઈસ-આસિસ્ટેડ પેનોરમિક સનરૂફ, વેન્ટિલેટેડ લેધરેટ સીટ્સ અને JBL ઑડિયો સિસ્ટમનો સમાવેશ થાય છે. પેટ્રોલ, ડીઝલ અને CNG પાવરટ્રેનમાં ઉપલબ્ધ, બહુવિધ ટ્રાન્સમિશન વિકલ્પો સાથે, નેક્સોન કેમો દરેક પ્રકારના SUV ગ્રાહક માટે વિશિષ્ટ માલિકીનો પ્રસ્તાવ આપે છે.વર્ષોથી ટાટા નેક્સોને બદલાતી




ગ્રાહક આકાંક્ષાઓ સાથે સતત ઉત્ક્રાંતિ કરીને પોતાને ભારતની સૌથી સફળ અને આઈકોનિક SUV બ્રાન્ડ્સમાંની એક તરીકે સ્થાપિત કરી છે. સલામતી, અદ્યતન ટેકનોલોજી અને ટર્બોચાર્જ્ડ પર્ફોર્મન્સની વ્યાપ્તિ વધારવાથી લઈને અજોડ પાવરટ્રેન પસંદગી પ્રદાન કરવા સુધી નેક્સોને કોમ્પેક્ટ SUV સેગમેન્ટમાં અપેક્ષાઓને સતત ફરીથી વ્યાખ્યાયિત કરી છે, નવીનતા અને ગ્રાહક વિશ્વાસનો મજબૂત વારસો બનાવ્યો છે. આગામી તહેવારોની મોસમ સાથે સુસંગત થવા માટે નેક્સોન કેમોએ વિશિષ્ટ સ્ટાઈલ, ઉન્નત ટેકનોલોજી અને પ્રીમિયમ નવા રંગોને નેક્સોની સલામતી, પ્રદર્શન અને વૈવિધ્યતાની સ્થાપિત શક્તિઓ સાથે જોડીને તે ફિલોસોફી પર નિર્માણ કર્યું છે. પેટ્રોલ, ડીઝલ અને iCNG પાવરટ્રેન તેમ જ બહુવિધ ટ્રાન્સમિશન વિકલ્પોમાં ઉપલબ્ધતા સાથે દરેક ગ્રાહક અને દરેક ડ્રાઈવિંગ પસંદગી માટે નેક્સોન કેમો છે.આ લોન્ચ પર ટિપ્પણી કરતાં ટાટા પેસેન્જર ઈલેક્ટ્રિક મોબિલિટીના ચીફ કમર્શિયલ ઓફિસર શ્રી વિવેક શ્રીવત્સે જણાવ્યું હતું કે, "એક દાયકા પહેલાં લોન્ચ થયા પછી નેક્સોન 1.1 મિલિયનથી વધુ પરિવારો માટે આરામદાયક, સલામત અને આનંદપ્રદ મુસાફરી પૂરી પાડી છે.

# અલ નિનોના કારણે કઠોળ મુક્ત કરાશે



અમદાવાદ: દેશના કૃષિ અને ખાદ્ય બજારમાંથી એક અત્યંત મહત્વપૂર્ણ અહેવાલ સામે આવ્યો છે, જેમાં અલ નીનોની સંભવિત માઠી અસર અને આગામી રવિ સિઝન દરમિયાન પાકના ઉત્પાદન પર ઊભી થઈ રહેલી જોખમી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર દ્વારા અગાઉથી જ કડક અને સાવચેતીભર્યા પગલાં લેવામાં આવી રહ્યા છે. જો આગામી દિવસોમાં બજારમાં કઠોળના ભાવમાં અચાનક મોટો વધારો જોવા મળશે.

તો સરકાર દ્વારા તાત્કાલિક ધોરણે પોતાના વિશાળ ચાર પૂર્ણાંક ચોવીસ મિલિયન ટનના બફર સ્ટોકમાંથી કઠોળને માપાંકિત રીતે મુક્ત કરીને ખુલ્લા બજારમાં ઠાલવવામાં આવશે. હાલના તબક્કે સરકાર દ્વારા ચાલુ ખરીફ પાકની વાસ્તવિક સ્થિતિનું ઊંડાણપૂર્વક મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે અને છૂટક ભાવો પર સતત નજર રાખવામાં આવી રહી છે.સત્તાવાર સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, સપ્ટેમ્બર મહિના દરમિયાન અલ નીનો સક્રિય થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે, જેની સીધી વિપરીત અસર આગામી રવિ પાકના ઉત્પાદન પર પડી શકે છે. સરકારના આ બફર સ્ટોક હસ્તક્ષેપનો મુખ્ય ઉદ્દેશ્ય બજારના મોટા ખેલાડીઓ અને વેપારીઓ દ્વારા કરવામાં આવતી હેરાફેરીભરી સંગ્રહખોરી તેમજ અનૈતિક અટકળો કે સટ્ટાખોરી સામે મજબૂત અવરોધક તરીકે કામ કરવાનો છે, જેથી વેપારીઓ પોતાના ભાવ ઘટાડવા માટે મજબૂર બને. આ કઠોળનો બફર સ્ટોક મુખ્યત્વે પ્રાઈસ સપોર્ટ સ્કીમ, પ્રાઈસ સ્ટેબિલાઈઝેશન ફંડ અને નિયંત્રિત આયાત હેઠળ ખરીદી કરીને તૈયાર કરવામાં આવ્યો છે, જેનું સંચાલન નાફેડ અને એનસીસીએફ જેવી અગ્રણી સહકારી સંસ્થાઓ દ્વારા સુરક્ષિત રીતે કરવામાં આવી રહ્યું છે.વર્તમાન સમયમાં ઉપલબ્ધ કુલ કઠોળ બફરની વિગતવાર સમીક્ષા કરીએ તો, તેમાંથી અંદાજે બે પૂર્ણાંક છ્યોત્તેર મિલિયન ટન જથ્થો પ્રાઈસ સપોર્ટ સ્કીમ હેઠળ ઉપલબ્ધ છે જ્યારે એક પૂર્ણાંક સિસ્તેર મિલિયન ટન જથ્થો પ્રાઈસ સ્ટેબિલાઈઝેશન ફંડ હેઠળ સુરક્ષિત રાખવામાં આવ્યો છે.

# મિલ્કી મિસ્ટ ડેરી ફૂડ લિમિટેડના ઇક્વિટી શેર્સનો આઈપીઓ મંગળવાર, 11 ઓગસ્ટ 2026ના રોજ ખુલશે




(એજન્સી) અમદાવાદ | તા 07

મિલ્કી મિસ્ટ ડેરી ફૂડ લિમિટેડ (the "Company") તેના ઈક્વિટી શેર્સના આઈપીઓ સંદર્ભે બિડ/ઓફર મંગળવાર, 11 ઓગસ્ટ 2026ના રોજ ખુલ્લી મુકશે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ બિડ/ ઓફર ખુલવાની તારીખના કામકાજના એક દિવસ પહેલા એટલે કે સોમવાર, 10 ઓગસ્ટ, 2026 છે. બિડ/ઓફર ગુરુવાર, 13 ઓગસ્ટ 2026ના રોજ બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ સોમવાર, 10 ઓગસ્ટ, 2026 છે. ઓછામાં ઓછા 107 ઈક્વિટી શેર અને ત્યારબાદ તેના 107 શેરના ગુણાંકમાં બિડ કરી શકાશે. પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. 133થી રૂ. 140 નક્કી કરવામાં આવ્યો છે.આ ઓફરની કુલ સાઈઝ રૂ. 2ની ફેસ વેલ્યુ ધરાવતા [] સુધીના ઈક્વિટી શેરની છે, જેની કુલ કિંમત રૂ. 15,530.00 મિલિયન સુધી રહેશે. ઓફરમાં રૂ. 2ની ફેસ વેલ્યૂ ધરાવતા [] સુધીના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂનો સમાવેશ થાય છે, જેની કુલ કિંમત રૂ. 14,280.00 મિલિયન સુધીની છે. ઉપરાંત, [] સુધીના ઈક્વિટી શેરના વેચાણ માટેની ઓફરનો પણ સમાવેશ થાય છે, જેની કુલ કિંમત રૂ. 1,250.00 મિલિયન સુધીની છે. વેચાણ માટેની ઓફર હેઠળ સતીશકુમાર ટી દ્વારા રૂ. 2ની ફેસ વેલ્યૂ ધરાવતા [] સુધીના ઈક્વિટી શેર, જેની કુલ કિંમત રૂ. 750.00 મિલિયન સુધીની છે, તેમજ અનિતા એસ દ્વારા રૂ. 2ની ફેસ વેલ્યૂ ધરાવતા [] સુધીના ઈક્વિટી શેર, જેની કુલ કિંમત રૂ. 500.00 મિલિયન સુધીની છે, વેચવામાં આવશે.એમ્પ્લોઈ રિઝર્વેશન હિસ્સા હેઠળ અરજી કરનારા પાત્ર કર્મચારીઓને પ્રતિ ઈક્વિટી શેર રૂ. 13નું ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.લાગુ કાયદાની જોગવાઈઓ મુજબ કંપનીએ બુક રનિંગ લીડ મેનેજર્સ સાથે ચર્ચા કરીને પ્રી-આઈપીઓ પ્લેસમેન્ટ હાથ ધર્યું હતું જેમાં (1) રૂ. 2ની ફેસ વેલ્યૂ ધરાવતા 5,43,789 ઈક્વિટી શેર પ્રતિ ઈક્વિટી શેર રૂ. 139.76ના ભાવે (જેમાં પ્રતિ શેર રૂ. 137.76નું પ્રીમિયમ સામેલ છે) અને (2) રૂ. 2ની ફેસ વેલ્યૂ ધરાવતા 2,50,00,000 ફરજિયાત કન્વર્ટિબલ પ્રેફરન્સ શેર (CCPS) પ્રતિ CCPS રૂ. 139.76ના ભાવે ફાળવ્યા હતા, જેનું કુલ મૂલ્ય રૂ. 3,570.00 મિલિયન છે.

# અમેરિકી રાજદૂત સર્જિયો ગોરની ઉદ્યોગ અગ્રણીઓ સાથે મહત્ત્વની બેઠક

નવી દિલ્હી : ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે શુક્રવારે અદ્યતન મેન્યુફેક્ચરિંગ, ટેકનોલોજી, અવકાશ (સ્પેસ) અને પર્યાવરણ જેવા મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં ભારત અને અમેરિકા વચ્ચેના દ્વિપક્ષીય સહયોગને વધુ વેગ આપવા માટે દેશના અગ્રણી ઉદ્યોગપતિઓ અને સરકારી પ્રતિનિધિઓ સાથે ઉચ્ચસ્તરીય બેઠકો યોજી હતી. આ બેઠકો દરમિયાન બંને દેશો વચ્ચેના વ્યાપારી સંબંધોને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી. રોલ્સ-રોય્સના પ્રમુખ સાથેની મુલાકાત વિશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર માહિતી આપતા રાજદૂત સર્જિયો ગોરે જણાવ્યું



હતું કે અદ્યતન મેન્યુફેક્ચરિંગ, એરોસ્પેસ અને ઈનોવેશન ક્ષેત્રે બંને દેશોની ભાગીદારીને મજબૂત કરવા માટે આ બેઠક અત્યંત ફળદાયી રહી છે.રોલ્સ-રોય્સ નોર્થ અમેરિકાના ચેરમેન એડમ રિડલ અને રોલ્સ-રોય્સ ઈન્ડિયાના એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ રિષિ મુકુંદન સાથેની આ બેઠકમાં કંપની દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોની સમીક્ષા કરવામાં આવી હતી. રાજદૂત ગોરે જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા મળીને વધુ સુરક્ષિત અને સમૃદ્ધ ભવિષ્યનું નિર્માણ કરી રહ્યા છે. આ ઉપરાંત, બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક સપ્લાય ચેઈનને વધુ મજબૂત બનાવવા માટે ક્રિટિકલ મિનરલ્સ એટલે કે મહત્ત્વપૂર્ણ ખનિજોના ક્ષેત્ર પર પણ વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.સહાયક સચિવ વેસ્લે આર. બ્રુક્સ સાથેની બેઠક અંગે ચર્ચા કરતા રાજદૂત ગોરે અવકાશ ભાગીદારી, મહત્ત્વપૂર્ણ ખનિજો અને પર્યાવરણીય સહકારમાં થઈ રહેલી પ્રગતિને બિરદાવી હતી. તેમણે યુએસ-ઈન્ડિયા સિવિલ સ્પેસ જોઈન્ટ વર્કિંગ ગ્રુપની કામગીરીની પણ સમીક્ષા કરી હતી.

## આરબીઆઈના સર્વેમાં થયો ખુલાસો

# શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં કોન્ફીડન્સ ઘટ્યો

મુંબઈ: દેશના આર્થિક ક્ષેત્રમાંથી એક મહત્વપૂર્ણ અહેવાલ સામે આવ્યો છે, જેમાં ભારતીય રિઝર્વ બેંક દ્વારા હાથ ધરવામાં આવેલા તાજેતરના કન્ઝ્યુમર કોન્ફિડન્સ સર્વે અનુસાર જુલાઈ મહિના દરમિયાન દેશના શહેરી તેમજ ગ્રામ્ય બંને વિસ્તારોમાં ઉપભોક્તાઓનો આત્મવિશ્વાસ એટલે કે કન્ઝ્યુમર કોન્ફિડન્સ નબળો પડ્યો હોવાનું બહાર આવ્યું છે. સામાન્ય જનતા વર્તમાન આર્થિક સ્થિતિ, રોજગારનું ભવિષ્ય અને વધતી મોંઘવારી કે ફુગાવા જેવી બાબતોને લઈને ગંભીર ચિંતા અનુભવી રહી છે, જેના કારણે લોકોના માનસ પર તેની સ્પષ્ટ અસર જોવા મળી રહી છે.રિઝર્વ બેંક દ્વારા જુલાઈ મહિના માટે આયોજિત આ કન્ઝ્યુમર કોન્ફિડન્સ સર્વેમાં દેશના ઓગણીસ મોટા શહેરોમાંથી કુલ પાંચ હજાર નવસો સત્તાસી ઉપભોક્તાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં હાથ ધરાયેલા આ સર્વેમાં આઠ હજાર પાંચસો એકાણું વપરાશકર્તાઓએ પોતાના અભિપ્રાયો રજૂ કર્યા હતા. અગિયારમી જુલાઈથી વીસમી જુલાઈ વચ્ચેના સમયગાળા દરમિયાન આ સર્વે પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી, જેના વિશ્લેષણ પરથી સ્પષ્ટ થયું છે કે શહેરી અને ગ્રામ્ય બંને ક્ષેત્રોના પરિવારોમાં આર્થિક બાબતોને લઈને થોડી નિરાશા કે નબળાઈ ઘર કરી રહી છે.સર્વેના સત્તાવાર ડેટા પર નજર કરીએ તો, શહેરી વિસ્તારો માટેનો કરન્ટ સિચ્યુએશન ઈન્ડેક્સ જે અગાઉ મે મહિનામાં નેવું પૂર્ણાંક સિત્તેર હતો તે ઘટીને જુલાઈમાં અઠ્યાસી પૂર્ણાંક ત્રીસ પર આવી ગયો છે, જ્યારે ફ્યુચર એક્સપેક્ટેશન ઈન્ડેક્સ પણ એક સો અઠ્ઠાવીસ પૂર્ણાંક સાતસથી ઘટીને એક સો પંદર પૂર્ણાંક ત્રીસ નોંધાયો છે.

## એશિયામાં ભારત બીજા ક્રમે રહ્યું

# ફોર્બ્સની યાદીમાં ભારતની કંપનીઓ સામેલ

નવી દિલ્હી: એશિયાના વ્યાપારી અને આર્થિક જગતમાંથી ભારત માટે એક અત્યંત ગર્વ અને ઉત્સાહવર્ધક અહેવાલ સામે આવ્યો છે, જેમાં ફોર્બ્સ એશિયા દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રતિષ્ઠિત 'બેસ્ટ અંડર અ બિલિયન 2026' યાદીમાં એશિયા-પ્રશાંત ક્ષેત્રની બસો શ્રેષ્ઠ નાની અને મધ્યમ કદની લિસ્ટેડ કંપનીઓમાં ભારતની સતાવીસ કંપનીઓએ શાનદાર સ્થાન પ્રાપ્ત કર્યું છે. વૈશ્વિક સ્તરે પ્રવર્તતા વિવિધ આર્થિક પડકારો વચ્ચે પણ ભારતીય કંપનીઓએ પોતાનું ઉત્કૃષ્ટ નાણાકીય પ્રદર્શન જાળવી રાખ્યું છે અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ તથા સોફ્ટવેર જેવી અદ્યતન ટેકનોલોજી આધારિત ક્ષેત્રોમાં મજબૂત દબદબો જમાવીને એશિયામાં બીજો ક્રમ હાંસલ કર્યો છે, જ્યારે અઠ્ઠાવીસ કંપનીઓ સાથે ચીન આ યાદીમાં પ્રથમ ક્રમે છે. આ વર્ષની આ વૈશ્વિક યાદી સ્પષ્ટપણે દર્શાવે છે કે એશિયાનો આર્થિક વિકાસ હવે પરંપરાગત ક્ષેત્રોથી આગળ વધીને નવી ટેકનોલોજી આધારિત સેક્ટર્સ તરફ તેજીથી આગળ વધી રહ્યો છે. પસંદ કરવામાં આવેલી કુલ કંપનીઓમાંથી પચ્ચીસ ટકા જેટલો મોટો હિસ્સો એઆઈ, સોફ્ટવેર, સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ્સ સાથે સીધી રીતે જોડાયેલી કંપનીઓનો છે. આ ઉપરાંત, ડેટા સેન્ટર, ઈલેક્ટ્રિક વ્હીકલ, રિન્યુએબલ એનર્જી અને એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ જેવા ભવિષ્યના મહત્વપૂર્ણ ક્ષેત્રોની કંપનીઓએ પણ આ યાદીમાં જગ્યા બનાવીને રોકાણકારોનો વધતો જતો વિશ્વાસ અને ઝુકાવ ઉજાગર કર્યો છે. ફોર્બ્સ એશિયા દ્વારા આ યાદી તૈયાર કરવા માટે એશિયા-પ્રશાંત ક્ષેત્રની ઓગણીસ હજારથી વધુ કંપનીઓનું ગહન પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

## વેચાણ વૃદ્ધિ | વીજ વાહનોનો વેચાણ આંક નવી ઊંચી સપાટીએ પહોંચ્યો

# જુલાઈમાં વાહનોના વેચાણમાં ૨૫ ટકા વધારો



મુંબઈ : જુલાઈમાં ઓટો રિટેલ વેચાણમાં વાર્ષિક ધોરણે ૨૫.૮૯ ટકા વધારો થઈને ૨૫,૯૧,૧૩૮ વાહનો રહ્યું છે. ગયા વર્ષના સપ્ટેમ્બરમાં ગુડ્સ એન્ડ સર્વિસીઝ ટેક્સ (જીએસટી)માં ઘટાડો કર્યા બાદ વાહનોના વેચાણમાં સતત વૃદ્ધિ જોવા મળી રહી છે એમ ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન (ફાડા) દ્વારા જણાવાયું હતું. વર્તમાન મહિનામાં વેચાણ વૃદ્ધિ બાબતે ડીલરો આશાવાદ ધરાવી રહ્યા છે.ગયા વર્ષના જુલાઈમાં વાહનોનો રિટેલ વેચાણ આંક ૨૦,૫૮,૩૨૫ એકમ રહ્યો હતો. વર્તમાન વર્ષના જુલાઈમાં ઊતારૂ વાહનોના વેચાણમાં ૧૯.૧૩ ટકા વધારો થઈને ૪,૧૬,૫૫૫ એકમ રહ્યો છે. ટુ વ્હીલર્સનું વેચાણ વાર્ષિક ધોરણે ૨૮.૨૫ ટકા વધી ૧૮,૧૮,૨૮૯ રહ્યું છે જ્યારે થ્રી વ્હીલર્સનું વેચાણ ૧૬.૧૬ ટકા વધી ૧,૩૩,૭૭૮ રહ્યું હોવાનું ફાડાની એક યાદીમાં જણાવાયું હતું.આ વર્ષે એવું પહેલી વખત જોવા મળ્યું છે કે કોઈ વર્ષના જુલાઈમાં દરેક પ્રકારના વાહનોનું વેચાણ શ્રેષ્ઠ રહ્યું હોય એમ ફાડાના પ્રમુખ સાઈ ગીરધરે જણાવ્યું હતું.ટુ વ્હીલર્સ, થ્રી વ્હીલર્સ, કમર્સિઅલ વ્હીકલ્સ, ઊતારૂ વાહનો, ટ્રેક્ટર્સ સહિતના વાહનોનું રિટેલ વેચાણ જોરદાર રહ્યું છે.જીએસટીમાં ઘટાડાને કારણે વાહનોની નીચી કિંમત, આસાન રિટેલ ફાઈનાન્સ જેવા પરિબળોને કારણે વાહનોની વેચાણ વૃદ્ધિ જળવાઈ રહી છે.ઊતારૂ વાહન બજારમાં વૈકલ્પિક ઈંધણ સાથેના વાહનો અને પેટ્રોલ વાહનો વચ્ચેનું અંતર હવે સાવજ ઘટી ગયું છે. ઊતારૂ વાહનોમાં સીએનજીનો હિસ્સો ૨૪.૬૭ ટકા, હાઈબ્રિડનો ૮.૦૨ ટકા તથા વીજનો ૭.૯૦ ટકા સાથે એકંદર હિસ્સો ૪૦.૫૯ ટકા પર આવી ગયો છે જ્યારે પેટ્રોલ સાથેના ઊતારૂ વાહનોનો હિસ્સો ૪૧.૬૮ ટકા છે. એક વર્ષ પહેલા આ અંતર ૧૩.૨૧ ટકા હતું.ટુ વ્હીલર્સમાં વીજ સંચાલિત વાહનોનો હિસ્સો જે એક વર્ષ અગાઉ ૭.૬૫ ટકા હતો તે વધી ૧૧.૨૪ ટકાની નવી ઊંચી સપાટીએ પહોંચ્યો હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.વીજ વાહનોનું એકંદર રિટેલ વેચાણ ગત મહિને ૩,૨૭,૯૦૧ સાથે ઓલ ટાઈમ હાઈ રહ્યું છે.

## 'મેચી મેચી પીએચ' કેમ્પેઇન,

# બાળકની સ્વસ્થ્ય અને સુરક્ષિત ત્વચા માટે પીએચ 5.5ની સારી સંભાળ પર ભાર મૂકતું મલ્ટીલિંગ્વલ કેમ્પેઇન રજૂ

(એજન્સી) નવી દિલ્હી | તા 07

હિમાલયા બેબીકેર, ભારતની સૌથી વધુ વિશ્વસનીય અને ચહિતી બેબીકેર બ્રાન્ડ્સ રજૂ કરે છે, તેનું નવું કેમ્પેઇન 'મેચી મેચી પીએચ', જે બાળકની નાજુક ત્વચામાં કુદરતી પીએચ સમતોલન જાળવવાના મહત્વને બતાવે છે. આ કેમ્પેઇનમાં હિમાલયા બેબીકેરની 5.5 પીએચ જેન્ટલ રેન્જનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં હિમાલયા જેન્ટલ બેબી શેમ્પૂ, હિમાલયા જેન્ટલ બેબી વોશ, જેન્ટલ બેબી લોશન અને જેન્ટલ બેબી ક્રિમનો સમાવેશ થાય છે, જે બાળકની ત્વચાના પીએચથી વિરુદ્ધ થતા ત્વચાના અવરોધને સુરક્ષિત કરતા અને અંદરના મોશ્ચ્યુરાઈઝરને સીલ કરવામાં તેના માથાથી પગ સુધીની સૌમ્ય સંભાળ પૂરી પાડે છે.કેમ્પેઇનનું કેન્દ્ર છે, સુંદર ડિજિટલ ફિલ્મ, જેમાં એક સંબંધિત પેરેન્ટિંગ ક્ષણને સાંકળવામાં આવી છે. આ ફિલ્મમાં બતાવવામાં આવ્યું છે કે, માતા પ્રેમથી તેના બાળકને મેચિંગ



કપડા પહેરાવી રહી છે અને બીજી એક મહત્વપૂર્ણ બાબત પણ મેચ કરી રહી છે, જે છે: બાળકની ત્વચાનું પીએચ. જ્યારે માતા-પિતા સામાન્ય રીતે દરેક જીણામાં જીણી બાબતોને સંપૂર્ણ રીતે મેચ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, ત્યારે આ કેમ્પેઇન તેમને યાદ અપાવે છે કે, બાળકની ત્વચાને સુરક્ષિત, નરમ અને સ્વસ્થ રાખવા માટે ત્વચાના કુદરતી પીએચ સાથે મેચ કરવી એટલી જ મહત્વપૂર્ણ છે. ફિલ્મમાં એક સરળ અને યાદગાર ટેગલાઈન છે, "મેચી મેચી પીએચ," અને તે બતાવે છે કે કેવી રીતે હિમાલયા બેબીકેરની પીએ 5.5 જેન્ટલ રેન્જ બાળકની ત્વચાના કુદરતી પીએચ સંતુલન જાળવવામાં મદદ કરે છે, ત્વચાના અવરોધને સુરક્ષિત કરવામાં અને મોશ્ચ્યુરને બંધ કરવામાં મદદ કરે છે.

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2082, અષાઢ વદ - 10

# જેન-ઝી નામની મત બેન્ક બચાવવા ભાગવત મેદાનમાં

મોદી સરકારે કોકરોચ જનતા પાર્ટીના આંદોલન સામે ઝૂકી, ૧૨ વર્ષમાં પહેલીવાર મંત્રીનું રાજીનામું લીધું. જેન-ઝી વોટબેંક બચાવવા RSS મેદાનમાં આવ્યું, મોહન ભાગવતે યુવાનો સાથે સંવાદ કર્યો. મુંબઈ હાઈકોર્ટે તરૂણ તેજપાલને દોષિત ઠેરવી ૧૦ વર્ષની સજા ફટકારી. સુપ્રીમ કોર્ટે ન્યાયાધીશોને સરકારી કર્મચારી નહીં, ખાસ વર્ગના ગણાવ્યા. મહેબુબા મુફ્તી પર રાષ્ટ્રધ્વજ અપમાનનો આરોપ લાગ્યો. કોકરોચ જનતા પાર્ટીના આંદોલન સામે ઝૂકી જતા મોદી સરકારે ૧૨ વર્ષના ઈતિહાસમાં પહેલી વખત કોઈ મંત્રી પાસેથી રાજીનામું લેવાની ફરજ પડી હતી. આ આંદોલનમાં વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ તેમજ છેલ્લા કેટલાક વર્ષોથી સરકારની નીતિઓના કારણે જેન-ઝીમાં મોદી સરકાર પ્રત્યે નારાજગી વધી રહી છે. આવા સમયે જેન-ઝી નામની મત બેન્ક બચાવવા માટે હવે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ મેદાનમાં આવ્યું છે. આ કારણથી જ સંઘના વડા મોહન ભાગવતે ગુરુવારે જેન-ઝી અને જેન-આલ્ફા સાથે સંવાદ સાધ્યો હતો. ઉપરાંત આગામી સમયમાં પણ મોહન ભાગવત ૧૦૦ જેટલા શહેરોમાં યુવાનો સાથે સંવાદ સાધવાના છે. આ સંવાદનો મુખ્ય આશય આગામી ચૂંટણીઓમાં જેન-ઝી નામની મતબેન્ક ભાજપથી દૂર ના જાય તેમ માનવામાં આવે છે. જેન-ઝીન માટે જાહેરમાં નિવેદનો આપી જેન-ઝીના નવા નેતાઓને સરકાર સાથે તાલમલ કરાવવાનું પાછલા બારણે આયોજન કરાવાઈ રહ્યું છે તેવું દિલ્હીના પાવર કોરીડોરમાં ચર્ચાઈ રહ્યું છે.એક જમાનામાં જેમના પત્રકારત્વએ દેશભરમાં ચર્ચા જગાવી હતી એ તરૂણ તેજપાલ ફરીથી ચર્ચામાં છે. ૨૦૧૩માં એમના પર બળાત્કારની ફરિયાદ દાખલ થઈ હતી. જોકે ગોવાની નીચલી કોર્ટે એમને નિર્દોષ જાહેર કર્યા હતા. આ ચૂકાદા સામે ગોવા સરકાર હાઈકોર્ટમાં ગઈ હતી. હવે મુંબઈ હાઈકોર્ટની ગોવા બેંચે તરૂણ તેજપાલને દોષીત જાહેર કરીને ૧૦ વર્ષની સખત કેદની સજા જાહેર કરી છે. તરૂણ તેજપાલ પર આરોપ હતો કે એમના મેગેઝીનના એક કાર્યક્રમ દરમિયાન ગોવાની સેવન સ્ટાર હોટલની લીફટમાં એમણે જૂનિયર રીપોર્ટર સાથે બે વખત કુકર્મ કર્યું હતું. હાઈકોર્ટના ચુકાદા વખતે હાજર રહેલા તરૂણ તેજપાલે જજને વિનંતી કરી હતી કે એમની ઉંમર ૬૨ વર્ષની છે અને એમને પત્ની અને બે પુત્રીઓ હોવાથી એમના પર દયા રાખવામાં આવે. કોર્ટની બહાર નિકળીને એમણે પત્રકારોને કહ્યું હતું કે 'આ એક રાજકીય કાવતરુ છે અને સરજીલ ઈમામ અને ઉમર ખાલીદની જેમ મને પણ ખોટી રીતે ફસાવવામાં આવ્યો છે.'સુપ્રિમ કોર્ટે કહ્યું છે કે, ન્યાયીક અધિકારી એટલે કે ન્યાયાધીશો સરકારી કર્મચારી હોતા નથી, પરંતુ એક ખાસ વર્ગમાં એમની ગણના થાય છે. જિલ્લા જજોની નિવૃત્તીની ઉંમર ૬૦થી વધારીને ૬૨ કરવાના પ્રસ્તાવ પર ચર્ચા ચાલી રહી હતી. સીજેઆઈ સૂર્યકાંત, જસ્ટીસ જોય માલ્ય બાગચી અને જસ્ટીસ વી મોહનાની બેંચે આ વાત ત્યારે કરી કે જ્યારે કેટલીક રાજ્ય સરકારોએ આ બાબતે વિરોધ નોંધાવ્યો હતો. કોર્ટે ૨૨ જુલાઈએ હાઈકોર્ટોને કહ્યું હતું કે, ન્યાયાધીશોની નિવૃત્તી વય વધારવા બાબતે ચોક્કસ સમયમાં નિર્ણય કરે. જ્યાં હાઈકોર્ટ અને રાજ્ય સરકાર આ બાબતે સહમત થતા હોય ત્યાં ન્યાયાધીશોની નિવૃત્તી વય વધારવાની સહમતી આપે. કોર્ટે પોતાના હુકમમાં કહ્યું હતું કે ન્યાયાધીશો સરકારી કર્મચારી નથી. ભલે એમની નિમણૂક રાજ્ય સરકાર કરતી હોય.શ્રીનગરમાં વિરોધ પ્રદર્શન કરતી વખતે રાષ્ટ્રીય ધ્વજનું અપમાન કરવાનો આરોપ પીપલ્સ ડેમોક્રેટીક પાર્ટી (પીડીપી)ના પ્રમુખ મહેબુબા મુફતી પર મુકાતા તેઓ મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે. મહેબુબા સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી સાથે જમ્મુમાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પક્કા ડંગા પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં સામાજીક કાર્યકર્તા નિરજ શર્માએ મુફ્તી સામે કાયદાકીય કાર્યવાહી કરવાની માંગણી કરી છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી મુફ્તીએ શ્રીનગરમાં આવેલા પીડીપી કાર્યાલયની બહાર કેન્દ્ર સરકારે રદ કરેલા આર્ટીકલ ૩૭૦ને ફરી લાગુ કરવા દેખાવો કર્યા હતા. એ વખતે એમણે રાષ્ટ્રધ્વજ ઊંધો પકડયો હતો. આ પ્રસંગનો વીડિયો દેશભરમાં વાયરલ થયો હતો. ફરિયાદીનું માનવું છે કે, મહેબુબા મુફ્તીએ જાણી જોઈને ઝંડા પરનો કેસરી રંગ નીચે આવે એ રીતે પકડયો હતો.કોંગ્રેસના સાંસદ શશી થરૂર એમના બોલકા સ્વભાવ માટે જાણીતા છે. છેલ્લા કેટલાક સમયથી કોંગ્રેસ હાઈકમાન્ડ એમનાથી નારાજ રહે છે, કારણ કે થરૂર આડકતરી રીતે ભાજપના કેટલાક નિર્ણયને વખાણે છે. હવે શશી થરૂર ફરીથી એક વિવાદમાં સપડાયા છે.

# ભાયાવદરના ખેડૂત આગેવાન ખેડૂતોના પ્રશ્નને લઈ CM ને સંબોધીને આપ્યું આવેદન

અહેવાલ વિજય રાડીયા ઉપલેટા



ઉપલેટા તાલુકાના ભાયાવદર ખેડૂતોએ આપ્યું આવેદન ખેતરમાં વીજપોલનુંચાર ગણું વળતર આપવા સહિતની માગણી પેન્ડિંગ નાની સિંચાઈ પિયત સહકારી મંડળીના આગેવાન મોટીપાનેલીના નેજા હેઠળ પ્રમુખ વલ્લભભાઈ માકડિયાની આગેવાની નીચે ખેડૂતોની વિવિધ પ્રકારની મુશ્કેલીઓના નિવારણ અને ઉકેલ માટે રાજ્યપાલ, મુખ્યમંત્રી, કૃષિમંત્રી, સાંસદ, ધારાસભ્ય તેમજ ક્લેક્ટરને લેખિત સંબોધીને આવેદન આપી આ સમસ્યાના ઉકેલ માટે નાયબ મામલતદારને આવેદનપત્ર અપાયું હતું. કિસાનોએ આ તકે ખેતરમાં નાખવામા આવતા વીજ થાંભલાનું ચાર ગણું વળતર આપવું અને ઉપલેટાની જેમ ટેકાના ભાવે ખરીફ પાક તેમજ રવિ પાકનું કાયમી ધોરણે ખરીદ કેન્દ્ર ભાયાવદર ગામમાં શરૂ કરવામાં આવે ખેડૂતોની નાયબ મામલતદારને રજૂઆત કરવામાં આવી તથા ખાતર, જંતુનાશક દવા, બિયારણ, ટ્રેકટર, ખેતઓજારો તેમજ ખેત ઉપયોગી તમામ વસ્તુઓમાં લાગતા ટેક્સને સંપૂર્ણ નાબૂદ કરવામાં આવે અને ધોરાજી ઉપલેટા વિસ્તારના ભાયાવદર તથા ગ્રામ્ય કક્ષાએ વેચાતા ડુપ્લીકેટ ખાતર તથા બિયારણના ગોરખધંધા બંધ થાય, ખેડૂતોનું ફાર્મર રજિસ્ટર થયેલું ન હોવાથી સરકાર દ્વારા મળતી કોઈપણ સહાય બાબતે મુશ્કેલી થતી હોવાથી આઈ ખેડૂત પોર્ટલમાં તાત્કાલિક ઘટતું કરવા જેવી માંગણીઓ મૂકીને ખેડૂતોએ રજૂઆત કરી હતી કે આ સમસ્યાઓનો તાકીદે નિવડો લાવવો જરૂરી છે.

# કોઠંબા પોલીસ સ્ટેશનમાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરતા આઈ જી વીધી ચૌધરી..

જગદીશ ત્રિવેદી | મહીસાગર

તારીખ ૦૭/૦૮/૨૦૨૬ ના રોજ આઈ જી વિધિ ચૌધરી સાહેબ દ્વારા કોઠંબા પોલીસ સ્ટેશન ખાતે સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું જેમાં કોઠંબા પોલીસ સ્ટેશનના વિવિધ વિસ્તારોના 15 જેટલા અરજદારોની રૂબરૂ મુલાકાત કરીને અરજદારોની વિવિધ રજૂઆતો જેવી કે બોલા ચાલી, જમીનના વિવાદ, વ્યાજ ખોરો વિરુદ્ધની કોઈ રજૂઆત હોય તો તે રજૂઆત બાબતે પોલીસ ડિપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવતી કાર્યવાહી બાબતે ચર્ચા કરી હતી તેમજ અરજદાર સિનિયર સિટીઝન હોય તેમની આર્થિક સામાજિક તકલીફો પડતી હોય તો તેવા સંજોગોમાં પોલીસ સીટીમ તેમના ઘરે રૂબરૂ માં જઈને તેઓની મુલાકાત લઈને તેમને પડતી મુશ્કેલીઓના પ્રશ્નો હલ કરવામાં સંપૂર્ણ પણે મદદ કરશે અને તેમના પ્રશ્નો હલ કરી શકવામાં મદદરૂપ બની શકશે.

તેમજ પોલીસ મદદ માટે 112 કોલ કરી શકશો અને મહિલા હેલ્પલાઈન માટે 181 પર કોલ કરીને જે તે જાણકારી આપી શકશો તેવી સૂચનાઓ આઈજી વીધી ચૌધરી દ્વારા ઉપસ્થિત અરજ દારોને આપવામાં આવી હતી.

કોઠંબા પોલીસ સ્ટેશનના આ સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન કોઠંબા પોલીસ સ્ટેશનના પી આઈ પી આર બલાત મેડમ, એસ.પી સફી હસન , ડીવાયએસપી કમલેશ વસાવા તેમજ અન્ય પોલીસ મિત્રો પણ હાજર રહ્યા હતા.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં બે વિદ્યાર્થીઓએ પીએચ.ડી.નો અભ્યાસ કર્યો સંપન્ન - કુલપતિએ તત્કાલ પ્રોવિજનલ સર્ટીફિકેટ કર્યુ અર્પણ

જૂનાગઢ તા.૭, જૂનાગઢ સ્થિત ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલયમાં વિદ્યાર્થીઓ વિવિધ વિષયોમાં શોધકાર્ય સાથે સંધાન કરી પીએચ.ડી.નો અભ્યાસ કરી રહ્યા છે.આજે ડો.ભરતભાઈ વરજાંગભાઈ ભેડાનાં માર્ગદર્શનમાં ગાધેર હિનાબેન નારણભાઈ એ હિન્દી આર્ટસ વિભાગમાં હરિવંશરાય બચ્ચનની કવિતામાં જીવન અને પ્રેરણા માટે દર્શાવેલ સંઘર્ષ પર એક અભ્યાસ વિષયે આજે આખરી વાઈવા દરમ્યાન પોતાનું શોધપત્ર સી.કે. અને જી.કે. બોસામિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જેતપુરનાં એસોસીયેટ પ્રો.પ્રવિણસિંહ ચૌહણ ની બાહ્ય રેફરી તરીકેની ઉપસ્થિતીમાં સફળતા પુર્વક સબમીટ કર્યુ હતુ.જ્યારે રાડોડ અલ્કાબેન વલ્લભભાઈએ સોશિયોલોજી (સમાજશાસ્ત્ર) / હ્યુમેનિટીઝ અને સોશિયલ સાયન્સ વિભાગમાં ડો.પંકજ એમ. સોંદરવાનાં માર્ગદર્શનમાં કોવિડ - ૧૯ ની યુવાનોના શિક્ષણ પર થયેલી અસરો અને સમસ્યાઓનો સમાજશાસ્ત્રીય અભ્યાસ વિષયે ફાઈનલ વાઈવા વોઈશ દરમ્યાન પોતા દ્વારા સંશોધિત થીશીસ પ્રસ્તુ કરતા તે બાહ્ય રેફરી સમાજશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટનાં એસોસિયેટ પ્રો. ડો.ભરત ખેર દ્વારા થયેલ ભલામણ મુજબ ગ્રાહ્ય રહેલ છે. બન્ને વિદ્યાર્થીઓને ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલયનાં કુલપતિ પ્રો. (ડો.) પ્રતાપસિંહજી ચૌહાણે તુરંત નોટીફિકેશન અને પ્રોવિઝનલ પ્રમાણપત્ર એનાયત કરી શુભકામનાં પાઠવી જણાવ્યુ હતુ કે તમારી વર્ષોની સખત મહેનત, ધૈર્ય અને સંશોધન આજે સફળ થયા છે. શિક્ષણ ક્ષેત્રે આ સર્વોચ્ચ ડિગ્રી મેળવીને તમે અમારું ગૌરવ વધાર્યું છે.

## સમૂહ લગ્ન પછી હવે સમૂહ જન્મદિવસ!

# ભુજના ભાનુશાળી નગરમાં ૧૨ બહેનોએ એકસાથે કાપ્યો કેક, આપ્યું એકતાનું અનોખું ઉદાહરણ

મહેશ એલ..સોની નખત્રાણા



કચ્છમાં સમૂહ લગ્નની પરંપરા વર્ષોથી ચાલી આવે છે. પરંતુ આજે ભુજના ભાનુશાળી નગરમાં ક્રિશિવ ફાઉન્ડેશન ગ્રુપની ૧૨ બહેનોએ સાથે મળીને સમૂહ જન્મદિવસ ઉજવીને સમાજને સદ્ભાવ અને સંપનું નવું ઉદાહરણ પૂરું પાડ્યું છે.ભાનુશાળી નગર ખાતે ગઈકાલે યોજાયેલા આ કાર્યક્રમમાં નિમિત્તાબેન, જેતુનબેન, માલાબેન, બીનાબેન, રંજનબેન, નીતાબેન, ઉન્નતિબેન, રીટાબેન, આરતીબેન, હર્ષિદાબેન અને આશાબેન પ્રિયાબેન એ એક જ મંચ પર એક જ કેક પર મીણબત્તીઓ પ્રગટાવીને પોતાનો જન્મદિવસ ઉજવ્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં મહિલાઓ, બાળકો અને સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહીને સૌને શુભેચ્છાઓ પાઠવી હતી.આ ૧૨ બહેનો અલગ-અલગ જ્ઞાતિ અને સમાજની હોવા છતાં છેલ્લા ઘણા સમયથી સંપ અને ભાઈચારાથી રહે છે. આજના સમયમાં જ્યારે નાના-નાના મુદ્દે પણ મતભેદ જોવા મળે છે, ત્યારે આ બહેનોએ આપેલો આ સંદેશ ખરેખર પ્રેરણાદાયી છે.આ અંગે ગ્રુપના પ્રમુખો શ્રીમતિ નયનાબેન ગોસ્વામી તેમજ શ્રીમતિ વંદનાબેન ભાવસાર ગોહિલ જણાવ્યું હતું કે મોંઘવારીના આ સમયમાં વ્યક્તિગત ઉજવણી કરવાને બદલે સાથે મળીને ઉજવણી કરવાથી ખર્ચ પણ બચે છે અને ખુશી પણ બમણી થાય છે. આ વિચાર સાથે જ આ સમૂહ જન્મદિવસનું આયોજન કરવામાં આવ્યું હતું એવું ગ્રુપના ઉન્નતિબેન ગોહિલની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિ સંગીત, પ્રાર્થના અને કેક કટિંગ બાદ સૌએ એકબીજાને મીઠાઈ ખવડાવીને અભિનંદન આપ્યા હતા. ઉપસ્થિત સૌએ આ અનોખી પહેલને બિરદાવી હતી અને જણાવ્યું હતું કે આવી પહેલથી સમાજમાં એકતા અને પ્રેમની ભાવના વધુ મજબૂત બનશે.સ્થાનિક આગેવાનોએ પણ આ ૧૨ બહેનોને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી અને કહ્યું હતું કે ભાનુશાળી નગરની આ પહેલ સમગ્ર કચ્છ માટે પ્રેરણારૂપ બનશે એવું ગ્રુપના ઉન્નતિબેન ગોહિલની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# જાફરાબાદ ના સામાકાંઠાના અમુક વિસ્તારોમાં પાણી જન્ય રોગચાળો ફેલાય તેવી દહેશત : પાલિકા દ્વારા રોગચાળો ના ફેલાય તે પહેલાં ડીડીટી નો છંટકાવ કરવામાં આવે



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ સામાકાંઠા વિસ્તારોમાં વરસાદી પાણી તથા ગટરના પાણી ના અમુક વિસ્તારોમાં તળાવ જેમ ભરાયેલા હોય આ ગંદકી ને ગંદા પાણી ના લીધે મચ્છરોનો તથા માખીઓ નો ઉપદ્રવ વધી રહ્યો છે. તેના લીધે ગંભીર રોગચાળો ફેલાય તે પહેલાં પાલિકા તથા આરોગ્ય ખાતુ ગંભીરતા લઈ પોરાનાશક દવા છાંટી મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા, ચાંદી પુરા જેવા રોગચાળો પગપેસારો કરે તે પહેલાં ડીડીટી નો છંટકાવ કરવામાં આવે સામાકાંઠા વિસ્તારોમાં ગટરના પાણી તથા વરસાદી પાણી ના લીધે દુર્ગંધ મારી રહ્યું છે. આ દુર્ગંધ મારતાં પાણી ના લીધે મચ્છરો, માખીનો તથા જીવજંતુ નો ઉપદ્રવ વધે તેવો ભય લોકોને સત્તાવી રહ્યો હોય અહીં રહેતા લોકો કે જ્યાં પણી ભરાયેલા છે. તે સામાકાંઠા ના વિસ્તાર લોકી વિહરડા વિસ્તાર તથા રામાપીરના મંદિર, નકટાનીવાવ વિસ્તાર, તલાવડી વિસ્તાર તથા બાલકૃષ્ણ સોસાયટીના ભુતડાદાદા વિસ્તાર તથા અન્ય વિસ્તારોમાં ખદબદતી ગંદકી ના કારણે લોકોમાં રોગચાળો ફેલાય તેવી દહેશત હોય આરોગ્ય વિભાગ તથા પાલિકા દ્વારા ડીડીટી પોરાનાશક દવા છાંટવામાં આવે કારણ કે અહીં વરસાદી પાણી સાથે દુર્ગંધ મારતા ગટરના પણ પાણી નું તળાવ ભરેલા હોય અને કાદવકીચડ નું સામ્રાજ્ય ફેલાયેલું હોવાથી અને પાણી ભરાયેલા હોય જેથી ચિકનગુનિયા, ડેંગ્યૂ, મેલેરીયા, જેવી ગંભીર બીમારીને અટકાવવા માટે પાલિકા તથા આરોગ્ય ખાતુ ગંભીરતા લઈ તાત્કાલિક ધોરણે પોરાનાશક દવા છાંટવામાં આવે તેવી સામાકાંઠા વિસ્તારોના નાગરિકો માંથી માંગ ઉઠી છે.

# હર ઘર તિરંગા અભિયાનને સફળ બનાવવા જૂનાગઢ જિલ્લા ભાજપની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ



જૂનાગઢ, તા.૭: દેશભક્તિ, રાષ્ટ્રભાવના અને એકતાના સંદેશને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનને અનુસરીને સમગ્ર દેશમાં યોજાનારા 'હર ઘર તિરંગા' અભિયાનને જૂનાગઢ જિલ્લામાં ભવ્ય જનભાગીદારી સાથે સફળ બનાવવા માટે આજે જૂનાગઢ જિલ્લા ભાજપ કાર્યાલય 'દીનદયાળ ભવન' ખાતે જિલ્લા ભાજપના આગેવાનો, પદાધિકારીઓ અને કાર્યકર્તાઓની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠક જિલ્લા ભાજપના પ્રભારીશ્રી અરવિંદભાઈની ઉપસ્થિતિમાં તથા જિલ્લા ભાજપ પ્રમુખશ્રી ચંદુભાઈ મકવાણાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેઠકમાં આગામી દિવસોમાં જૂનાગઢ જિલ્લાના દરેક તાલુકા, નગર અને ગામડા ઓમાં 'હર ઘર તિરંગા' અભિયાનને જન આંદોલનનું સ્વરૂપ આપવા માટેના વિવિધ કાર્યક્રમો અંગે વિસ્તૃત ચર્ચા અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. દરેક ઘર સુધી તિરંગો પહોંચાડવાનો સંકલ્પ, બેઠકને સંબોધતા જિલ્લા ભાજપ પ્રમુખશ્રી ચંદુભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, "રાષ્ટ્રધ્વજ માત્ર એક ધ્વજ નથી, પરંતુ તે ભારતની એકતા, અખંડિતતા, સ્વાભિમાન અને દેશભક્તિનું પ્રતિક છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનને સાકાર કરવા જૂનાગઢ જિલ્લામાં પણ 'હર ઘર તિરંગા' અભિયાનને વ્યાપક જનભાગીદારી સાથે ઉજવવામાં આવશે. જિલ્લાના દરેક ઘર ઉપર રાષ્ટ્રધ્વજ લહેરાય તે માટે ભારતીય જનતા પાર્ટીનું સમગ્ર સંગઠન સંકલ્પબદ્ધ છે." તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં જિલ્લાના દરેક તાલુકા અને નગરપાલિકા વિસ્તારમાં આગેવાનો તથા પદાધિકારીઓ દ્વારા બેઠકો યોજવામાં આવશે. ત્યારબાદ ગામેગામ જઈને સ્થાનિક સ્તરે આયોજન કરવામાં આવશે અને વધુમાં વધુ નાગરિકો આ રાષ્ટ્રભક્તિના અભિયાન સાથે જોડાય તે માટે કાર્યકર્તાઓ દ્વારા જનસંપર્ક કરવામાં આવશે.તાલુકા-નગરથી લઈને ગામડાં સુધી તિરંગા યાત્રાનું આયોજન 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત જિલ્લાના વિવિધ તાલુકા, નગર અને ગામોમાં તિરંગા યાત્રા, રાષ્ટ્રધ્વજ વિતરણ, જનસંપર્ક તથા રાષ્ટ્રભાવના સાથે જોડાયેલા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. આ સમગ્ર અભિયાનમાં ભારતીય જનતા પાર્ટીના કર્મઠ કાર્યકર્તાઓની સાથે ભાજપ યુવા મોરચા સહિત વિવિધ મોરચા ના આગેવાનો અને કાર્યકર્તાઓ પણ સક્રિયપણે જોડાશે. યુવા કાર્યકર્તાઓ દ્વારા નગરો અને ગામડાઓમાં પ્રવાસ કરી યુવાનો સહિત સમાજના વિવિધ વર્ગોને આ અભિયાન સાથે જોડવામાં આવશે. 'હર ઘર તિરંગા' બનશે જનભાગીદારીનું રાષ્ટ્રભક્તિ પર્વ, બેઠકમાં ભાર મૂકવામાં આવ્યો હતો કે 'હર ઘર તિરંગા' અભિયાન કોઈ એક પક્ષ કે સંગઠન પૂરતું સીમિત ન રહે, પરંતુ સમાજના તમામ વર્ગોની સહભાગિતાથી રાષ્ટ્રભક્તિનું ભવ્ય પર્વ બને તે માટે પ્રયાસો કરવામાં આવશે, દરેક પરિવાર પોતાના ઘર ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવે, બાળકો અને યુવાનોમાં દેશપ્રેમની ભાવના વધુ મજબૂત બને અને રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારીનો સંદેશ દરેક વ્યક્તિ સુધી પહોંચે તે દિશામાં જિલ્લા ભાજપ દ્વારા આયોજનબદ્ધ કામગીરી હાથ ધરવામાં આવશે.

વંથલી ખાતે 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ'ની ઉજવણી : આ બેઠકમાં 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' અંતર્ગત યોજાનારા કાર્યક્રમ અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વંથલી મુકામે આ નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. દેશના વિભાજન સમયે સર્જાયેલી કરુણ અને દારુણ પરિસ્થિતિ, લાખો લોકોના સ્થળાંતર અને ભોગવવી પડેલી પીડા અંગે નવી પેઢી તેમજ સમાજના વિવિધ વર્ગોમાં જાગૃતિ આવે તે હેતુથી કાર્યક્રમ યોજાશે. દેશની એકતા, અખંડિતતા અને રાષ્ટ્રીય એકતાનું મહત્વ સમજાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

ભવનાથ-ભારતી આશ્રમ ખાતે જિલ્લા કક્ષાના પ્રશિક્ષણ વર્ગનું આયોજન: બેઠક દરમિયાન આગામી સમયમાં ભારતીય જનતા પાર્ટીની સંગઠનાત્મક પરંપરા મુજબ ભવનાથ-ભારતી આશ્રમ ખાતે જિલ્લા કક્ષાના પ્રશિક્ષણ વર્ગનું આયોજન થનાર હોવાનું પણ કાર્યકર્તાઓને જણાવવામાં આવ્યું હતું. આ પ્રશિક્ષણ વર્ગમાં સંગઠનને વધુ મજબૂત બનાવવા, કાર્યકર્તાઓની કાર્યક્ષમતા વધારવા, વિચારધારા અને સંગઠનાત્મક કાર્યપદ્ધતિ અંગે માર્ગદર્શન આપવા સહિતના વિવિધ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવશે.

કાર્યકર્તાઓને આગામી કાર્યક્રમોની વિસ્તૃત માહિતી: જિલ્લા ભાજપ પ્રમુખશ્રી ચંદુભાઈ મકવાણાએ બેઠકમાં 'હર ઘર તિરંગા' અભિયાન, તિરંગા યાત્રાઓ, 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' તેમજ આગામી પ્રશિક્ષણ વર્ગ સહિતના કાર્યક્રમોની વિગતવાર માહિતી આપી હતી.

# "તેરા તુજકો અર્પણ", ૦૭ અરજદારોના ખોવાયેલ સામાન કુલ કિંમત રૂ. ૫૧,૨૦૦/- નો મુદ્દામાલ મૂળ માલીકને પરત અપાવતી જૂનાગઢ પોલીસની નેત્રમ શાખા

નરેન્દ્ર દવે જૂનાગઢ




જૂનાગઢ તા.૭. જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી રાજેન્દ્રસિંહ ચુડાસમાં તથા જૂનાગઢ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી સુબોધ ઓડેદરા, ડી.વાય.એસ. પી. મુખ્ય મથક શ્રી એ.એસ.પટણીના માર્ગદર્શન હેઠળ નેત્રમ શાખાના પી.એસ. આઈ.શ્રી એચ. પી.મકવાણા તેમજ નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા ૦૭ અરજદારો ના ખોવાયેલ મોબાઈલ ફોન, રોકડ રકમ તથા અન્ય કિંમતી સામાન મળી કુલ કિંમત રૂ. ૫૧,૨૦૦/- નો મુદ્દામાલ વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ CCTV કેમેરાની મદદથી શોધી મૂળ માલીકને તાત્કાલીક પરત અપાવી સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી "પોલીસ પ્રજાનો મિત્ર છે" એ સૂત્રને સાર્થક કરવામાં આવેલ છે.

(૧) અરજદાર દિનેશભાઈ રામશંકરભાઈ રાજ્યગુરુનો રૂ. ૧૫,૦૦૦/- ની કિમતનો ખોવાયેલ Oppo કંપનીનો મોબાઈલ ફોન શોધી પરત અપાવેલ

(૨) અરજદાર સુંદરદાસ દેવનદાસ મેંધરનો રૂ. ૧૩,૫૦૦/- ની કિમતનો ખોવાયેલ Vivo કંપનીનો y13 મોબાઈલ ફોન શોધી પરત અપાવેલ

(૩) અરજદાર મનહરભાઈ અરજણભાઈ પોકિયાનો રૂ. ૮,૦૦૦/- ની કિમતનો ખોવાયેલ Realme કંપનીનો c15 મોબાઈલ ફોન શોધી પરત અપાવેલ

(૪) અરજદાર કાળુભાઈ રઘુભાઈ ભરવાડનું રૂ. ૫,૨૦૦/- ની કિંમતના સામાનનું ખોવાયેલ બેગ શોધી પરત અપાવેલ

(૫) અરજદાર યોગેશભાઈ સામતભાઈ નંદાણીયાનું રોકડ રકમ ૫,૦૦૦/- તથા અગત્યના ડોક્યુમેન્ટ્સ સહિતનું પાકીટ શોધી પરત અપાવેલ.

(૬) અરજદાર વૈશાવાડીયા કોમલબેન નીતીનભાઈનું રૂ. ૩,૦૦૦/- ની કિમતના Samsung કંપનીના મોબાઈલ ફોન સહિતના સામાનનું બેગ શોધી પરત અપાવેલ

(૭) અરજદાર અનીલાબેન દેવશીભાઈ નંદાણીયાનું રોકડ રકમ ૧,૫૦૦/- તથા અગત્યના ડોક્યુમેન્ટ્સ સહિતનું પર્સ શોધી પરત અપાવેલ

મુદ્દામાલ શોધી પરત આપતા તમામ અરજદારશ્રીઓએ જૂનાગઢ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ અંગેની સફળ કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારીઓમાં નેત્રમ શાખાના પી.એસ.આઈ. શ્રી એચ.પી. મકવાણા, એ.એસ.આઈ. વર્ષાબેન વઘાસીયા, ટેક્નીકલ ઓપરેટર પ્રતિકભાઈ કરંગીયા, પાર્થભાઈ ચૌહાણ, હેડ કોન્સ. અશોકભાઈ વઘેરા, રામશીભાઈ ડોડિયા, વિક્રમભાઈ જીલડીયા, પો.કો. રાહુલભાઈ મેઘનાથી, લાખાભાઈ ટીંબા, સુખદેવભાઈ કામળીયા, વિજયભાઈ છૈયા, નરેન્દ્રભાઈ દયાતર, અંજનાબેન ચવાણ, ખુશ્બુબેન બાબરીયા, રૂપલબેન છૈયા, શિલ્પાબેન કટારીયા, દક્ષાબેન પરમાર, મિતલબેન ડાંગર, પ્રજ્ઞાબેન જોરા, જાનવીબેન પટોળીયા, એન્જીનીયર રિયાઝભાઈ અંસારી, મસઉદ અલીખાન પઠાણ છે. જિલ્લામાં પોલીસ પ્રશાસન દ્વારા જનહિત અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને એક અત્યંત પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે. જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાં તથા જિલ્લા પોલીસ અધિક્ષક સુબોધ ઓડેદરાના માર્ગદર્શન હેઠળ નેત્રમ શાખાના પી.એસ. આઈ. એચ.પી. મકવાણા અને તેમની ટીમે વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરાયેલા સીસીટીવી કેમેરાની મદદથી નાગરિકોના ખોવાયેલા કિંમતી સામાનને શોધી કાઢ્યો છે.

મીડિયા અહેવાલ અનુસાર, વિવિધ અરજદારોના ખોવાયેલા મોબાઈલ ફોન, રોકડ રકમ અને અગત્યના દસ્તાવેજો સહિત કુલ રૂપિયા ૫૧,૨૦૦ ની કિંમતનો મુદ્દામાલ શોધીને મૂળ માલિકોને તાત્કાલિક પરત અપાવવામાં આવ્યો છે. પોતાનો ખોવાયેલો કિંમતી સામાન હેમખેમ મળી જતાં તમામ અરજદારોએ જૂનાગઢ પોલીસનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો અને પોલીસની કાર્યક્ષમતાના વખાણ કર્યા હતા.

# નર્મદા જિલ્લા બાર એસોસિએસન નો વિરોધ

રાજપીપલા | નર્મદા જિલ્લા બાર એસોસિએશનના સભ્યોની અત્રે મળેલી સામાન્ય સભામાં સર્વાનુમતે. ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.જેમાં હાઈકોર્ટ ના પરિપત્ર નો વિરોધ કરવામાં આવ્યો હતો . પ્રાપ્ત માહિતી નર્મદા જિલ્લા બાર એસોસીએસન ના પ્રમુખ એડવોકેટ વંદના ભટ્ટ ના જણાવ્યા મુજબ ગુજરાત હાઈકોર્ટના પરિપત્ર ક્રમાંક 2002/2026, તા. 15/04/2026 (અમલ તા. 01/08/2026) મુજબ તમામ અરજીઓ માત્ર A-4 સાઈઝના કાગળ પર લોહિત ફોન્ટમાં કોમ્પ્યુટરાઈઝ્ડ સ્વરૂપે રજૂ કરવાની ફરજિયાત જોગવાઈ અંગે એસોસિએશને ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. આ બાબતે અગાઉ પણ નર્મદા જિલ્લા બાર એસોસિએશન દ્વારા મુખ્ય ન્યાયમૂર્તિ ગુજરાત હાઈકોર્ટ, તથા પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ નર્મદાને રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતમાં જણાવાયું હતું કે રાજ્યના આદિવાસી અને અંતરિયાળ વિસ્તારોમાં હજુ પણ કોમ્પ્યુટર, પ્રિન્ટર, ઈન્ટરનેટ અને અન્ય ટેકનિકલ સુવિધાઓનો પૂરતો અભાવ છે. આવી સ્થિતિમાં નવી વ્યવસ્થા સામાન્ય વાદકારો તેમજ ગ્રામ્ય વિસ્તારના વકીલો માટે ગંભીર મુશ્કેલી ઊભી કરશે અને ન્યાય મેળવવામાં અનાવશ્યક વિલંબ તથા વધારાનો આર્થિક બોજ ઊભો કરશે. એસોસિએશને માંગણી કરી છે કે જ્યાં સુધી રાજ્યભરમાં જરૂરી માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી હાથથી લખેલી અરજીઓ તથા ફૂલસ્કેપ કાગળ પરની અરજીઓ અગાઉની જેમ સ્વીકારવામાં આવે. સાથે જ, હાલ બહાર પાડવામાં આવેલ આ નોટિફિકેશન કાયમી ધોરણે રદ કરવામાં આવે તેવી પણ માંગણી કરવામાં આવી છે.સભામાં સર્વાનુમતે વધુમાં એવો પણ ઠરાવ કરવામાં આવ્યો છે કે આવતીકાલથી અનિશ્ચિત મુદત સુધી નર્મદા જિલ્લાના વકીલો અદાલતી કામગીરીથી અળગા રહેશે. જો સોમવાર સુધી આ નોટિફિકેશન પરત ખેંચવામાં નહીં આવે તો મંગળવારથી વધુ જ્વલંત અને વ્યાપક આંદોલન શરૂ કરવામાં આવશે.

# નર્મદા જિલ્લામાં 'હર ઘર તિરંગા' અભિયાનની ભવ્ય ઉજવણી થશે કલેક્ટર ગંગા સિંઘના માર્ગદર્શન હેઠળ ચાલતી તડામાર તૈયારિયો




રાજપીપલા | આઝાદીના અમૃતકાળની ઉજવણીના ભાગરૂપે રાજ્યભરમાં તા. ૯થી ૧૭ ઓગસ્ટ દરમિયાન 'હર ઘર તિરંગા' અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. જેની તડામાર તૈયારીઓ નર્મદા જિલ્લા માં ચાલી રહી છે જે સંદર્ભે કલેકટર ગંગાસિંઘ ના અધ્યક્ષપદે બેઠક યોજવામાં આવી હતી .

દેશની સુરક્ષા માટે બલિદાન આપનાર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા, તેમના પરિવારો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા તેમજ નાગરિકોમાં રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રગૌરવની ભાવના વધુ પ્રબળ બને તે હેતુથી સમગ્ર ગુજરાતમાં ૭૦ લાખથી વધુ ઘરો પર તિરંગો લહેરાવવાનો અને ૧,૨૦૦થી વધુ તિરંગા યાત્રાઓ યોજવાનો રાજ્ય સરકારનો સંકલ્પ છે.આ રાજ્યવ્યાપી અભિયાનના ભાગરૂપે નર્મદા જિલ્લામાં પણ તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ વ્યાપક આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર ગંગા સિંઘના અધ્યક્ષસ્થાને જિલ્લા શિક્ષણ અધિકારી સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે યોજાયેલી બેઠકમાં અભિયાનને સફળ બનાવવા માટે જરૂરી માર્ગદર્શન અને દિશા-નિર્દેશો આપવામાં આવ્યા હતા.જિલ્લા કલેક્ટરે જિલ્લા શિક્ષણ અધિકારીને નર્મદા જિલ્લાની તમામ સરકારી, અનુદાનિત અને ખાનગી શાળાઓ તેમજ કોલેજોમાં વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી સાથે પ્રભાતફેરી, દેશભક્તિ ગીત, નિબંધ, વક્તૃત્વ, ચિત્રકલા સહિતની વિવિધ સ્પર્ધાઓ તેમજ તિરંગા યાત્રાઓનું આયોજન સુનિશ્ચિત કરવા સૂચના આપી હતી.તમામ તાલુકા વિકાસ અધિકારીઓ (TDO) અને મામલતદારોને તાલુકા અને ગામડાંના અંતિમ છેવાડા સુધી રાષ્ટ્રધ્વજની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી દરેક ઘર પર આદરપૂર્વક તિરંગો લહેરાય તે માટે જરૂરી આયોજન કરવા જણાવ્યું હતું.જિલ્લાના નાગરિકો, સ્વસહાય જૂથો, યુવા મંડળો, સામાજિક સંસ્થાઓ, વેપારી મંડળો અને વિવિધ સંગઠનો આ અભિયાનમાં ઉત્સાહપૂર્વક જોડાય તેમજ પોતાના ઘર, દુકાન, સંસ્થા અને સરકારી-ખાનગી ઈમારતો પર ભારતના રાષ્ટ્રધ્વજનું ગૌરવપૂર્વક ધ્વજારોહણ કરે તે માટે વ્યાપક જનજાગૃતિ અભિયાન ચલાવવા પણ સૂચના આપવામાં આવી હતી.અભિયાન દરમિયાન તાલુકા મથકો અને ગ્રામ્ય વિસ્તારોમાં સ્થાનિક જનપ્રતિનિધિઓ, વિદ્યાર્થીઓ, યુવાનો અને નાગરિકોની ઉપસ્થિતિમાં ભવ્ય તિરંગા યાત્રાઓ યોજાશે, જેમાં દેશ માટે સર્વસ્વ અર્પણ કરનાર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવશે.જિલ્લા કલેક્ટર ગંગા સિંઘે તમામ વિભાગીય અધિકારીઓને પરસ્પર સંકલન અને સુચારૂ આયોજન સાથે કાર્ય કરી 'હર ઘર તિરંગા' અભિયાનને નર્મદા જિલ્લામાં લોકભાગીદારીનું પ્રેરણાદાયી અભિયાન બનાવવાની તાકીદ કરી હતી.

# રાજુલા ના વાવેરા ખાતે નવનિર્મિત વન કવચનું લોકાર્પણ :વન સંરક્ષણ તરફ એક વધુ મક્કમ પગલું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

આજરોજ સામાજિક વનીકરણ રેન્જ, રાજુલા હેઠળ વાવેરા ખાતે નિર્મિત વન કવચનું લોકાર્પણ રાજુલા-જાફરાબાદના ધારાસભ્યના વરદ હસ્તે કરવામાં આવ્યું.આ પ્રસંગે અમરેલી વિભાગના એ.સી.એફ. શ્રી જાદવ સાહેબ, રાજુલા રેન્જના આર.એફ.ઓ. શ્રી નવનીતભાઈ ડેર સાહેબ, શેત્રુંજીના આર.એફ.ઓ. શ્રી મકવાણા સાહેબ, શ્રી સેત્રાનિયા સાહેબ તેમજ વન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમમાં વાવેરાના સરપંચશ્રી, ભાક્ષી ગામના સરપંચશ્રી, શ્રી




મંગળુભાઈ રાજુલા તાલુકા પંચાયત કારોબારી ચેરમેન , શ્રી કે.બી. કામળિયા સાહેબ (ભસાદર સરપંચ), શ્રી તખુભાઈ, આગરીયા ગામના અગ્રણી શ્રી પ્રકાશભાઈ ખુમાણ, વાવેરા તાલુકા પંચાયત સીટના શ્રી કાળુભાઈ, તેમજ વાવેરા ગામના અગ્રણી શ્રી ગોવિંદભાઈ સાખટ, શ્રી પ્રકાશભાઈ ચાંદુ, શ્રી અમરૂભાઈ ધાખડા અને શ્રી ચંપૂભાઈ ધાખડા તેમજ બાઘાભાઈ સાખટ સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે ધારાસભ્યએ વન સંરક્ષણ અને પર્યાવરણ જાળવણી માટે જરૂરી હોય ત્યાં દરેક પ્રકારનો સહયોગ આપવાની ખાતરી વ્યક્ત કરી હતી.વન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી આ પહેલ પર્યાવરણ સંરક્ષણ, હરિયાળું ગુજરાત અને આવનારી પેઢીને સ્વચ્છ અને સુરક્ષિત પ્રકૃતિ આપવાના સંકલ્પને વધુ મજબૂત બનાવે છે

# સંતરામપુર તાલુકાના આંબા ખાતે અંદાજિત રૂ. ૧૨.૬૬ કરોડના ખર્ચે નવનિર્મિત ૬૬ કેવી (KV) સબસ્ટેશનનું લોકાર્પણ કરતા મંત્રી કૌશિકભાઈ વેકરિયા

જગદીશ ત્રિવેદી | મહીસાગર

રાજ્યના છેવાડાના માનવી અને ગ્રામીણ વિસ્તારો સુધી માળખાગત સુવિધાઓ પહોંચાડવાની રાજ્ય સરકારની નેમ અંતર્ગત મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના આંબા મુકામે નવનિર્મિત ૬૬ કેવી સબસ્ટેશનનું રાજ્યકક્ષાના કાયદો અને ન્યાયતંત્ર, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રી કૌશિક વેકરિયાના વરદહસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે કાર્યક્રમને સંબોધતા મંત્રીકૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનરી નેતૃત્વમાં શરૂ થયેલ 'જ્યોતિગ્રામ યોજના' થકી આજે ગુજરાતના ખૂણે ખૂણે ૨૪ કલાક વીજળી પહોંચી છે. રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં આજે ગુજરાતમાં દર વર્ષે ૮૦ થી ૧૦૦ જેટલા નવા સબસ્ટેશનો બનાવવામાં આવી રહ્યા છે. વીજળી એ માત્ર પ્રકાશનું માધ્યમ નથી, પરંતુ તે ખેડૂતોની સમૃદ્ધિ, વિદ્યાર્થીઓનું ભવિષ્ય, મહિલાઓની સુરક્ષા અને ઉદ્યોગોની પ્રગતિનો મુખ્ય આધારસ્તંભ છે.

નવા સબસ્ટેશનની વિશેષતાઓ અને લાભ વિષે જણાવતા મંત્રીએ જણાવ્યું હતું કે, લગભગ ૪૯૦૦ ચોરસ મીટર વિસ્તારમાં નિર્માણ પામેલ આ નવું સબસ્ટેશન ૩૦ એમવીએ (MVA) ક્ષમતા ધરાવે છે. આ સબસ્ટેશનમાંથી કુલ ૫ નવા ૧૧ કેવી ફીડરો કાર્યરત કરવામાં આવશે, જેમાં ૩ જ્યોતિગ્રામ ફીડર અને ૨ ખેતીવાડી ફીડરનો સમાવેશ થાય છે. આ નવા સબસ્ટેશનના નિર્માણથી આસપાસના ૧૬ જેટલા ગામોના લગભગ ૫૮૫૫ કરતા વધુ વીજ ગ્રાહકોને સીધો ફાયદો થશે. વોલ્ટેજની સમસ્યાઓ હલ થશે, લાંબા ફીડરોના કારણે થતા ટેક્નિકલ લોસમાં ઘટાડો થશે અને ભવિષ્યમાં નવા ઘરેલુ, કૃષિ અને ઔદ્યોગિક વીજ જોડાણો સહેલાઈથી મળી શકશે.

# ઉત્તર પશ્ચિમ ઝોનમાં AMCની દબાણ વિરોધી ઝુંબેશ, 18 વાહનો લોક; સામાન જપ્ત કરી રૂ.15 હજારનો દંડ વસૂલાયો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉત્તર પશ્ચિમ ઝોનના એસ્ટેટ અને નગર વિકાસ વિભાગે જાહેર માર્ગો પરના ગેરકાયદેસર પાર્કિંગ અને દબાણો સામે સઘન કાર્યવાહી હાથ ધરી હતી. ડમરૂ સર્કલ, કારગીલ પેટ્રોલ પંપ, હાઈકોર્ટ, ગોતા ચાર રસ્તા, પકવાન રોડ, જજીસ બંગલો, માનસી સર્કલ, વસ્ત્રાપુર તળાવ અને બોપલ બીઆરટીએસ સહિતના વિસ્તારોમાં ઝુંબેશ ચલાવી ટ્રાફિક અવરોધરૂપ દબાણો દૂર કરવામાં આવ્યા હતા. કાર્યવાહી દરમિયાન જાહેર માર્ગો પર ગેરકાયદેસર પાર્ક કરાયેલા 18 વાહનોને લોક કરવામાં આવ્યા હતા. ઉપરાંત છતવાળી અને સાદી લારીઓ, ટેબલ, સ્ટૂલ, ખુરશીઓ, બેનર-પતાકા, જાહેરાત બોર્ડ સહિત મોટી માત્રામાં સામાન જપ્ત કરીને કોર્પોરેશનના ગોડાઉનમાં જમા કરાયો હતો. આ કામગીરી દરમિયાન રૂ.15 હજારનો વહીવટી ચાર્જ પણ વસૂલવામાં આવ્યો હતો. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનએ અલગ કાર્યવાહીમાં ડમરૂ સર્કલથી કારગીલ પેટ્રોલ પંપ સુધીના વિસ્તારમાં પણ અનેક દબાણો દૂર કર્યા હતા. ઉપરાંત ઈલેવન વોર્ડ વિસ્તારમાં ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. 228 હેઠળ આશરે 500 મીટર લાંબા માર્ગ પરથી ઝાંખરા અને ઝાડીઓ દૂર કરી માર્ગ ખુલ્લો કરવામાં આવ્યો હતો. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનએ જણાવ્યું છે કે શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવવા તેમજ નાગરિકોને અવરજવરમાં સરળતા મળે તે માટે જાહેર માર્ગો, ફૂટપાથ, ટી.પી. રોડ, મ્યુનિસિપલ પ્લોટ અને ગેરપરવાનગીના બાંધકામો પરના દબાણો સામે આગામી દિવસોમાં પણ આવી સઘન કાર્યવાહી યથાવત્ ચાલુ રહેશે.

# વંદે માતરમના 150 વર્ષ નિમિત્તે 11 ઓગસ્ટે અમદાવાદમાં ભવ્ય તિરંગા યાત્રા, આયોજનને આખરી ઓપ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

વંદે માતરમના 150 વર્ષ પૂર્ણ થવાના અવસરે અને 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત અમદાવાદમાં આગામી 11 ઓગસ્ટે રાયપુરથી સારંગપુર સુધી ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. યાત્રાની તૈયારીઓની સમીક્ષા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે મેયર હિતેશભાઈ બારોટની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી, જેમાં મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની, શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત, શહેર ભાજપ પ્રમુખ પ્રેરકભાઈ શાહ સહિત કોર્પોરેશનના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. 11 ઓગસ્ટે સાંજે 5 વાગ્યે રાયપુર સ્થિત બિગ બજાર પાસેથી નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવવામાં આવશે. યાત્રા રાયપુર ચાર રસ્તા, ખાડિયા ગેટ થઈ સારંગપુર ચાર રસ્તા ખાતે આવેલી ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા સુધી પહોંચશે, જ્યાં પુષ્પાંજલિ સાથે સમાપન થશે. યાત્રાના સમગ્ર રૂટને તિરંગાના રંગોથી શણગારવામાં આવશે અને 11 સ્વાગત મંચ, દેશભક્તિના સાંસ્કૃતિક કાર્યક્રમો, થીમ આધારિત ટેબ્લો, સેલ્ફી પોઈન્ટ તથા રીલ સ્પર્ધા જેવા આકર્ષણોનું આયોજન કરવામાં આવ્યું છે. નાગરિકોની સુવિધા માટે મેડિકલ મોબાઈલ ટીમ સહિત જરૂરી વ્યવસ્થાઓ ગોઠવાશે. હોમગાર્ડ, પોલીસ બેન્ડ, ફાયર બ્રિગેડ, સ્કાઉટ-ગાઈડ, વિદ્યાર્થીઓ, રમતવીરો, સામાજિક સંસ્થાઓ અને મોટી સંખ્યામાં નાગરિકોની ભાગીદારી સાથે યોજાનારી આ તિરંગા યાત્રા અમદાવાદમાં દેશભક્તિ, રાષ્ટ્રીય એકતા અને જનભાગીદારીનો અનોખો ઉત્સવ બની રહેશે.

# વડતાલમાં ભાજપાના પ્રશિક્ષણ વર્ગમાં પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિ, કાર્યકર્તાઓને જનસેવા માટે સમર્પિત રહેવા હાકલ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ભાજપાના પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન અંતર્ગત વડતાલ ખાતે યોજાયેલા ખેડા જિલ્લા પ્રશિક્ષણ વર્ગમાં ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ પૂર્વે તેમણે વડતાલ ધામમાં લક્ષ્મીનારાયણ દેવના દર્શન કરી રાજ્યના સર્વાંગી વિકાસ અને નાગરિકોની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. પ્રશિક્ષણ વર્ગને સંબોધતા જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે પ્રશિક્ષણ માત્ર સંગઠનાત્મક પ્રક્રિયા નહીં, પરંતુ વૈચારિક સ્પષ્ટતા, સંગઠન પ્રત્યેની પ્રતિબદ્ધતા અને જનસેવાની ભાવનાને વધુ મજબૂત બનાવવાનું અસરકારક માધ્યમ છે. તેમણે કાર્યકર્તાઓને સતત અભ્યાસ, આત્મવિકાસ અને સંગઠનના કાર્યક્રમોમાં સક્રિય સહભાગી બની લોકોની અપેક્ષાઓ પૂર્ણ કરવા સમર્પિત ભાવથી કાર્ય કરવાની અપીલ કરી હતી. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, હિતેન્દ્રસિંહ ચૌહાણ, રાજ્યમંત્રી સંજયસિંહ મહિડા, પ્રશિક્ષણ અભિયાનના પ્રદેશ સંયોજક રાજેશભાઈ પટેલ




(ધર્મજ), ખેડા જિલ્લા ભાજપા પ્રમુખ નયનાબેન પટેલ, જિલ્લા પ્રભારી રમેશભાઈ દેસાઈ, ધારાસભ્યો સહિત ભાજપાના આગેવાનો, હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લોટસ સ્કૂલ, ટીમબાના મુવાડા ખાતે 'ગુરુ વંદના' અને 'ગુરુપૂર્ણિમા'ની ભવ્ય ઉજવણી કરાઈ

અશેષ વ્યાસ | ખેડા

લોટસ સ્કૂલ, ટીમબાના મુવાડાના શૈક્ષણિક સંકુલના વિવિધ વિભાગોમાં 'ગુરુ વંદના' તથા 'ગુરુપૂર્ણિમા' ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમના મુખ્ય વક્તાશ્રી ડો.શૈલેન્દ્રસિંહ રાઉલજી,અતિથિ વિશેષ શ્રી લક્ષ્મણ સિંહ પરમાર,જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિચેરમેન તથા શ્રીવિનુભાઈ કે.પટેલ ઠાસરા જમીન વિકાસ બેંક ડીરેકટર ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમ લોટસ સ્કૂલના સંચાલકશ્રી વિનોદભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતું.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવો અને શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને ગુરુમહિમા, ગુરુનું મહત્વ,સમાજ અને જીવનમાં ગુરુની ભૂમિકા, ગુરુના પ્રકારો તેમજ ગુરુ પ્રત્યેના કર્તવ્યો વિશે વિગતવાર સમજ આપવામાં આવી હતી.

આ ઉજવણી લોટસ સ્કૂલ હોલ ખાતે યોજાઈ હતી, જેમાં પ્રાથમિક, માધ્યમિક, હાયર સેકન્ડરી, D.El.Ed. અને GNM નર્સિંગ વિભાગના તમામ વિદ્યાર્થીઓ તથા સમગ્ર સ્ટાફ પરિવારે ઉત્સાહભેર હાજરી આપી હતી.

# ગણપત રાવની ફેમિલીને લાખો રૂપિયા નું વળતર આપ્યા બાદ...

સી.બી. આઈ ઓફિસ બહાર ના બોમ્બ બ્લાસ્ટ માં ઈન્સ્પેક્ટર ગણપત રાવ નું મૃત્યુ થતા એના પરિવાર માં ઘેરો શોક વ્યાપી ગયો હતો. બોમ્બ બ્લાસ્ટ ની ઘટના બાદ સરકારે ઈન્સ્પેક્ટર ગણપત રાવ ની ફેમિલી ને લાખો રૂપિયા નું વળતર આપ્યા બાદ કેસ ક્લોઝ કરવાનું વિચાર્યું હતું પરંતુ ન્યૂઝ એજન્સી અને મીડિયા એ સીબીઆઈ ઓફિસ બહાર થયેલ બોમ્બ બ્લાસ્ટ એ પાકિસ્તાન ની સાઝીશ ના નામે એટલી હદે ચગાવી દીધી હતી. સોશિયલ મીડિયામાં આ ઘટના હોટ ટોપિક બની જતા સરકારે સીબીઆઈ ને કેસ સોંપી ને હાથ ખંખેરી નાખ્યા હતા. ગૃહમંત્રી ના આદેશ બાદ સિક્રેટ ફાઈલ ઓપન ન થતા સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ એ એની કેરિયર નો મોટામાં મોટો પરાજય અનુભવ્યો હતો. આમ તો બોમ્બ બ્લાસ્ટ ની યોજના સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ ને રસ્તા માંથી હટાવવા માટે થઈ હતી પણ કુદરત ના ખેલ અનોખા હોય છે. 'બોમ્બ બ્લાસ્ટ નો કેસ' સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ ના હાથ માં આવતા એ મનોમન ધીમું હસતા બોલ્યા કે આ કેસ ઉકેલાશે ત્યારે હાઈ પ્રોફાઈલ મુનમુન બેગમ ના સાગરિતો ના ચહેરા જનતા સમક્ષ ખુલશે.સિક્રેટ ડાકણ કરતા ઓપરેશન બોમ્બ બ્લાસ્ટ કેસ ઉકેલવા માં મજા આવશે.

સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ એ જીપ માં બેસતા વેંત ડ્રાઈવર રાણે ને કહ્યું કે પ્રયાગ રાજ ની ઝાંસી જેલ તરફ જીપ દોડાવી મૂકો.

ડ્રાઈવર રાણે એ નમ્રતા થી બોલ્યો કે સાહેબ, બોમ્બ બ્લાસ્ટ ના કેસ ના અપરાધી ને મળવા માટે.. ને.

સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ આશ્ચર્ય સાથે બોલ્યા કે રાણે,તને કેમ આવું લાગ્યું?

રાણે બોલ્યો કે સાહેબ, સીબીઆઈ ઓફિસ માં વરસો થી ડ્રાઈવર છું એટલે થોડો ઘણો હું પણ સી.આઈ.ડી બની ગયો છું. ખબર છે કે તમે ગફાર ખાનના બન્ને મોટા દિકરાઓ સરફરાઝ ખાન અને અલી ને મળવા માટે ઝાંસી ની જેલ જાવ છો.આજીવન કારાવાસ ની સજા ભોગવી રહેલ કદાચ સરફરાઝ અને અલી બોમ્બ બ્લાસ્ટ ના કેસ માં સંડોવાયેલ હોય...

સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ એ ડ્રાઈવર રાણે ની પીઠ થાબડતા કહ્યું કે શાબાશ બેટા,ધીમે ધીમે તું પણ આ ક્ષેત્ર માં ચેમ્પિયન બનતો જાય છે. ઝાંસી જેલના જેલર દોલત શિંગ એ મારા બેસ્ટ સ્કૂલ ફ્રેન્ડ છે.મિશન ડાકણ કેસ માં એવો તો ફસાયો હતો ને કે દસ વર્ષ થી એની સાથે સંપર્ક થયો નહતો.વરસો બાદ ગૃહ મંત્રી ની કૃપાથી ઝંઝટો માંથી ફ્રી થયો એટલે દોસ્ત ને મળવાની ઈચ્છા થતા એની સાથે જમવાનું નક્કી કર્યું છે,

રાણે,સારું કર્યું તે યાદ કરાવ્યું કે મુનમુન બેગમ ના મોટા દિકરાઓ સરફરાઝ અને અલી એ ઝાંસી ની જેલ માં ઉમર કેદ ની સજા ભોગવી રહ્યા છે. મિશન ડાકણ કેસની મુખ્ય કડી આ બન્ને સાવ વિસરાઈ ગયા હતા.

ડ્રાઈવર રાણે બોલ્યો કે સાહેબ, બેગમ ના કુલ આઠ સંતાનો માંથી ચાર જીવે છે.બે ઝાંસી જેલમાં,શકીલ એ કલકતા ની મસ્જિદ માં ગુજારો કરે છે,શકીલ થી નાનો લંડન માં એની ફેમિલી સાથે રહે છે.


મર્ડર,મિસ્ટ્રી કેસ ભાગ :૧૦૦
- રુપાલી દવે

સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહે એ રાણે ની વાત સાંભળી ને પૂછ્યું કે ગફાર ખાન ની લાડલી દીકરી નઝમનું શું થયું?

સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ નો પ્રશ્ન સાંભળીને રાણે ના દિલ ના ઝખ્મ તાજા થતા એ બોલ્યો કે સાહેબ,ખૂબ સુરત ઔરતો કી ખૂબ સુરતી ઉપર વાલે કો બહોત પ્યારી હોતી હૈ.. શાદી ના અમુક વરસો બાદ નઝમ પણ દૂર દૂર કાયમ માટે વિદાઈ થઈ ચૂકી છે.

નઝમ સપના માં આવી ને કહે છે કે કાશ,તું મને ભગાડી ને લઈ ગયો હોત તો..આજ હું તારી બીવી હોત ને આપણો પરિવાર હોત..બોલતા બોલતા નઝમ ની યાદ માં ભાન ભૂલેલો રાણે થી સાવ વિસરાઈ ગયું કે અત્યારે એ નઝમ નો ખાદીમ નથી પણ સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ નો ડ્રાઈવર રાણે છે.

સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ એ ડ્રાઈવર રાણે ના મુખેથી મુનમુન બેગમ ના સંતાનો ની ઝીણા માં ઝીણી માહિતી ઓ સાંભળતા જ એને જીપ રોકવા માટે નિર્દેશ કર્યો.

સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહે એ બેત્રણ વખત રાણે ને જીપ રોકવા સૂચન કર્યું છતાંય એણે ન રોકી. સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહે એની રિવોલ્વર રાણે ના માથાં પર મૂકતા કહ્યું કે જીપ રોક..

ડ્રાઈવર રાણે એ ગભરાઈ ને જીપ ની રફતાર વધારી દેતા સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ ની રિવોલ્વર ના કારતૂસ રાણે ના પગ અને બન્ને હાથ માં વાગતાં જીપ ના સ્ટેરીંગ પરથી એણે કાબુ ગુમાવી દીધો.

સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહે એ બેભાન રાણે ના હાથ માંથી જીપ નું સ્ટેરીંગ છોડાવી ને સ્પીડ પર કંટ્રોલ કરીને રોડ સાઈડ પાર્ક કરી.બેભાન ડ્રાઈવર રાણે ને લઈને માંડ જીપ થી થોડે દૂર ગયા હશે ત્યાં જ જીપ બ્લાસ્ટ થઈ ને આગ ની જ્વાળામાં સળગવા લાગી.

સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહે નજીક ના પોલીસ સ્ટેશનના કંટ્રોલ રૂમ માં ફોન કરીને એમ્બ્યુલન્સ સાથે ઝાંસી પહોંચવા માટે બીજી જીપ પણ મંગાવી લીધી.

ડ્રાઈવર રાણે ને લઈને એમ્બ્યુલન્સ રવાના થતાંજ સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ મનોમન વિચારવા લાગ્યા કે કોણ મને મારવા માટે આટલી હદે આતુર છે? ઓફિસ બહાર ના બોમ્બ બ્લાસ્ટ અને સડક પરના બોમ્બ ધડાકા નો પ્લાન કોણે કર્યો હશે? કોણ છે આ રાણે? ડ્રાઈવર રમણ લાલ વિના કારણ ક્યારેય રજા લેતા નથી અચાનક એની જગ્યા એ નવા ડ્રાઈવર ને કોણે ગોઠવ્યો હશે? મારાથી કોને વધારે સમસ્યા છે ગૃહ પ્રધાન ને કે એન.એસ. આઈ ચીફ રઘુરામ શર્મા ને? કદાચ એન.એસ.આઈ ચીફ રઘુરામ શર્મા ને મારાથી સમસ્યા ન પણ હોય પરંતુ ઉપર થી દબાણ વધારે થતું હોય તો.. કદાજ..રસ્તા ના કાંટા માફક મને ઉખેડવા ની સાઝીશ માં સામિલ હોય શકે..નોકરીમાં તામઝામ અને અઢળક નાણાં નો ફાયદો મળતો હોય તો વરસોની ભાઈબંધી પણ સાઈડ પર થતા વાર લાગતી નથી.

ઝાંસી ની જેલ તરફ ખુદ જીપ ડ્રાઈવ કરીને આગળ વધી રહ્યા હતા ત્યાં એના મોબાઈલ માં જેલર દોલત શિંગ નો મેસેજ આવ્યો કે યાર!!આજ મળવાનું કેન્સલ રાખવું પડશે અચાનક જેલ માં બબાલ મચી ગઈ છે.

શેની?

આજીવન કારાવાસ ની સજા ભોગવી રહેલા બે કેદીઓ ઝાંસી ની જેલ માંથી ફરાર થઈ ગયા છે.

સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહે જેલર ને પૂછ્યું કે કેદીઓ ના નામ સરફરાઝ અને અલી તો નથી ને?જેલર દોલત શિંગ બોલ્યા કે હા!!યાર,એજ જેલ માંથી ફરાર બન્ને કેદીઓના નામ છે પણ.. પણ.. તને કેદીઓ ના નામ ની માહિતી?

સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ મનોમન બોલ્યા કે પાણી માં રહેવું ને મગર મચ્છ સાથે વેર કરવું પોસઈ નહીં એના કરતા કાટ ખાઈ ગયેલા શાસ્ત્રો ની ધાર તેજ કરવી પડશે. સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહે જેલર દોલત શિંગ ને કહ્યું કે યાર!!તારા ઘર સુધી પહોંચી ગયો છું એટલે તને મળ્યા વગર પરત ફરીશ નહી..ચિંતા ન કર તારી જેલ ના ફરાર કેદીઓ ને સાધન ન મળતા વધારે દૂર નહી ગયા હોય મળી જશે..

કેવી રીતે?

જેલ પાછળ નું જર્જરિત ફાટક ખોલાવ જલ્દી જો બન્ને એ નદી પાર કરી નહી હોય ને તો એ બન્ને કદાચ ત્યાંથી જ મળી જશે.

# આસામના પૂર પીડિતોની મદદ કરી રહ્યા છે સલમાન ખાન...!

## 500 લોકો માટે સેમી પરમેનન્ટ ઘર બનાવશે, એક્ટર રણદીપ હુડ્ડા પણ રાહત કાર્યમાં જોડાયા


(એજન્સી) મુંબઈ | તા.07

બોલિવૂડ એક્ટર સલમાન ખાને પૂરગ્રસ્ત પરિવારોનાં પુનર્વસન માટે NGO ગ્લોબલ શીખ્સ સાથે હાથ મિલાવ્યા છે. રિપોર્ટ અનુસાર, સલમાને પૂરથી બેઘર થયેલા લોકો માટે 500 સેમી-પર્મેનન્ટ ઘર બનાવવાનો નિર્ણય લીધો છે.સલમાનની સંસ્થા બીઈંગ હ્યુમન આ પહેલા પણ પૂરગ્રસ્ત વિસ્તારોમાં જરૂરિયાતમંદો સુધી ભોજન અને રાહત સામગ્રી પહોંચાડવામાં સહયોગ કરી ચૂકી છે. હવે રાહત અભિયાનના બીજા તબક્કામાં પ્રભાવિત પરિવારોના કાયમી પુનર્વસન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

મિડ-ડેના રિપોર્ટ અનુસાર, આસામના સૌથી વધુ પ્રભાવિત વિસ્તારોમાં સામેલ શિવસાગર જિલ્લાના નેપાળી ખુટી ગામમાં અત્યાર સુધીમાં લગભગ 220 સેમી-પર્મેનન્ટ ઘર બનાવવામાં આવ્યા છે. આ ઘર વાંસ અને ટીનની છતથી તૈયાર કરવામાં આવી રહ્યા છે, જેને પૂરગ્રસ્ત વિસ્તારોની પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવ્યા છે.

રિપોર્ટ અનુસાર, પુનર્વસનની યોજના પહેલેથી જ NGOના રાહત અભિયાનનો ભાગ હતી. જોકે, જ્યારે સલમાન ખાને અભિનેતા રણદીપ હુડ્ડાને સ્થળ પર રાહત કાર્ય કરતા જોયા, ત્યારે તેમણે આ અભિયાન સાથે જોડાવાનો નિર્ણય કર્યો. રિપોર્ટમાં સૂત્રોના હવાલાથી જણાવાયું છે કે રણદીપ હુડ્ડાએ સલમાનને ગ્લોબલ સિખ્સના રાહત અભિયાન વિશે માહિતી આપી, જેમાં લગભગ 70 સ્વયંસેવકો કામ કરી રહ્યા છે. ત્યારબાદ સંસ્થાના સ્થાપક અમરપ્રીત સિંહે સલમાનને જણાવ્યું કે દરેક સેમી-પર્મેનન્ટ ઘર બનાવવામાં 35 હજારથી 40 હજાર રૂપિયાનો ખર્ચ આવે છે. ત્યારબાદ સલમાન ખાને સંસ્થા સાથે મળીને 500 ઘરોના નિર્માણનો નિર્ણય લીધો.

રાહત અભિયાન અંગે અમરપ્રીત સિંહે મિડ-ડે સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, 'સલમાન ખાને થોડા દિવસ પહેલા અમારી સાથે વાત કરી હતી અને કહ્યું હતું કે- તમે લોકો ચિંતા ન કરો. 220 ઘર તૈયાર થઈ ગયા છે અને તેમને અસરગ્રસ્ત પરિવારોને સોંપવામાં આવી રહ્યા છે. અમારી ટીમ એક દિવસમાં આઠથી દસ ઘર બનાવી શકે છે.'



આ ઉપરાંત, અભિનેતા રણદીપ હુડ્ડા પણ સતત રાહત કાર્યોમાં સક્રિય છે. તેમણે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે શિવસાગર રેલવે સ્ટેશન અને આસપાસના વિસ્તારોમાં મોટી સંખ્યામાં પૂર પીડિત પરિવારોએ આશ્રય લીધો છે. રણદીપે કહ્યું, "અમે છેલ્લા સાત દિવસથી સતત અસરગ્રસ્ત લોકો માટે ભોજન તૈયાર કરી રહ્યા છીએ.

### બોલિવૂડ સેલેબ્સે મદદની અપીલ કરી

બોલિવૂડ સેલેબ્સ ફરી એકવાર 2026માં આસામમાં આવેલા ભયાનક પૂરથી પ્રભાવિત લોકોની મદદ માટે આગળ આવ્યા છે. અભિનેત્રી આલિયા ભટ્ટ, ભૂમિ પેડનેકર, સિંગર ગુરુ રંધાવા અને અભિનેત્રી રાશિ ખન્નાએ લોકોને પૂર પીડિતોની મદદ કરવા અપીલ કરી છે.

આલિયા ભટ્ટે સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે, આ સમયે આપણા દેશના ઘણા ભાગો ભયાનક પૂરની ઝપેટમાં છે. આમાં આસામ સૌથી વધુ પ્રભાવિત રાજ્યોમાંનો એક છે, જે ખૂબ જ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યું છે. 60 થી વધુ લોકોના જીવ ગયા છે.

આ દર વર્ષે થાય છે, છતાં દર વખતે આપણે તેના માટે તૈયાર હોતા નથી. આ સમયે આસામને તાત્કાલિક મદદની જરૂર છે અને આવનારા લાંબા સમય સુધી પુનર્વસન માટે પણ સતત સહયોગની જરૂર પડશે. જો તમે વિચારી રહ્યા છો કે તમે કઈ રીતે મદદ કરી શકો છો, તો આગામી કેટલાક દિવસોમાં હું તે રીતો શેર કરીશ જેના દ્વારા આપણે જમીની સ્તરે કામ કરી રહેલા સંગઠનો દ્વારા રાહત કાર્યોમાં સહયોગ કરી શકીએ છીએ.



# જિયા શંકરે બોયફ્રેન્ડ સાથે સગાઈ કરી...

## કરણ સાથે રોમેન્ટિક ફોટો શેર કર્યા, કહ્યું- 'તારી સાથેની દરેક વાતચીતમાં ઘર જેવો અનુભવ થયો'

(એજન્સી) મુંબઈ | તા.07

એક્ટ્રેસ અને 'બિગ બોસ OTT 2'ની પૂર્વ કન્ટેસ્ટન્ટ જિયા શંકરે બોયફ્રેન્ડ કરણ સાથે સગાઈ કરી લીધી છે. જિયાએ સોશિયલ મીડિયા પર સગાઈની તસવીરો શેર કરીને પોતાના સંબંધોની સત્તાવાર જાહેરાત કરી છે.

સનસેટ દરમિયાન આઉટડોર લોકેશન પર થયેલા આ પ્રપોઝલની ઝલક સાથે જિયાએ પોતાના મંગેતર માટે એક ઈમોશનલ નોટ પણ લખી છે. આ પોસ્ટ સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર તેના ફેન્સ અને મિત્રો કપલને શુભેચ્છાઓ આપી રહ્યા છે.

સનસેટ વચ્ચે મળ્યું સરપ્રાઈઝ પ્રપોઝલ શેર કરવામાં આવેલી તસવીરોમાં જિયા અને કરણ એકબીજા સાથે ખૂબ ખુશ દેખાઈ રહ્યા છે. કરણે જિયાને ડૂબતા સૂરજની રોશનીમાં એક આઉટડોર લોકેશન પર વીંટી પહેરાવીને પ્રપોઝ કર્યું.

એક ફોટોમાં જિયા સરપ્રાઈઝ થઈને તેની ડાયમંડ એન્ગેજમેન્ટ રિંગ બતાવતી જોવા મળી રહી છે. આ ખાસ અવસરે જિયાએ પેસ્ટલ યલો કલરનો સૅટિન ગાઉન પહેર્યો હતો, જ્યારે કરણ બેજ શર્ટ અને વ્હાઈટ ટ્રાઉઝરમાં જોવા મળ્યો હતો.

'હજારો માઈલ દૂર રહીને પણ ઘર જેવો અહેસાસ થયો' જિયાએ સોશિયલ મીડિયા પર કરણના નામે એક ભાવુક નોટ શેર કરી. તેણે લખ્યું, 'કદાચ આ સાચું છે, તમને પ્રેમ ત્યારે મળે છે, જ્યારે તમે તેની સૌથી ઓછી અપેક્ષા રાખો છો. ભલે તું મારાથી હજારો માઈલ દૂર હતો, પણ તારી સાથેની દરેક વાતચીતે ઘર જેવો અહેસાસ કરાવ્યો.' જિયાએ આગળ લખ્યું કે, 'આ સફર સરળ નહોતી, પરંતુ અમે દરરોજ એકબીજાને પસંદ કર્યા.' તેણે કરણને પોતાનો બેસ્ટ ફ્રેન્ડ ગણાવતા તેની સાથે પોતાનું આગળનું જીવન વિતાવવાની વાત કહી.

### કરણ ધનક કોણ છે?

જિયા શંકર જાણીતી એક્ટ્રેસ છે, જેણે અભિનય કારકિર્દી-ની શરૂઆત વર્ષ 2013માં પ્રાદેશિક ફિલ્મોથી કરી હતી અને બાદમાં 'મેરી હાનિકારક બીવી', 'કાટેલાલ એન્ડ સન્સ' અને 'પિશાચિની' જેવી લોકપ્રિય ટીવી સિરિયલ્સ દ્વારા ઘરે-ઘરે પોતાની ઓળખ બનાવી.

આ ઉપરાંત, તેણે સુપરહિટ મરાઠી ફિલ્મ 'વેડ' અને રિયાલિટી શો 'બિગ બોસ OTT 2' દ્વારા ઘણી લોકપ્રિયતા મેળવી. જ્યારે તેનો મંગેતર કરણ ધનક એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીથી દૂર છે અને મીડિયા રિપો-ર્ટ્સ અનુસાર, તે અમેરિકા સ્થિત એક બિઝનેસમેન અને કોર્પોરેટ પ્રોફેશનલ છે.

# રિયાલિટી શો પર ભડક્યા 'શ્રી કૃષ્ણ'!

## સૌરભ રાજ જૈને કહ્યું, 'TRP મેળવવા શરમજનક હદે નીચે ઉતરી રહ્યા છે, મનોરંજન નહીં પણ ઘૃણાસ્પદ પ્રદર્શન છે...'

(એજન્સી) મુંબઈ | તા.07

પ્રખ્યાત ટીવી શો 'મહાભારત'માં ભગવાન કૃષ્ણનું પાત્ર ભજવનાર એક્ટર સૌરભ રાજ જૈને રિયાલિટી શો પર પ્રશ્નો ઊભા કર્યા છે. તેનું કહેવું છે કે, 'મેકર્સ ટીઆરપી મેળવવા માટે જે હદ સુધી નીચે ઉતરી રહ્યા છે, તે શરમજનક છે.' તેનું આ નિવેદન ત્યારે સામે આવ્યું છે, જ્યારે OTT પ્લેટફોર્મ પર 'લોકઅપ 2', 'અલાયન્સ' અને 'ભોજપુરી બવાલ' જેવા શો ચર્ચામાં છે. સૌરભ રાજ જૈને પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી રિયાલિટી શો પર નિશાન સાધતા લખ્યું છે, 'મને કહેવામાં આવ્યું હતું કે, આ મુદ્દે ચૂપ રહું, કારણ કે વ્યાવસાયિક રીતે મારે આની સાથે કોઈ લેવાદેવા નથી. પરંતુ માનવતાના નાતે હવે બોલવું જરૂરી છે. રિયાલિટી શોને હવે પોતાની વાસ્તવિકતાનો સામનો કરવાની જરૂર છે. માત્ર ટીઆરપી મેળવવા માટે તેઓ જે હદ સુધી નીચે ઉતરી ગયા છે, તે અત્યંત શરમજનક છે. આ બિલકુલ મનોરંજન નથી. આ બીમાર માનસિકતા, અમાનવીયતા, માનસિક ઉત્પીડન, ક્રૂરતા અને વિકૃત વિચારસરણીનું ઘૃણાસ્પદ પ્રદર્શન છે.'

તેણે કહ્યું, 'આશ્ચર્ય થાય છે કે આટલા મોટા અને પ્રખ્યાત હોસ્ટ આવા શોમાં આ બધું થતું કેવી રીતે ચૂપચાપ જોતા રહે છે અને તેને થવા દે છે? આ ખૂબ જ




દુઃખદ અને ચિંતાજનક છે. આશા છે કે ઈન્ડસ્ટ્રીમાં હજુ પણ થોડી સમજદારી બાકી છે અને સમયસર તેના પર લગામ લાગશે. આખરે આપણે સમાજ માટે કેવા માપદંડ નક્કી કરી રહ્યા છીએ?' આ દિવસોમાં 3 રિયાલિટી શો ચર્ચામાં છે. પહેલો છે નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થયેલો 'લોકઅપ 2', જેની વિજેતા શ્રેયા કાલરા બની છે. બીજો શો છે એમેઝોન પ્રાઈમનો 'અલાયન્સ' અને ત્રીજો છે જિયો હોટસ્ટારનો 'ભોજપુરી બવાલ'.


બોલિવૂડના નિર્દેશક નિખિલ નાગેશ ભાટ હોલીવુડમાં ડેબ્યુ કરવા જઈ રહ્યા છે. તેઓ એમેઝોન એમજીએમ સ્ટુડિયોની એક્શન થ્રિલર 'ડેડલોક્ડ'નું નિર્દેશન કરશે, જેમાં જેમી ફોક્સ મુખ્ય ભૂમિકામાં છે. આ કારણે સની દેઓલની મહત્વાકાંક્ષી ફિલ્મ 'પરશુરામ' હવે 2027 સુધી પાછળ ધકેલાઈ શકે છે. 'પરશુરામ'ના નિર્માતાઓ ભાટની રાહ જોશે કે અન્ય નિર્દેશક સાથે આગળ વધશે તે જોવું રહ્યું.



# નિખિલ ભાટ સનીની ફિલ્મ છોડી હોલિવુડમાં જશે

મુંબઈ : બોલિવુડમાંથી જમ્પ મારી 'કીલ' ફિલ્મ ફેમ નિખિલ નાગેશ ભાટ હોલિવુડમાં ફિલ્મ ડાયરેક્ટ કરવા જતાં સની દેઓલની મહત્વાકાંક્ષી ફિલ્મ 'પરશુરામ' હવે બે વર્ષ પાછળ ધકેલાઇ જશે તેમ મનાય છે. નિખિલ નાગેશ ભાટ જેને નિર્દેશિત કરવાના હતા તે 'પરશુરામ' હવે ૨૦૨૭માં બને તેવા એંધાણ છે.

એક્શન ફિલ્મોમાં અલગ સ્થાન બનાવનાર કીલ ફિલ્મ સાથે જેમનું નામ જોડાયેલું છે તે નિખિલ નાગેશ ભાટ હવે એમેઝોન એમજીએમ સ્ટુડિયોની એક્શન થ્રીલર ફિલ્મ 'ડેડલોક્ડ' નિર્દેશિત કરવાના છે. આ ફિલ્મમાં એકેડમી એવોર્ડ વિનર એક્ટર જેમી ફોક્સ હીરો છે. ભાટ બે વર્ષથી હોલિવૂડમાં ફિલ્મ બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા જે આખરે ફળ્યો છે. હવે આ ફિલ્મ પુરી ન થાય ત્યાં સુધી ભાટ બીજી કોઇ ફિલ્મ હાથ પર લઇ શકશે નહીં. 'પરશુરામ'ના નિર્માતાએ હવે ભાટની રાહ જોવાનું નક્કી કરે છે કે તેમના સ્થાને બીજા નિર્દેશકની પસંદગી કરી ફિલ્મ આગળ ધપાવવા માંગે છે તેની ઉત્સુકતાથી રાહ જોવાઇ રહી છે.



# સૈફ-અમૃતાના લગ્નમાં ન પહોંચી સોહા-સબા

(એજન્સી) મુંબઈ | તા.07

સોહા અલી ખાન અને સબા અલી ખાને તાજેતરમાં જણાવ્યું છે કે તેઓ ભાઈ સૈફ અલી ખાનના પહેલા લગ્નમાં પહોંચ્યા ન હતા. તે સમયે બંને સ્કૂલમાં હતા અને લગ્ન એટલી ઉતાવળમાં થયા કે તેમને જાણ પણ કરવામાં આવી ન હતી. તેમની સ્કૂલના પ્રિન્સિપાલે મીડિયા રિપોર્ટ્સ જોયા પછી તેમને સૈફના લગ્નની જાણકારી આપી હતી. આ ઉપરાંત, સબા અલી ખાને જણાવ્યું છે કે શા માટે 19 વર્ષની ઉંમરે કોલકાતાના એક વ્યક્તિ સાથે લગ્ન તૂટ્યા પછી પણ તેઓ આજે સિંગલ છે.

નેહા ધૂપિયા અને અંગદ બેદીના શો 'ડબલ ડેટ'ના લેટેસ્ટ એપિસોડમાં સોહા અને સબા પહોંચ્યા હતા. વાતચીતમાં સબા અલી ખાને જણાવ્યું કે જ્યારે સૈફ અને અમૃતાના લગ્ન થયા, ત્યારે તે અને સોહા બંને સ્કૂલમાં હતાં. સોહાએ પણ જણાવ્યું કે લગ્ન ખૂબ જ ઉતાવળમાં થયા હતા, તેથી બંને બહેનો તેનો ભાગ બની શકી ન હતી.

સબાએ આગળ જણાવ્યું કે લગ્નના અચાનક આવેલા મીડિયા રિપોર્ટ્સને કારણે શાળા પ્રશાસનને દખલ કરવી પડી હતી. સબાના મતે, તેમને પ્રિન્સિપાલની ઓફિસમાંથી ફોન આવ્યો હતો. તેમને કહેવામાં આવ્યું હતું કે જ્યાં સુધી પુષ્ટિ ન થાય ત્યાં સુધી તેઓ આ વિશે કોઈની સાથે વાત ન કરે. સબાએ યાદ કરતા કહ્યું કે તેમને કોઈને કંઈ ન કહેવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો, કારણ કે આ સમાચાર મીડિયામાં આવી ચૂક્યા હતા અને તેમને તેની સચ્ચાઈ ખબર ન હતી.

સબા અલી ખાને પોતાના લગ્ન ન થવાના કારણોનો ખુલાસો કર્યો છે. સબાએ જણાવ્યું કે 18-19 વર્ષની ઉંમરથી જ તેમની પાસે લગ્નના ઘણા પ્રસ્તાવ આવવા લાગ્યા હતા, પરંતુ તેમણે કોઈની સાથે લગ્ન કર્યા નહીં. વાતચીત દરમિયાન સબાએ કહ્યું કે તેમનો ક્યારેય કોઈ બોયફ્રેન્ડ રહ્યો નથી. 19 વર્ષની ઉંમરે તે કોલકાતાના એક વ્યક્તિ સાથે લગભગ લગ્ન કરવા જઈ રહી હતી, જેમની સાથે તેમને મળાવવામાં આવ્યા હતા. જોકે, તે સમયે તે લગ્ન માટે તૈયાર ન હતી, તેથી વાત આગળ વધી શકી નહીં. સબાએ કહ્યું કે ઉંમર વધવાની સાથે તે લગ્નના વિચાર માટે તૈયાર હતી, પરંતુ પછી તેને કોઈ એવી વ્યક્તિ ન મળી જે તેની સાથે સંપૂર્ણપણે મેળ ખાતી હોય. \

'કોમેડી કિંગ' કપિલ શર્માને કોમેડીની દુનિયામાં ઓળખ અપાવવામાં તેના બાળપણના મિત્ર ચંદન પ્રભાકરની મોટી ભૂમિકા રહી. ચંદને પોતાની કારકિર્દી દાવ પર લગાવીને કપિલની 'ધ ગ્રેટ ઈન્ડિયન લાફ્ટર ચેલેન્જ'માં એન્ટ્રી કરાવી હતી. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં ચંદને જણાવ્યું કે, તે અને કપિલ મુંબઈમાં શોના ઓડિશન માટે ગયા હતા. ત્યાં કપિલ રિજેક્ટ થઈ ગયો, જ્યારે તેનું સિલેક્શન થઈ ગયું હતું. આ પછી કપિલે દિલ્હીમાં પણ ઓડિશન આપ્યું, પરંતુ ત્યાં પણ તેને રિજેક્શન મળ્યું. ચંદને કપિલને શોમાં સામેલ કરવા માટે મેકર્સને ઘણી વિનંતી કરી. મેકર્સે શરત મૂકી કે, 'કપિલને જગ્યા આપવા માટે કોઈ એક કન્ટેસ્ટન્ટે શો છોડવો પડશે.' ચંદને મોડું કર્યા વિના શો છોડી દીધો અને કપિલની એન્ટ્રી કરાવી દીધી. અહીંથી કપિલના કરિયરને મોટી ઉડાન મળી. જોકે, કેટલાક મહિના પછી મેકર્સે ચંદનને ફરીથી શોમાં બોલાવી લીધો. ચંદન પ્રભાકરને 'ધ કપિલ શર્મા શો'માં ચંદુ ચા-વાળાના પાત્રથી પણ ખૂબ ઓળખ મળી. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં તેણે કપિલ શર્મા સાથે પોતાની મિત્રતા અને કરિયર સાથે જોડાયેલા ઘણા કિસ્સાઓ શેર કર્યા.

# 'મેં કપિલને શોમાં એન્ટ્રી અપાવી, મેકર્સે મને જ શોમાંથી કાઢ્યો'


જાણો કેવી રીતે મિત્ર બન્યા કપિલ અને ચંદન...

શાળાના દિવસોની મિત્રતા: કપિલ શર્મા અને ચંદન પ્રભાકરની મુલાકાત અમૃતસરમાં શાળાના દિવસોમાં થઈ હતી. બંનેની રચનાત્મક વિચારસરણી અને એક્ટિંગ પ્રત્યેની દીવાનગી તેમને નજીક લાવી. બંનેએ સાથે મળીને શાળાના કાર્યક્રમો, સ્થાનિક થિયેટર અને નુક્કડ નાટકોમાં પરફોર્મ કરવાનું શરૂ કર્યું. ચંદને પોતાના અભ્યાસની સાથે અમૃતસરના સ્થાનિક થિયેટરમાં ખૂબ મહેનત કરી. શરૂઆતના દિવસોમાં જ્યારે તેની પાસે સ્ટેજ પર પહેરવા માટે યોગ્ય કપડાં કે કોસ્ચ્યુમ નહોતા, ત્યારે બંને પોતાના પપ્પા અને કાકાના જૂના સફારી સૂટ પહેરીને સ્ટેજ પર અભિનય કરવા નીકળી પડતા હતા.

એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો: ચંદન પ્રભાકર માત્ર એક હાસ્ય કલાકાર નથી, પરંતુ તે ખૂબ ભણેલો-ગણેલો છે. ચંદને બીટેક મિકેનિકલ એન્જિનિયરિંગમાં એડમિશન લીધું અને પોતાની ડિગ્રી પૂરી કરી. ડિગ્રી પૂરી કર્યા પછી તેણે નોકરી પણ શરૂ કરી દીધી.




- 2007માં 'ધ ગ્રેટ ઈન્ડિયન લાફ્ટર ચેલેન્જ'નું ઓડિશન: ચંદન પ્રભાકરે તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, વર્ષ 2007 ભારતીય ટેલિવિઝન અને સ્ટેન્ડ-અપ કોમેડીના ઈતિહાસમાં એક ટર્નિંગ પોઈન્ટ હતું. આ વર્ષે દેશના સૌથી લોકપ્રિય કોમેડી શો 'ધ ગ્રેટ ઈન્ડિયન લાફ્ટર ચેલેન્જ'ના ઓડિશન્સ શરૂ થયા. અમૃતસરથી ચાર મિત્રો - ચંદન પ્રભાકર, રાજીવ ઠાકુર, સુદેશ લહેરી અને કપિલ શર્મા ઓડિશન આપવા મુંબઈ પહોંચ્યા.
- કપિલ રિજેક્ટ થયા, બાકીના પસંદ થયા: ચંદને જણાવ્યું કે, શરૂઆતના ઓડિશન્સમાં તે પોતે, રાજીવ ઠાકુર અને સુદેશ લહેરીની પસંદગી થઈ ગઈ હતી, પરંતુ મેકર્સે કપિલ શર્માને રિજેક્ટ કરી દીધો. કપિલ ખૂબ નિરાશ થયો. મિત્રના રિજેક્શનથી તે પણ પરેશાન થયો હતો. તે 'ધ ગ્રેટ લાફ્ટર ચેલેન્જ' શોમાં કામ કરવા લાગ્યો.
- દિલ્હી ઓડિશનમાં કપિલને મોકલ્યો: ચંદન પ્રભાકરે જણાવ્યું કે, કપિલ નિરાશ હતો, તેથી તેણે તેને કેટલીક કોમેડી સ્ક્રિપ્ટ લખી આપી અને તેને દિલ્હીમાં થનારા ઓડિશનમાં ભાગ લેવા કહ્યું. ચંદનનું સિલેક્શન પહેલાથી જ થઈ ચૂક્યું હતું. જે દિવસે કપિલનું દિલ્હીમાં ઓડિશન હતું, તે દિવસે ચંદનની કોઈ બીજા શોની શૂટિંગ હતી.



# શ્રીલંકામાં ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો

## કેપ્ટન શુભમન ગિલ આંગળીની ઈજાને કારણે મેચમાંથી બહાર, કેએલ રાહુલ સંભાળશે કમાન

**(એજન્સી) નવી દિલ્હી । તા. 07**

શ્રીલંકામાં ટીમ ઈન્ડિયાને ફટકો પડ્યો, શુભમન ગિલ આંગળીની ઈજાને કારણે બહાર, કેએલ રાહુલ કેપ્ટન બન્યો. ટીમ ઈન્ડિયાને શ્રીલંકા પ્રવાસ પર મોટો ફટકો પડ્યો છે. કેપ્ટન શુભમન ગિલ પ્રેક્ટિસ દરમિયાન જમણી રિંગ ફિંગરમાં ઈજાને કારણે SLC XI સામેની વોર્મ-અપ મેચના પહેલા દિવસે મેદાનમાં ઉતર્યો ન હતો. સાવચેતીના પગલા તરીકે તેને આરામ આપવામાં આવ્યો છે. કેએલ રાહુલ તેની ગેરહાજરીમાં ટીમનું નેતૃત્વ કરી રહ્યો છે.ભારત અને શ્રીલંકા વચ્ચેની બે ટેસ્ટ મેચની શ્રેણી પહેલા ટીમ ઈન્ડિયાને મોટો ફટકો પડ્યો છે. કેપ્ટન શુભમન ગિલ પ્રેક્ટિસ મેચના પહેલા દિવસે મેદાનમાં ઉતરી શક્યા ન હતા. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ જણાવ્યું હતું કે ગિલને ગુરુવારે પ્રેક્ટિસ સત્ર દરમિયાન જમણી રિંગ ફિંગરમાં ઈજા થઈ હતી.BCCI ના જણાવ્યા અનુસાર, પ્રેક્ટિસ દરમિયાન ઈજા થઈ હતી અને સાવચેતીના પગલા તરીકે, શુભમન ગિલને SLC XI સામેની ત્રણ દિવસીય વોર્મ-અપ મેચના પહેલા દિવસે આરામ આપવામાં આવ્યો છે. BCCI મેડિકલ ટીમ હાલમાં તેની સ્થિતિ પર નજર રાખી રહી છે. ઈજા કેટલી ગંભીર છે અથવા તે ક્યારે સંપૂર્ણ રીતે ફિટ થશે તે હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી. ગિલની ગેરહાજરીમાં, અનુભવી બેટ્સમેન કેએલ રાહુલ ટીમ ઈન્ડિયાનું નેતૃત્વ કરી રહ્યા છે. આ મેચ ભારતીય ખેલાડીઓ માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે કારણ કે તે ટેસ્ટ શ્રેણી પહેલા તેમની અંતિમ તૈયારીઓની કસોટી કરશે.કોલંબોના નોન્ડેસ્ક્રિપ્ટ્સ ક્રિકેટ ક્લબ ગ્રાઉન્ડ પર રમાઈ રહેલી આ ત્રણ દિવસીય પ્રેક્ટિસ મેચમાં, એસએલસી ઈલેવનએ ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો. આ મેચ શુક્રવાર, 7 ઓગસ્ટથી 9 ઓગસ્ટ સુધી રમાશે.શુભમન ગિલની ઈજાએ ચોક્કસપણે ભારતીય ટીમ માટે ચિંતા વધારી છે, કારણ કે તે ટેસ્ટ ટીમનો પણ કેપ્ટન છે. જોકે, બીસીસીઆઈએ સ્પષ્ટતા કરી છે કે આ ફક્ત એક સાવચેતીભર્યું પગલું છે અને મેડિકલ ટીમ સતત તેના સ્વસ્થ થવા પર નજર રાખી રહી છે. હવે બધાની નજર તેના પર રહેશે કે ટેસ્ટ શ્રેણી શરૂ થાય તે પહેલાં ગિલ સંપૂર્ણપણે ફિટ છે કે નહીં.

## અશફાકે વર્લ્ડ એથ્લેટિક્સ U20 ચેમ્પિયનશિપમાં 400 મીટરનો રાષ્ટ્રીય રેકોર્ડ તોડ્યો




**(એજન્સી) યુએસએ । તા. 07**

યુજેન, યુએસએમાં સ્પર્ધાના બીજા દિવસે, 19 વર્ષીય ભારતીય ખેલાડી મોહમ્મદ અશફાકે પુરુષોની 400 મીટર હીટ્સમાં 45.81 સેકન્ડનો સમય કાઢીને સેમિફાઈનલમાં સ્થાન મેળવ્યું. તેણે આ વર્ષે એપ્રિલમાં બનાવેલા 46.05 સેકન્ડના પોતાના રાષ્ટ્રીય રેકોર્ડમાં સુધારો કર્યો. દરમિયાન, અમાનત કંબોજ 53.24 મીટરના વ્યક્તિગત શ્રેષ્ઠ સાથે મહિલા ડિસ્કસ થ્રો ફાઈનલમાં છઠ્ઠા સ્થાને રહ્યા.મોહમ્મદ અશફાકે અહીં વર્લ્ડ એથ્લેટિક્સ U20 ચેમ્પિયનશિપના સેમિફાઈનલમાં ક્વોલિફાય થવા માટે પુરુષોની 400 મીટર દોડમાં U20 રાષ્ટ્રીય રેકોર્ડ તોડ્યો. અમાનત કંબોજે સ્પર્ધાના બીજા દિવસે મહિલા ડિસ્કસ થ્રો ફાઈનલમાં પણ વ્યક્તિગત શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું, છઠ્ઠા સ્થાને રહ્યા. ૧૯ વર્ષીય અશફાકે પહેલા રાઉન્ડમાં પાંચમા હીટમાં ૪૫.૮૧ સેકન્ડનો સમય કાઢ્યો. તે તેની હીટમાં યુનાઈટેડ સ્ટેટ્સના જેડન ડી લિયોન (૪૫.૬૩ સેકન્ડ) પછી બીજા સ્થાને રહ્યો.તે સેમિફાઈનલ માટે ક્વોલિફાય થયો, એકંદરે ચોથા સ્થાને રહ્યો. અશફાકે આ વર્ષે એપ્રિલમાં બનાવેલા ૪૬.૦૫ સેકન્ડના પોતાના રાષ્ટ્રીય રેકોર્ડને સુધાર્યો. અન્ય એક ભારતીય, પિયુષ રાજ, ૪૭.૭૮ સેકન્ડના સમય સાથે હીટ સિક્સમાં પાંચમા સ્થાને રહીને અને એકંદરે ૩૫મા સ્થાને રહીને આગળ વધવામાં નિષ્ફળ ગયો.મહિલા ડિસ્કસ થ્રો ફાઈનલમાં, ૧૮ વર્ષીય કંબોજે તેના પહેલા પ્રયાસમાં ૫૩.૨૪ મીટર ફેંક્યો, જે છઠ્ઠા સ્થાને રહ્યો. આ તેનું અત્યાર સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન છે. ચીનની સુ યિક્સિનએ ૬૧.૦૬ મીટરના થ્રો સાથે ગોલ્ડ મેડલ જીત્યો, જ્યારે અમેરિકાની જેસાલિન મેસી (૫૮.૪૧ મીટર) અને સાયપ્રસની મરિના હાઝીકોસ્ટા (૫૪.૮૮ મીટર) એ અનુક્રમે સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીત્યા.પુરુષોની ઊંચી કૂદકામાં, બસંતે ક્વોલિફાઈંગ રાઉન્ડ ગ્રુપ A માં 2.14 મીટરના શ્રેષ્ઠ કૂદકા સાથે પાંચમા સ્થાને રહીને અને એકંદરે 11મા સ્થાને રહીને ફાઈનલ માટે ક્વોલિફાય કર્યું.

## હોકી વર્લ્ડ કપ માટે કોઈ ભારતીય અમ્પાયરની પસંદગી નહીં

**(એજન્સી) નેધરલેન્ડ । તા. 07**

લગભગ ત્રણ દાયકામાં પહેલી વાર, નેધરલેન્ડ અને બેલ્જિયમમાં યોજાનારા આગામી વર્લ્ડ કપ માટે અધિકારીઓની યાદીમાં કોઈ ભારતીય અમ્પાયરનો સમાવેશ કરવામાં આવ્યો નથી. ભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય અમ્પાયર આરવી રઘુ પ્રસાદ અને સતિન્દર શર્માએ આ નિર્ણય પર નિરાશા વ્યક્ત કરી, અમ્પાયરના સ્તર અને દેશમાં નાણાકીય સુરક્ષાના અભાવ અંગે ચિંતા વ્યક્ત કરી. ભૂતપૂર્વ અનુભવીઓ કહે છે કે ફક્ત સંખ્યા વધારવાને બદલે, અમ્પાયરોની ગુણવત્તા અને તેમને આંતરરાષ્ટ્રીય અનુભવ પૂરો પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. હોકી અમ્પાયરિંગને ખૂબ જ મુશ્કેલ અને પડકારજનક કારકિર્દી ગણાવતા, ભારતીય અનુભવીઓએ લગભગ ત્રણ દાયકા પછી 15 ઓગસ્ટથી નેધરલેન્ડ અને બેલ્જિયમમાં શરૂ થઈ રહેલા વર્લ્ડ કપ માટે એક પણ ભારતીય અમ્પાયરની ગેરહાજરી પર નિરાશા વ્યક્ત કરી. તેઓએ અમ્પાયરોની સંખ્યા વધારવાને બદલે ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. નેધરલેન્ડ્સના ઉટ્રેક્ટમાં 1998 ના વર્લ્ડ કપ પછી પહેલી વાર, ટુર્નામેન્ટના અમ્પાયરો અથવા ટેકનિકલ અધિકારીઓમાં કોઈ ભારતીયનો સમાવેશ કરવામાં આવ્યો નથી, જેમાં યુરોપિયન દેશો યાદીમાં પ્રભુત્વ ધરાવે છે. ભારતના આરવી રઘુ પ્રસાદ (૨૦૧૦, ૨૦૧૪, ૨૦૧૮, ૨૦૨૩), સતિન્દર શર્મા (૨૦૦૨, ૨૦૦૬, ૨૦૧૦), તરલોક સિંહ ભુલ્લર (૧૯૯૪) અને અમરજીત સિંહ બાવા (૧૯૯૦) એ વર્લ્ડ કપમાં અમ્પાયરિંગ કર્યું છે.



## એરોબિક જિમ્નેસ્ટિક્સ એશિયન ચેમ્પિયનશિપમાં ઈતિહાસ રચાયો

## અરિહા પંગંબમે ગોલ્ડ મેડલ જીત્યો

**(એજન્સી) નવી દિલ્હી । તા. 07**

ભારતીય જિમ્નાસ્ટ અરિહા પંગંબમે એરોબિક જિમ્નેસ્ટિક્સ એશિયન ચેમ્પિયનશિપમાં સિનિયર મહિલા વ્યક્તિગત ઈવેન્ટમાં દેશનો પ્રથમ ગોલ્ડ મેડલ જીત્યો. તેણીએ ફાઈનલમાં કુલ 19.100 ના સ્કોર સાથે ટોચનું સ્થાન મેળવ્યું, જેમાં કલાત્મકતામાં 8.650, એક્ઝિક્યુશનમાં 7.600 અને મુશ્કેલીમાં 2.850 નો સમાવેશ થાય છે. જિમ્નેસ્ટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ સુધીર મિત્તલે તેને એક મોટી સિદ્ધિ ગણાવી અને રમતવીર અને તેના કોચને અભિનંદન આપ્યા.અરિહા પંગંબમે એરોબિક જિમ્નેસ્ટિક્સ એશિયન ચેમ્પિયનશિપમાં સિનિયર મહિલા વ્યક્તિગત ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય બની છે. ભારતીય જિમ્નાસ્ટે ફાઈનલમાં 19.100 ના સ્કોર સાથે પોડિયમ પર ટોચનું સ્થાન મેળવ્યું, સ્પર્ધામાં ભારતનો પ્રથમ ગોલ્ડ મેડલ જીત્યો. અરિહાએ કલાત્મકતા માટે ૮.૬૫૦, અમલીકરણ માટે ૭.૬૦૦ અને મુશ્કેલી માટે ૨.૮૫૦નો સ્કોર કરીને ટાઈટલ જીત્યું. જિમ્નેસ્ટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ સુધીર મિત્તલે કહ્યું, 'આ અમારા માટે એક મોટી સિદ્ધિ છે. તેણીએ ખૂબ જ સારું પ્રદર્શન કર્યું.

## ઓસ્ટ્રેલિયાએ બે ઈરાની મહિલા ફૂટબોલરોને નાગરિકતા આપી



**(એજન્સી) ઓસ્ટ્રેલિયા । તા. 07**

ઓસ્ટ્રેલિયાએ આ વર્ષે માર્ચમાં આશ્રય માંગનાર બે ઈરાની મહિલા ફૂટબોલરોને નાગરિકતા આપી છે. ફાતેમેહ પાસંદીદેહ અને આતેફેહ રમેઝાનીસાદેહે ગુરુવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઈમિગ્રેશન મંત્રી ટોની બર્કે એક દિવસ પહેલા તેમના ઓસ્ટ્રેલિયન વતન બ્રિસ્બેનમાં નાગરિકતા સમારોહમાં તેમને પદના શપથ લેવડાવ્યા હતા. સ્થાનિક ઈરાની સમુદાયના સભ્યોએ સમારોહમાં હાજરી આપી હતી. રમેઝાનીસાદેહે એક નિવેદનમાં કહ્યું, 'ગઈકાલ મારા માટે ખરેખર ખાસ અને અવિસ્મરણીય દિવસ હતો. મને ઓસ્ટ્રેલિયન નાગરિક બનવાનો ગર્વ છે. ઓસ્ટ્રેલિયાએ મને મારા જીવન અને ભવિષ્યનું નિર્માણ કરવાની તક આપી છે.' પાસંદીદેહે ઉમેર્યું, 'બુધવાર મારા જીવનના સૌથી ખુશ દિવસોમાંનો એક હતો.ઓસ્ટ્રેલિયન નાગરિક બનવાનો મને ખૂબ ગર્વ અને આનંદ છે.


## ઈસ્પોર્ટ્સ વર્લ્ડ કપમાં ભાગ લેવા માટે ચાર ભારતીય ગ્રાન્ડમાસ્ટર, કાર્લસનનો સામનો કરશે



### 1 થી 15 ઓગસ્ટ દરમિયાન ફ્રાન્સના પેરિસમાં યોજાનારી ઈસ્પોર્ટ્સ વર્લ્ડ કપ ચેસ સ્પર્ધામાં ભાગ લેશે

**(એજન્સી) ફ્રાન્સ । તા. 07**

ચાર ભારતીય ગ્રાન્ડમાસ્ટર - નિહાલ સરીન, અરવિંદ ચિદમ્બરમ, પ્રણેશ એમ અને અર્જુન એરિગાઈસી - 11 થી 15 ઓગસ્ટ દરમિયાન ફ્રાન્સના પેરિસમાં યોજાનારી ઈસ્પોર્ટ્સ વર્લ્ડ કપ ચેસ સ્પર્ધામાં ભાગ લેશે. આ ખેલાડીઓ 1.5 મિલિયન યુએસ ડોલર (આશરે રૂ. 14.2 કરોડ) ના ઈનામી પૂલ માટે વર્તમાન ચેમ્પિયન મેગ્નસ કાર્લસન સહિત વિશ્વના ટોચના ખેલાડીઓ સામે સ્પર્ધા કરશે. નિહાલ, પ્રણેશ અને અર્જુન ચેમ્પિયન્સ ચેસ ટૂર દ્વારા સીધા ગ્રુપ સ્ટેજ માટે ક્વોલિફાય થયા છે, જ્યારે અરવિંદ પ્લે-ઈન સ્ટેજમાં પોતાનું અભિયાન શરૂ કરશે. ભારતીય ગ્રાન્ડમાસ્ટર નિહાલ સરીન, અરવિંદ ચિદમ્બરમ, પ્રણેશ એમ અને અર્જુન એરિગાઈસી 11 થી 15 ઓગસ્ટ દરમિયાન અહીં યોજાનારી ઈસ્પોર્ટ્સ વર્લ્ડ કપ ચેસ સ્પર્ધામાં વિશ્વના નંબર એક મેગ્નસ કાર્લસન સહિત અનેક મજબૂત વિરોધીઓનો સામનો કરશે. નિહાલ, અરવિંદ અને પ્રણેશ ઈસ્પોર્ટ્સ અને ગેમિંગ કન્ટેન્ટ જાયન્ટ S8UL ઈસ્પોર્ટ્સનું પ્રતિનિધિત્વ કરશે, જ્યારે ગ્રાન્ડમાસ્ટર અર્જુન એરિગાઈસી જનરલ જી ઈસ્પોર્ટ્સ માટે પોતાનું નસીબ અજમાવશે. આ ચાર ભારતીય ખેલાડીઓ US$1.5 મિલિયન (14.2 કરોડ) ના ઈનામી પૂલના શેર માટે વર્તમાન ચેમ્પિયન કાર્લસન (ટીમ લિક્વિડ) ની આગેવાની હેઠળના ચુનંદા જૂથ સામે સ્પર્ધા કરશે.આ સ્પર્ધામાં હિકારુ નાકામુરા અને અલીરેઝા ફિરોઝા (ટીમ ફાલ્કન્સ), નોડિરબેક અબ્દુસત્તોરોવ (નેટસ વિન્સેરે), હાન્સ મોકે નીમેન (ગોડલાઈક ઈસ્પોર્ટ્સ) અને વિશ્વભરના અન્ય ઘણા ગ્રાન્ડમાસ્ટર પણ ભાગ લેશે. નિહાલ, પ્રણેશ અને અર્જુને ચેમ્પિયન્સ ચેસ ટૂર (CCT) 2025-2026 માં તેમના સારા પ્રદર્શનને કારણે સીધા ગ્રુપ સ્ટેજ માટે ક્વોલિફાય કર્યું છે, જ્યારે અરવિંદે આ વર્ષની શરૂઆતમાં ડ્રીમહેક એટલાન્ટા દ્વારા સ્પર્ધામાં પોતાનું સ્થાન મેળવ્યું હતું. તે ટુર્નામેન્ટના પ્રથમ તબક્કા, પ્લે-ઈન સ્ટેજમાં પોતાનું અભિયાન શરૂ કરશે.ગયા વર્ષે નિહાલ અને અર્જુને પણ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. નિહાલ ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યો હતો જ્યારે અર્જુન ચોથા સ્થાને રહ્યો હતો.




## ઓલિમ્પિક વિજેતા નીરજ ચોપરાનું નવું પગલું, બાળકો માટે શરૂ કરી ખાસ રમત પહેલ

### ૨,૫૦૦ થી વધુ શાળાઓના ૨,૫૦,૦૦૦ થી વધુ બાળકોને જોડ્યા બાદ હવે ૧૦ લાખ બાળકો સુધી પહોંચવાનું લક્ષ્ય

**(એજન્સી) નવી દિલ્હી । તા. 07**

ભારતના બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા ભાલા ફેંકનાર નીરજ ચોપરા બાળકોના રમતગમત કાર્યક્રમ, UBS એથ્લેટિક્સ કિડ્સ કપના સહ-માલિકની હરોળમાં જોડાયા છે. ચોપરા, જે છેલ્લા બે સીઝનથી પહેલના બ્રાન્ડ એમ્બેસેડર રહ્યા છે, હવે આ અભિયાન દ્વારા દસ લાખ બાળકો સુધી પહોંચવાનો અને તેમને રમતગમતમાં રસ લેવા માટે પ્રેરણા આપવાનો લક્ષ્યાંક ધરાવે છે. આ ગ્રાસરૂટ સ્પર્ધાએ પાંચ શહેરોની 2,500 થી વધુ શાળાઓમાં 250,000 થી વધુ બાળકોને પહેલાથી જ જોડ્યા છે.બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા ભારતીય ભાલા ફેંકનાર નીરજ ચોપરા UBS એથ્લેટિક્સ કિડ્સ કપના સહ-માલિક બન્યા છે. ચોપરાએ છેલ્લા બે સીઝનથી આ કાર્યક્રમના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પણ સેવા આપી છે. UBS એથ્લેટિક્સ કિડ્સ કપ એક ગ્રાસરૂટ પહેલ છે જેનો હેતુ મનોરંજક, સમાવિષ્ટ અને સુલભ સ્પર્ધાઓ દ્વારા બાળકોને રમતગમતનો પરિચય કરાવવાનો છે.તેણે પાંચ શહેરોની 2,500 થી વધુ શાળાઓમાં 250,000 થી વધુ બાળકોને જોડ્યા છે. ચોપરાએ રિલીઝમાં જણાવ્યું હતું કે, 'છેલ્લા બે સીઝનમાં, મેં UBS એથ્લેટિક્સ કિડ્સ કપનો વિવિધ શાળાઓના બાળકો પર પ્રભાવ જોયો છે. દરેક બાળકને તેમની પ્રતિભા દર્શાવવાની તક મળવી જોઈએ. અમારું લક્ષ્ય દસ લાખ બાળકો સુધી પહોંચવાનો અને યુવાનોને રમતગમતમાં જોડાવા માટે પ્રેરણા આપવાનો છે.'

## અશ્મિતા ચલિહાએ ટોચના ક્રમાંકિત ખેલાડીને હરાવી

**(એજન્સી) નવી દિલ્હી । તા. 07**

ભારતની અશ્મિતા ચલિહા અને રક્ષિતા રામરાજ શુક્રવારે અહીં US$250,000 કોરિયા માસ્ટર્સ સુપર 300 બેડમિન્ટન ટુર્નામેન્ટના મહિલા સિંગલ્સ સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો. વિશ્વ ક્રમાંકિત 50 અશ્મિતાએ ટુર્નામેન્ટનો અત્યાર સુધીનો સૌથી મોટો અપસેટ સર્જ્યો, જેમાં તેણે જાપાનની વિશ્વ ક્રમાંકિત 22 અને ટોચના ક્રમાંકિત ખેલાડી હિના અકેચીને રોમાંચક ક્વાર્ટર ફાઇનલમાં 20-22, 21-15, 21-19 થી હરાવી. આ જીત સાથે, ભારતીય ખેલાડીએ ગયા વર્ષે મલેશિયા સુપર 100 માં હિના સામેની પોતાની હારનો બદલો લીધો. રક્ષિતાએ રમત પાછળ રહીને વાપસી કરી અને ત્રીજા ક્રમાંકિત અને દેશબંધુ તન્વી શર્માને 18-21, 21-19, 21-18 થી હરાવી. આ મેચ એક કલાકથી વધુ ચાલી. આ તન્વીનો તેના પર ચોથો વિજય હતો. તન્વીએ ગયા અઠવાડિયે તૈપેઈ ઓપનમાં તેનું પ્રથમ BWF ટાઇટલ જીત્યું હતું. જોકે, કૃષ્ણ પ્રસાદ ગરાગા અને પૃથ્વી કૃષ્ણમૂર્તિ રોયની ભારતીય પુરુષ ડબલ્સ જોડી મલેશિયાના મેન વેઈ ચોંગ અને સોહ વૂઈ યિક સામે 7-21, 8-21થી હારી જતાં ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ. હીનાએ સારી શરૂઆત કરી, 7-5ની લીડ મેળવી, ત્યારબાદ અશ્મિતાએ સ્કોર 7-7 પર બરાબરી કરી. જોકે, ભારતીય ખેલાડીની કેટલીક ભૂલોને કારણે જાપાની ખેલાડી અંતરાલમાં 11-9ની લીડ મેળવી શકી.જોકે, અશ્મિતાએ જોરદાર લડાઈ કરી. તેણે 12-12 અને પછી 15-15 પર સ્કોર બરાબરી કર્યો. ત્યારબાદ તેણે 17-15 અને 18-16 પર લીડ મેળવી. જોકે, હીનાએ જોરદાર વાપસી કરી અને ક્રોસ-કોર્ટ વિનર સાથે પહેલી ગેમ જીતી. અશ્મિતાએ બીજી ગેમમાં જોરદાર વાપસી કરી. સ્કોર 7-7 પર બરાબરી થયા પછી, તેણે સતત છ પોઈન્ટ જીતીને 13-7ની લીડ મેળવી. હીનાએ અંતર ઘટાડીને ૧૪-૧૬ કર્યું હોવા છતાં, ભારતીય ખેલાડીએ પોતાનું સંયમ જાળવી રાખ્યું અને આગામી છ પોઈન્ટમાંથી પાંચ જીતીને મેચને નિર્ણાયક ગેમમાં લઈ ગઈ. નિર્ણાયક ગેમ પણ એવી જ રીતે ચાલી, જેમાં અશ્મિતાએ ૯-૩ની લીડ મેળવી અને અંતરાલમાં ૧૧-૯ની લીડ જાળવી રાખી.




# થાઈ સ્કૂલમાં વિદ્યાર્થીએ ગોળીબાર કર્યો 06 લોકોના મોત

(એજન્સી) થાઇલેન્ડ । તા. 07

થાઇલેન્ડના નોન્થાબુરીમાં ડેબસિરિન સ્કૂલમાં ગોળીબારમાં ત્રણ શિક્ષકો અને ત્રણ વિદ્યાર્થીઓ સહિત છ લોકો માર્યા ગયા હતા અને 15 અન્ય ઘાયલ થયા હતા. પોલીસે શંકાસ્પદ વિદ્યાર્થી ગોળીબાર કરનારની હાલત ગંભીર હોવાનું જણાવ્યું હતું અને તે હથિયારના હેતુ અને સ્ત્રોતની તપાસ કરી રહી છે. આ વર્ષે થાઇલેન્ડમાં આ બીજી શાળામાં ગોળીબાર છે, જેનાથી સુરક્ષા ચિંતાઓ વધી છે. પોલીસે જણાવ્યું હતું કે શુક્રવારે થાઇલેન્ડના નોન્થાબુરી પ્રાંતમાં એક હાઇ સ્કૂલમાં એક વિદ્યાર્થીએ ગોળીબાર કર્યો હતો, જેમાં ત્રણ શિક્ષકો અને ત્રણ વિદ્યાર્થીઓ માર્યા ગયા હતા અને 15 અન્ય ઘાયલ થયા હતા. રોયલ થાઇ પોલીસના પ્રવક્તા ત્રિરોંગ પિવાપને એસોસિએટેડ પ્રેસને જણાવ્યું હતું કે બેંગકોકના ઉત્તરપશ્ચિમમાં ડેબસિરિન નોન્થાબુરી સ્કૂલમાં ગોળીબાર થયો હતો.

## સીરિયાની રાજધાની દમાસ્કસના જારામનામાં મિનિવાન-ટેક્સી વિસ્ફોટ

### બે લોકોના મોત, 13 ઘાયલ

(એજન્સી) દમાસ્કસ । તા. 07

સીરિયાની રાજધાની દમાસ્કસના ઉપનગરમાં ગુરુવારે થયેલા વિસ્ફોટમાં ઓછામાં ઓછા બે લોકો માર્યા ગયા અને ઘણા લોકો ઘાયલ થયા, એમ સીરિયન આરોગ્ય મંત્રાલયે અહેવાલ આપ્યો. સીરિયન રાજ્ય ટેલિવિઝનએ એક સુરક્ષા અધિકારીને ટાંકીને જણાવ્યું હતું કે જારામનામાં વિસ્ફોટ એક મિનિવાન-ટેક્સીમાં લગાવેલા વિસ્ફોટક ઉપકરણને કારણે થયો હતો. આરોગ્ય મંત્રાલયે અહેવાલ આપ્યો છે કે વિસ્ફોટમાં બે લોકો માર્યા ગયા અને ઓછામાં ઓછા 13 અન્ય ઘાયલ થયા. ઘટનાસ્થળે હાજર એક એસોસિએટેડ પ્રેસ પત્રકારે કાટમાળમાંથી એક મૃતદેહને બહાર કાઢતો જોયો. હજુ સુધી કોઈ જૂથે આ હુમલાની જવાબદારી સ્વીકારી નથી. જરામના ડ્રુઝ ધાર્મિક લઘુમતીની મોટી વસ્તીનું ઘર છે. ડ્રુઝ સમુદાયના કેટલાક સભ્યો અને દેશની વર્તમાન ઈસ્લામિક-નેતૃત્વવાળી સરકારને ટેકો આપતા સુન્ની મુસ્લિમો વચ્ચે તણાવ ચાલી રહ્યો છે. એપ્રિલ 2025 માં ડ્રુઝ બંદૂકધારીઓ અને સરકાર તરફી લડવૈયાઓ વચ્ચે સાંપ્રદાયિક અથડામણમાં ઓછામાં ઓછા 10 લોકો માર્યા ગયા.

# પાકિસ્તાનીસેનાએખૈબરપખ્તુનખ્વામાં 10 ટીટીપી આતંકવાદીઓને ઠાર માર્યા

(એજન્સી) પાકિસ્તાન । તા. 07

પાકિસ્તાની સેનાએ ઉત્તરપશ્ચિમ પાકિસ્તાનના દક્ષિણ વઝીરિસ્તાન અને ઉપલા દીર જિલ્લામાં બે અલગ અલગ કાર્યવાહી દરમિયાન 10 આતંકવાદીઓને ઠાર માર્યા. સેનાની મીડિયા શાખા, ISPR અનુસાર, સૈનિકોએ વળતો જવાબ આપ્યો અને આઝમ વારસકમાં સુરક્ષા ચોકીઓ પર હુમલો કરવાનો પ્રયાસ કરી રહેલા આઠ આતંકવાદીઓને ઠાર માર્યા. વડા પ્રધાન શાહબાઝ શરીફે આ કાર્યવાહીની પ્રશંસા કરી અને સ્પષ્ટ કર્યું કે આતંકવાદ સંપૂર્ણપણે નાબૂદ ન થાય ત્યાં સુધી આ કાર્યવાહી ચાલુ રહેશે. સેનાની મીડિયા શાખાએ શુક્રવારે જાહેરાત કરી હતી કે પાકિસ્તાનના ઉત્તરપશ્ચિમ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં બે અલગ અલગ કાર્યવાહીમાં સુરક્ષા દળોએ 10 આતંકવાદીઓને ઠાર માર્યા. દક્ષિણ વઝીરિસ્તાન અને ઉપલા દીર જિલ્લામાં પ્રતિબંધિત તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) ના આતંકવાદીઓ સામેના ઓપરેશન દરમિયાન ગુરુવારે બંને ઘટનાઓ બની હતી.સરકાર TTP આતંકવાદીઓને વર્ણવવા માટે 'ફિત્ના અલ-ખ્વારીજ' શબ્દનો ઉપયોગ કરે છે. પાકિસ્તાની સેનાના જનસંપર્ક વિભાગ (ISPR) અનુસાર, આતંકવાદીઓના એક જૂથે દક્ષિણ વઝીરિસ્તાનના આઝમ વારસક વિસ્તારમાં સુરક્ષા દળોની ચોકીઓ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો. ISPR એ અહેવાલ આપ્યો છે કે સૈનિકોએ અસરકારક રીતે આ હુમલાને નિષ્ફળ બનાવ્યો અને આઠ આતંકવાદીઓને ઠાર માર્યા.બીજી ઘટના દીર જિલ્લામાં બની હતી, જ્યાં સુરક્ષા દળોએ વધુ બે આતંકવાદીઓને ઠાર માર્યા હતા.



# પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને તુર્કીએ સંયુક્ત સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા

પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને તુર્કીએ "મક્કા સંયુક્ત સંરક્ષણ કરાર" નામના સંયુક્ત સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર હેઠળ, એક દેશ પર હુમલો એ બધા પર હુમલો માનવામાં આવશે.



(એજન્સી) સાઉદી અરેબિયા । તા. 07

પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે, પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને તુર્કીએ શુક્રવારે સંયુક્ત સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા. આ કરાર હેઠળ, ત્રણેય દેશોમાંથી કોઈપણ એક પર હુમલો એ ત્રણેય પર હુમલો માનવામાં આવશે. સંયુક્ત નિવેદન અનુસાર, પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ, સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન અને તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગને મક્કાના અલ-સફા પેલેસ ખાતે એક બેઠક દરમિયાન 'મક્કા સંયુક્ત સંરક્ષણ કરાર' પર હસ્તાક્ષર કર્યા.સંયુક્ત સંરક્ષણ માટે મક્કા અલ-મુકરમાહ સમિટ દરમિયાન હસ્તાક્ષર કરાયેલ આ કરારનો હેતુ કોઈપણ આક્રમક કાર્યવાહી સામે સામૂહિક સુરક્ષાને મજબૂત બનાવવાનો છે. તે જોગવાઈ કરે છે કે ત્રણેય દેશોમાંથી કોઈપણ પર કોઈપણ સશસ્ત્ર હુમલો એ ત્રણેય પર હુમલો માનવામાં આવશે. નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે તે ત્રણેય દેશો વચ્ચે સંરક્ષણ સહયોગના તમામ પાસાઓને વધારવાની જોગવાઈ કરે છે. આ વિકાસ એવા સમયે થયો છે જ્યારે પશ્ચિમ એશિયામાં સંઘર્ષ લાલ સમુદ્ર અને બાબ અલ-મંડેબ સ્ટ્રેટ સહિત અનેક મોરચે ફેલાયો છે. આનાથી ગલ્ફ દેશોને પ્રાદેશિક સુરક્ષા સંકલનને મજબૂત બનાવવા માટે પ્રેરિત કરવામાં આવ્યા છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે મક્કા કરાર 'ત્રણેય દેશોની સામૂહિક સુરક્ષાને વધુ મજબૂત બનાવવા અને પ્રદેશ અને તેનાથી આગળ શાંતિ, સુરક્ષા અને સ્થિરતાને પ્રોત્સાહન આપવા, સુરક્ષિત અને સમૃદ્ધ ભવિષ્ય સુનિશ્ચિત કરવા માટે સહિયારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.'ગયા વર્ષે સપ્ટેમ્બરની શરૂઆતમાં, પાકિસ્તાન અને સાઉદી અરેબિયાએ વ્યૂહાત્મક પરસ્પર સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. તેમાં વચન આપવામાં આવ્યું હતું કે કોઈપણ દેશ પર હુમલો 'બંને દેશો સામે આક્રમણ' ગણવામાં આવશે. આ સંરક્ષણ કરાર હેઠળ, પાકિસ્તાને સંયુક્ત તાલીમ, સંરક્ષણ સહયોગ અને સાઉદી અરેબિયાની સુરક્ષા જરૂરિયાતોને ટેકો આપવા માટે સૈનિકો અને વિમાનો સાઉદી અરેબિયા મોકલ્યા હતા. સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે મક્કા કરાર 'ત્રણેય દેશો વચ્ચેના લાંબા સમયથી ચાલતા ઐતિહાસિક સંબંધોથી પ્રેરિત છે. તે ભાઈચારો અને ઈસ્લામિક એકતાના મજબૂત બંધનો પર આધારિત છે જે તેમને બાંધે છે, અને તે તેમના સહિયારા વ્યૂહાત્મક હિતો અને લાંબા સમયથી ચાલતા સંરક્ષણ સહયોગને વધુ આગળ ધપાવે છે.'પશ્ચિમ એશિયામાં તણાવ વચ્ચે આ કરાર થયો છે. શુક્રવારની બેઠકમાં, ત્રણેય પક્ષોએ તેમના સંબંધોની સમીક્ષા કરી અને પરસ્પર હિતના અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી. વડા પ્રધાન કાર્યાલયે જણાવ્યું હતું કે બેઠક પહેલા, વડા પ્રધાન શરીફ અને ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીર, જેઓ ગુરુવારે ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે અહીં પહોંચ્યા હતા, તેમણે સાઉદી ક્રાઉન પ્રિન્સ સાથે મુલાકાત કરી હતી. શરીફ સાથે નાયબ વડા પ્રધાન અને વિદેશ પ્રધાન ઈશાક ડાર અને સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફ પણ હતા, એમ કાર્યાલયે જણાવ્યું હતું. વિદેશ કાર્યાલયે ગુરુવારે કહ્યું હતું કે, 'જોકે આ મુલાકાત ગલ્ફ ક્ષેત્રમાં વધતા તણાવ વચ્ચે થઈ રહી છે, તેનું મહત્વ તાત્કાલિક કટોકટી અને ટૂંકા ગાળાના વિચારણાઓથી આગળ વધે છે.

# અમેરિકી રાષ્ટ્રપતિ વિશ્વના "સૌથી મજબૂત" થી "સૌથી નબળા" નેતા બન્યા



(એજન્સી) યુએસ । તા. 07

જ્યારે અમેરિકી રાષ્ટ્રપતિને વિશ્વના સૌથી શક્તિશાળી નેતા માનવામાં આવે છે, ત્યારે ડોનાલ્ડ ટ્રમ્પે તેમની આક્રમક નીતિઓ અને ઉતાવળા નિર્ણયો દ્વારા એવી પરિસ્થિતિ ઊભી કરી છે કે, વ્હાઇટ હાઉસ પર કબજો કરવા છતાં, તેઓ વિશ્વના સૌથી લાચાર નેતાઓમાંના એક દેખાય છે. છ મહિના સુધી ચાલેલા ઈરાન યુદ્ધે ટ્રમ્પને એક વ્યૂહાત્મક ક્રોસરોડ્સ પર મૂક્યા છે, જ્યાં દરેક રસ્તો રાજકીય અને રાજદ્વારી નિષ્ફળતાની વાર્તા લાગે છે. જો તેઓ ઓમાનની મધ્યસ્થી હેઠળ તૈયાર થઈ રહેલા વચગાળાના કરારને સ્વીકારે છે, તો ઈરાન હોર્મુઝ સ્ટ્રેટ પર પ્રભાવ મેળવી શકે છે, જેને યુએસ લશ્કરી અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય કહેવામાં આવ્યો હતો. જો કે, જો ટ્રમ્પ લશ્કરી કાર્યવાહી વધારે છે, તો તેઓ લાંબા, ખર્ચાળ અને રાજકીય રીતે વિનાશક યુદ્ધમાં ફસાઈ જવાનું જોખમ ધરાવે છે, જેના પરિણામો આગામી મધ્યસત્ર ચૂંટણીઓમાં પણ અનુભવી શકાય છે. આનો અર્થ એ છે કે ટ્રમ્પ પાસે આ કટોકટીમાંથી સન્માનજનક રીતે બહાર કાઢવા માટે કોઈ વિકલ્પ બચ્યો નથી; દરેક નિર્ણય ઈતિહાસમાં તેમની નિષ્ફળતાઓનો વધુ ખુલાસો સાબિત થઈ શકે છે.નોંધપાત્ર રીતે, વિશ્વના તેલ અને LNG વેપારનો લગભગ પાંચમો ભાગ હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થાય છે. જો પ્રસ્તાવિત વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવે છે, તો ઈરાન આ દરિયાઈ માર્ગ પર દેખરેખ રાખવા અને પ્રભાવિત કરવાની શક્તિ મેળવી શકે છે, જેનો હેતુ અમેરિકા અને તેના સાથીઓ દ્વારા લશ્કરી અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય હોવાનું જણાવવામાં આવ્યું હતું. આ જ કારણ છે કે ટ્રમ્પ વહીવટીતંત્રમાં મતભેદો ઉભરી રહ્યા છે. રાજ્ય સચિવ માર્કો રુબિયો જળમાર્ગને સંપૂર્ણપણે મુક્ત આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગ રહેવા માટે હાકલ કરી રહ્યા છે, જ્યારે વિશ્લેષકો માને છે કે પરિસ્થિતિઓ આખરે ટ્રમ્પને સમાધાન તરફ ધકેલી શકે છે.પરિસ્થિતિ પણ જટિલ છે કારણ કે, સતત લશ્કરી દબાણ છતાં, અમેરિકાએ તેના જણાવેલા ઉદ્દેશ્યોને સંપૂર્ણપણે પ્રાપ્ત કર્યા નથી. ટ્રમ્પે વારંવાર ઈરાનની લશ્કરી ક્ષમતાઓને નબળી પાડવાનો અને તેના નેતૃત્વને નોંધપાત્ર નુકસાન પહોંચાડવાનો દાવો કર્યો છે, પરંતુ વિશ્લેષકો માને છે કે ઈરાન હજુ પણ નિર્ણાયક રીતે નમ્યું નથી. તેનાથી વિપરીત, યુએસ રાષ્ટ્રપતિ હવે સ્થાનિક રાજકીય દબાણ, વધતા બળતણના ભાવ, ઘટતી લોકપ્રિયતા અને આગામી મધ્યસત્ર ચૂંટણીઓનો સામનો કરી રહ્યા છે. એક લાંબી યુદ્ધ તેમના માટે રાજકીય બોજ બની રહી છે. વધુમાં, અમેરિકા તરફથી એવા અહેવાલો આવી રહ્યા છે કે તેના દારૂગોળો, મિસાઇલ અને શસ્ત્રોના ભંડાર ખતમ થઈ રહ્યા છે, અને અમેરિકાને અન્ય દેશોમાં સ્થિત તેના લશ્કરી થાણાઓ પરથી મિસાઈલો પાછી ખેંચવાની ફરજ પડી છે.

# ન્યૂ મેક્સિકો કોર્ટનો મોટો આદેશ મેટા પર $567 મિલિયનનો દંડ



(એજન્સી) ન્યૂ મેક્સિકો । તા. 07

ન્યૂ મેક્સિકોની એક કોર્ટે મેટાને $567 મિલિયન ચૂકવવાનો આદેશ આપ્યો છે. કોર્ટે સ્વીકાર્યું છે કે મેટાએ માહિતી છુપાવી હતી. આનાથી બાળકોને નુકસાન થયું છે, અને કંપની હવે તેમની સારવાર માટે ચૂકવણી કરશે. ન્યૂ મેક્સિકોની એક કોર્ટે કંપનીને $567 મિલિયન (રૂ. 5404 કરોડ) ચૂકવવાનો આદેશ આપ્યો છે. કોર્ટે જણાવ્યું હતું કે મેટાનું પ્લેટફોર્મ યુવાનોને નુકસાન પહોંચાડી રહ્યું છે, અને કંપનીએ આ માટે વળતર ચૂકવવું જોઈએ. આ એક મહત્વપૂર્ણ ટ્રાયલનો બીજો તબક્કો છે, જે સોશિયલ મીડિયા કંપની માર્ચમાં હારી ગઈ હતી. ગુરુવારે મોડી રાત્રે ચુકાદો આપતા, ન્યાયાધીશ બ્રાયન બિડચે જણાવ્યું હતું કે મોટાભાગના પૈસા યુવાનોની સારવાર માટે ઉપયોગમાં લેવાશે. બાકીના ભંડોળ આગામી પાંચ વર્ષમાં જાગૃતિ અને નિવારણ, સ્ક્રીનીંગ સેવાઓ અને અન્ય ખર્ચાઓ પર ખર્ચવામાં આવશે. $420 મિલિયન (રૂ. 4003 કરોડ) યુવાનોની સારવાર પર ખર્ચવામાં આવશે. પ્રથમ તબક્કામાં, જ્યુરીએ મેટા સામે US$375 મિલિયનનો સિવિલ દંડ ફટકાર્યો. આદેશ આપતા પહેલા, કોર્ટે સ્વીકાર્યું કે સોશિયલ મીડિયા કંપનીએ ઈરાદાપૂર્વક બાળકોના માનસિક સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડ્યું છે અને તેના પ્લેટફોર્મ પર બાળ જાતીય શોષણ વિશેની માહિતી છુપાવી છે. બીજા તબક્કામાં, ફરિયાદીઓએ ન્યાયાધીશને મેટામાં મૂળભૂત ફેરફારો કરવા કહ્યું, જેનો હેતુ વ્યસનકારક સુવિધાઓને કાબુમાં લેવા, વય ચકાસણીમાં સુધારો કરવા અને ડિફોલ્ટ ગોપનીયતા સેટિંગ્સ અને કડક દેખરેખ દ્વારા બાળ જાતીય શોષણને રોકવાનો છે. કોર્ટે જણાવ્યું હતું કે ફેડરલ બાળકોના ગોપનીયતા કાયદા મેટાને 13 વર્ષથી ઓછી ઉંમરના બાળકો પર વય-ચકાસણી સાધનોનો ઉપયોગ કરવાથી પ્રતિબંધિત કરે છે. ચિલ્ડ્રન્સ ઓનલાઈન ગોપનીયતા કાયદાનો અર્થ એ છે કે તે મેટાને બાળકોને વ્યક્તિગત ડેટા સબમિટ કરવા અથવા નિષ્ક્રિય રીતે તેમને ઓનલાઈન ટ્રેક કરવા માટે વિનંતી કરવાનો આદેશ આપી શકતી નથી, વય ચકાસણી હેતુઓ માટે પણ. કોર્ટે એમ પણ કહ્યું કે મેટાને ફક્ત મેટા માટે બાળકોની ઉંમર ચકાસવાનો આદેશ આપવો, અને અન્ય સોશિયલ મીડિયા કંપનીઓ માટે નહીં, કંપની માટે અન્યાયી અને અત્યંત હાનિકારક હશે.

# યુકેસરકારનોમોટોનિર્ણય

## રશિયન બેંકો અને દુર્લભ ધાતુઓ આયાત કરતી કંપનીઓ વિરુદ્ધ નવા પ્રતિબંધો

(એજન્સી) લંડન । તા. 07

લંડનમાં બ્રિટિશ સરકારે યુક્રેનના સમર્થનમાં છ મુખ્ય રશિયન બેંકો અને 'શેડો ફ્લીટ' ના ટેન્કરો સહિત 19 સંસ્થાઓ પર નવા પ્રતિબંધોની જાહેરાત કરી છે. બ્રિટિશ વિદેશ સચિવ એડ મિલિબેન્ડે પદ સંભાળ્યા પછી આ પહેલું પ્રતિબંધ પેકેજ છે. તે લશ્કરી સાધનોમાં વપરાતી દુર્લભ ધાતુઓની આયાત કરતી ચાર રશિયન કંપનીઓને પણ લક્ષ્ય બનાવે છે. યુકેએ ગુરુવારે યુક્રેનના સમર્થનમાં રશિયા પર નવા પ્રતિબંધોની જાહેરાત કરી, જેમાં 'શેડો ફ્લીટ' ના બેંકો અને જહાજોને લક્ષ્ય બનાવવામાં આવ્યા. એડ મિલિબેન્ડે ગયા મહિને બ્રિટિશ વિદેશ સચિવ તરીકે કાર્યભાર સંભાળ્યા પછી આ પ્રતિબંધ પેકેજ પહેલું છે.યુકેના વિદેશ, કોમનવેલ્થ અને વિકાસ કાર્યાલય (FCDO) એ જણાવ્યું હતું કે પ્રતિબંધો 19 લક્ષ્યોને લક્ષ્ય બનાવે છે, જેમાં છ રશિયન બેંકોનો સમાવેશ થાય છે જેમના પર રશિયાના યુદ્ધ અર્થતંત્રને ટેકો આપવાનો આરોપ છે. આ ઉપરાંત, છ નવા હસ્તગત કરાયેલા 'શેડો ફ્લીટ' ટેન્કરો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, જેના પર પશ્ચિમી પ્રતિબંધો ટાળવામાં મદદ કરવાનો આરોપ છે.પ્રતિબંધોમાં ચાર રશિયન કંપનીઓનો પણ સમાવેશ થાય છે જે ટેન્ટેલમ અને નિઓબિયમ જેવી દુર્લભ ધાતુઓની આયાત કરે છે.

## ‘ગૃહમંત્રીને જણાવો વિપક્ષની માગ...’,

# હોબાળા વચ્ચે કિરેન રિજિજુને રાજ્યસભા ચેરમેનનો નિર્દેશ

(એજન્સી) નવી દિલ્હી | તા 07

દિલ્હીના જંતર-મંતર પર વિદ્યાર્થીઓ પર પોલીસ કાર્યવાહી અને પેલેટ ગનના કથિત ઉપયોગ મામલે સંસદમાં હોબાળો થયો. રાજ્યસભામાં સભાપતિ સી. પી. રાધાકૃષ્ણને સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજૂને ગૃહ મંત્રી અમિત શાહને વિપક્ષની લાગણી જણાવવા સૂચના આપી હતી. વિપક્ષ ગૃહ મંત્રીના નિવેદનની અને પ્રધાનમંત્રીની માફીની માંગ કરી રહ્યું છે. જોકે, કિરેન રિજિજૂએ સભાપતિની ટિપ્પણીનો ઈનકાર કર્યો હતો.

દિલ્હીના જંતર-મંતર પર વિદ્યાર્થીઓ પર થયેલી પોલીસ કાર્યવાહીને પગલે સંસદના ચોમાસુ સત્રમાં ભારે હોબાળો થઈ રહ્યો છે. પોલીસની આ કાર્યવાહી અને તેમાં પેલેટ ગનના કથિત ઉપયોગ અંગે ગૃહ મંત્રી અમિત શાહ ગૃહમાં આવીને સત્તાવાર નિવેદન આપે તેવી માંગણી વિપક્ષ સતત કરી રહ્યું છે. આ દરમિયાન રાજ્યસભામાં એક મહત્ત્વનો કિસ્સો બન્યો હતો, જેમાં



સભાપતિ સી.પી. રાધાકૃષ્ણને કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજૂને વિપક્ષની આ માંગ અને તેમની લાગણીઓ વિશે ગૃહ મંત્રી અમિત શાહને જાણ કરવા સૂચના આપી હતી.

ગત 20 જુલાઈના રોજ તત્કાલીન શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે વિદ્યાર્થીઓએ મોટું પ્રદર્શન કર્યું હતું. વિપક્ષનો આરોપ છે કે આ દરમિયાન પોલીસે અત્યાચાર કર્યો હતો અને પેલેટ ગનનો ઉપયોગ કર્યો હતો. આ જ મુદ્દા પર ગૃહ મંત્રીના નિવેદનની માંગ સાથે છેલ્લા બે અઠવાડિયાથી ચોમાસુ સત્રની કામગીરી સતત ખોરવાઈ રહી છે.

રાજ્યસભાની કાર્યવાહી દરમિયાન વિપક્ષના નેતા અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ગૃહ મંત્રી અને પ્રધાનમંત્રીને ગૃહમાં બોલાવવાની માંગ કરી હતી. ખડગેએ કહ્યું, ‘અમે આસન પાસે વિનંતી કરીએ છીએ કે તેઓ ગૃહ મંત્રીને આવીને નિવેદન આપવાનો નિર્દેશ આપે. અમે આ મુદ્દા પર ચર્ચા કરવા તૈયાર છીએ. જ્યારે વિપક્ષ વ્યાજબી સવાલો પૂછી રહ્યો છે, ત્યારે સરકાર જવાબ આપવાથી ભાગી રહી છે.’

સભાપતિએ રિજિજૂને શું કહ્યું અને કેન્દ્રીય મંત્રીનો પલટવાર?ખડગેની આ માંગણી બાદ સભાપતિ સી.પી. રાધાકૃષ્ણને સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજૂને વિપક્ષની લાગણીઓ ગૃહ મંત્રી સુધી પહોંચાડવા માટે જણાવ્યું હતું. ‘જોકે, તેમણે સ્પષ્ટ કર્યું હતું કે ગૃહમાં નિવેદન આપવું કે નહીં તેનો અંતિમ નિર્ણય તો અમિત શાહનો જ રહેશે.’ બીજી તરફ, કિરેન રિજિજૂએ વિપક્ષના આ દાવાને ફગાવતા કહ્યું કે, ‘સભાપતિએ આવી કોઈ વાત નથી કરી.’ સંસદીય નિયમોનો હવાલો આપતાં તેમણે વિપક્ષ પર વળતો પ્રહાર કર્યો હતો અને જણાવ્યું કે, ‘પ્રધાનમંત્રી અને ગૃહ મંત્રી દરરોજ સંસદમાં હાજર જ રહે છે, પરંતુ વિપક્ષ પોતે જ ગૃહની કામગીરી ચાલવા દેતો નથી.’ખડગેની પ્રેસ કોન્ફરન્સ: ‘પ્રધાનમંત્રી પણ માફી માગે’ રાજ્યસભામાં સભાપતિની ટિપ્પણી બાદ મલ્લિકાર્જુન ખડગેએ એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. તેમણે કડક શબ્દોમાં જણાવ્યું હતું કે આટલી ગંભીર ઘટના બની હોવા છતાં ગૃહ મંત્રીએ હજુ સુધી કોઈ નિવેદન આપ્યું નથી. ખડગેએ માંગ કરી હતી કે ગૃહ મંત્રીએ નિવેદન આપવું જોઈએ અને સાથે જ પ્રધાનમંત્રીએ પણ ગૃહમાં આવીને આ મામલે માફી માગવી જોઈએ.

# ઝારખંડના રાંચીમાં ભૂખ હડતાળ કરનારા રાહુલની તબિયત લથડી

(એજન્સી) રાંચી | તા 07

રાંચીના જયપાલ સિંહ મુંડા સ્ટેડિયમ ખાતે JPSC-JSSC પરીક્ષામાં કથિત ગેરરીતિ અને પેપર લીક સામે વિદ્યાર્થીઓ 2 અઠવાડિયાથી આંદોલન કરી રહ્યા છે. આમરણાંત ઉપવાસ પર બેઠેલા 4 વિદ્યાર્થીઓમાંથી રાહુલ નામના યુવકની તબિયત લથડતા તેને હોસ્પિટલ ખસેડાયો. રાહુલે સહાયક શિક્ષક પરીક્ષા પાસ કરી હતી, છતાં નિમણૂક ન મળતા વિદ્યાર્થીઓ બેકડોર સેટિંગનો આરોપ લગાવી રહ્યા છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ આંદોલનને સમર્થન આપ્યું છે. ઝારખંડની રાજધાની રાંચીના જયપાલ સિંહ મુંડા સ્ટેડિયમ ખાતે JPSC અને JSSC પરીક્ષાઓમાં થયેલી કથિત ગડબડી અને પેપર લીક વિરુદ્ધ વિદ્યાર્થીઓ છેલ્લા બે અઠવાડિયા કરતાં પણ વધુ સમયથી ધરણાં અને અણશન પર બેઠા છે. આ આંદોલનમાં આમરણ ભૂખ હડતાળ પર બેઠેલા ચાર પ્રદર્શનકારીઓમાંથી એક રાહુલ નામના યુવકની તબિયત અચાનક લથડી છે. ચાર દિવસથી અન્ન-જળ ત્યાગીને બેઠેલા રાહુલનું શરીર તાવથી તપી રહ્યું હોવાથી સ્થળ પર




હાજર ડોકટરો તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા છે. રાહુલે સહાયક શિક્ષક પરીક્ષા પાસ કરી હોવા છતાં તેને નિયુક્તિ મળી નહોતી અને વિદ્યાર્થીઓનો આરોપ છે કે સરકારમાં બેકડોર સેટિંગને કારણે તેમની મહેનત પાણીમાં ગઈ છે.

પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓનું કહેવું છે કે આ વિરોધ માત્ર એક વ્યક્તિની તબિયત બગાડવાનો મામલો નથી, પરંતુ લાંબા સમયથી ચાલી રહેલી નારાજગી અને આક્રોશનું પરિણામ છે. વિદ્યાર્થીઓએ જણાવ્યું કે, અમે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સાથે પણ વાત કરી છે, જેમણે મારી માંગણીઓનું સમર્થન કર્યું છે અને હવે તેઓ અમારી સાથે રૂબરૂ મુલાકાત માટે સમય મળવાની રાહ જોઈ રહ્યા છે.’વિદ્યાર્થી નેતા દેવેન્દ્ર નાથ મતોએ સરકારના વલણ સામે ભારે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું કે, ‘મારો ચહેરો જ મારી સ્વાસ્થ્ય સ્થિતિ બતાવી રહ્યો છે.

# એન.એફ.રેલ્વેએ કુદરતના પડકારોને સફળતાપૂર્વક પાર કરીને રેકોર્ડ 17 દિવસમાં સીમાલુગુરીમાં આંશિક ટ્રેન સંચાલન પુનઃસ્થાપિત કર્યું








માલીગાંવ \ નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) એ તિનસુકિયા ડિવિઝન હેઠળના સિમાલુગુરી અને તેની આસપાસના વિસ્તારોમાં તાજેતરના પૂરથી નુકસાન પામેલા રેલ્વે ટ્રેકને સફળતાપૂર્વક પુનઃસ્થાપિત કર્યા છે, જેનાથી અસરગ્રસ્ત પ્રદેશમાં રેલ કનેક્ટિવિટી ફરી શરૂ થઈ છે. પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓ અને પડકારજનક પૂરની પરિસ્થિતિ છતાં NFR ની એન્જિનિયરિંગ ટીમો દ્વારા સતત પ્રયાસો દ્વારા પુનઃસ્થાપન પૂર્ણ થયું હતું. યોગ્ય સલામતી પગલાં સાથે ટ્રેન સંચાલન હવે તબક્કાવાર રીતે ફરી શરૂ કરવામાં આવ્યું છે.જોકે રેલ્વે ટ્રેક પુનઃસ્થાપિત કરવામાં આવ્યો છે, ઘણા સ્થાનિક રહેવાસીઓ, જેમાં બાળકો સાથેના પરિવારો, તેમના સામાન અને પશુધનનો સમાવેશ થાય છે, પ્રવર્તમાન પાણી ભરાવાની સ્થિતિને કારણે રેલ્વે ટ્રેક પર અથવા તેની નજીક આશ્રય લેવાનું ચાલુ રાખે છે. માનવતાવાદી ચિંતાઓને ધ્યાનમાં રાખીને અને જાહેર સલામતીને અત્યંત પ્રાથમિકતા આપતા, NFR એ શરૂઆતમાં પુનઃસ્થાપિત વિભાગ પર ફક્ત ડીઝલ લોકોમોટિવ-હલ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લીધો છે. આ કામચલાઉ પગલું ઓવરહેડ ઈલેક્ટ્રિક ઉપકરણોથી વીજળી પડવાના જોખમને દૂર કરવા અને પરિસ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી પૂરગ્રસ્ત લોકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે અપનાવવામાં આવ્યું છે.સુધારેલા ઓપરેશનલ પ્લાનના ભાગ રૂપે, ટ્રેન નં. ૧૫૬૬૯ ગુવાહાટી-ડિબ્રુગઢ નાગાલેન્ડ એક્સપ્રેસ, ટ્રેન નં. ૧૫૬૦૩/૧૫૬૦૪ ગુવાહાટી-લેડો-ગુવાહાટી ઈન્ટરસિટી એક્સપ્રેસ, ટ્રેન નં. ૧૫૯૬૭/૧૫૯૬૮ રંગિયા-લેડો-રંગિયા ઈન્ટરસિટી એક્સપ્રેસ, ટ્રેન નં. ૭૫૬૦૧/૭૫૬૦૨ લુમડિંગ-તિનસુકિયા-લુમડિંગ ડેમુ અને ટ્રેન નં. ૫૫૯૧૪ તિનસુકિયા-જોરહાટ ટાઉન પેસેન્જર સહિતની સ્થાનિક ટ્રેન સેવાઓ મોરાનહાટ થઈને ચાલશે. લાંબા અંતરની ટ્રેનો, હાલ સુધી, સામાન્ય કામગીરી સંપૂર્ણપણે પુનઃસ્થાપિત ન થાય ત્યાં સુધી ઉત્તર લખીમપુર-રંગપરા ઉત્તર-રંગિયા થઈને ડાયવર્ટ કરેલા રૂટ પર દોડતી રહેશે.આ વિક્ષેપના સમયગાળા દરમિયાન ઉપલા આસામમાં મુસાફરી કરતા અને ત્યાંથી મુસાફરી કરતા મુસાફરો માટે અવિરત કનેક્ટિવિટી સુનિશ્ચિત કરવા માટે, NFR નિયમિત અંતરાલે ખાસ ટ્રેનો પણ ચલાવી રહ્યું છે. આ ખાસ સેવાઓએ પુનઃસ્થાપન કાર્ય દરમિયાન મુસાફરો માટે એક અસરકારક વિકલ્પ પૂરો પાડ્યો છે અને જ્યાં સુધી સામાન્ય રૂટ સંપૂર્ણપણે કાર્યરત ન થાય ત્યાં સુધી રેલ કનેક્ટિવિટીને પૂરક બનાવતા રહેશે.ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેના સમર્પિત કાર્યબળ દ્વારા સુસંગઠિત પ્રયાસ દ્વારા પુનઃસ્થાપન કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. NFR મુખ્યાલય અને તિનસુકિયા વિભાગના વરિષ્ઠ અધિકારીઓની નજીકની દેખરેખ હેઠળ ભારે મશીનરી, એન્જિનિયરિંગ સાધનો, રાહત સામગ્રી અને અન્ય આવશ્યક સંસાધનોના ટેકાથી 700 થી વધુ કર્મચારીઓએ વિવિધ ક્ષતિગ્રસ્ત વિભાગો પર ચોવીસ કલાક કામ કર્યું.

# જૂનાગઢ જિલ્લાની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૭ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના માર્ગદર્શન હેઠળ રાજ્યભરની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત જૂનાગઢ જિલ્લાની નોડલ સંસ્થા સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, જૂનાગઢ તેમજ મહિલા આઈ.ટી. આઈ. જૂનાગઢ, કેશોદ, માણાવદર, વંથલી, વિસાવદર, માળિયા- હાટીના, ભેસાણ અને મેંદરડા સહિત જિલ્લાની તમામ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે અધિકારીઓ, સ્ટાફગણ અને તાલીમાર્થીઓની ઉપસ્થિતિ માં ઉત્સાહભેર વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જિલ્લાની નોડલ સંસ્થા સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, જૂનાગઢ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયા, જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી મયંક ભદોરિયા તથા વન વિભાગના રેન્જ ફોરેસ્ટ ઓફિસર શ્રીમતી પિન્ટુબેન ગુજરાતી ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળા ગુજરાતના સંકલ્પને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમ બાદ ધારાસભ્યશ્રીએ સંસ્થાના વિવિધ ટ્રેડની મુલાકાત લઈ તાલીમ વ્યવસ્થા, ઉપલબ્ધ સુવિધાઓ તેમજ તાલીમાર્થીઓને આપવામાં આવતી વ્યવસાયલક્ષી તાલીમ અંગે માહિતી મેળવી હતી.

# 'કેચ ધ રેઈન': ટકાઉ જળ સંસાધનોની સંસ્કૃતિનું નિર્માણ

પાણી હંમેશા આપણા ગામડાઓ, ખેતરો અને સમુદાયોના જીવનને આકાર આપે છે. તે આજીવિકાને ટેકો આપે છે, ઈકોસિસ્ટમને ટકાવી રાખે છે અને માનવ વિકાસના દરેક પાસામાં ફાળો આપે છે. તેથી, આ કિંમતી સંસાધનનું રક્ષણ કરવું એ ફક્ત આપણી પર્યાવરણીય જવાબદારી જ નથી, પરંતુ એક સહિયારી રાષ્ટ્રીય ફરજ પણ છે.આ સહિયારી જવાબદારી પીવાના પાણીના આદર અને સંરક્ષણ અભિયાનનો મુખ્ય પાયો છે. આ અભિયાન 21 જુલાઈથી 4 ઓગસ્ટ સુધી પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગ દ્વારા ‘કેચ ધ રેઈન‘ અભિયાનના સહયોગથી, ‘જળ સંચય જન ભાગીદારી: કેચ ધ રેઈન 2026‘ના બેનર હેઠળ ચલાવવામાં આવી રહ્યું છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ‘મન કી બાત‘ ના 135મા એપિસોડમાં ‘જળ સંચય જન ભાગીદારી‘ના આહ્વાનને આગળ ધપાવતા, આ અભિયાન દેશભરમાં વરસાદી પાણીના સંગ્રહ, ભૂગર્ભજળ રિચાર્જ, રિચાર્જ માળખાં બનાવવા, પાણીના સ્ત્રોતોને ટકાવી રાખવા અને સમુદાયની ભાગીદારીને મજબૂત બનાવવાનો પ્રયાસ કરે છે. તેના મૂળમાં એક સરળ વિશ્વાસ છે: આપણા પીવાના પાણીની સુરક્ષાની શરૂઆત તે સ્ત્રોતોની સુરક્ષાથી થાય છે, જ્યાંથી આ પાણી પ્રાપ્ત થાય છે.આ પ્રયાસનું મહત્વ વધુને વધુ સ્પષ્ટ થઈ રહ્યું છે. વિશ્વની આશરે 18 ટકા વસ્તી ભારતમાં વસે છે,છતાં વિશ્વના મીઠા પાણીના સંસાધનોનો માત્ર 4 ટકા હિસ્સો ધરાવે છે. વધતી માંગ, ઝડપી શહેરીકરણ અને આબોહવા પરિવર્તનની અસર નદીઓ, તળાવો અને ભૂગર્ભજળના ભંડાર પર દબાણ વધારી રહી છે. જોકે, જળ સંરક્ષણ ભારતની સંસ્કૃતિ અને પરંપરાનો અભિન્ન ભાગ



શ્રી સી.આર.પાટીલ

રહ્યું છે. આધુનિક ઈજનેરીના આગમન પહેલાં, સમગ્ર ભારતમાં સમુદાયોએ તેમના સ્થાનિક ભૂગોળને અનુરૂપ વિવિધ પ્રણાલીઓ વિકસાવી હતી, જેમાં પશ્ચિમ ભારતની વાવ અને રાજસ્થાનના જોહાદથી લઈને દક્ષિણના મંદિરના તળાવો અને ગંગાના મેદાની વિસ્તારમાં આવેલા ગામોના તળાવો સુધીનો સમાવેશ થતો હતો. આ ફક્ત પાણી સંગ્રહ માળખાં નહોતા, પરંતુ સામુદાયિક સંસ્થાઓ હતી, જે સામૂહિક પ્રયાસો અને સહિયારી જવાબદારી દ્વારા સંચાલિત હતી. આજે, આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજી આપણને આ વારસાને મજબૂત બનાવવામાં મદદ કરી રહી છે, જે પાણીના સ્ત્રોતોની ટકાઉપણુંને ભારતની જળ સુરક્ષા માટે એક મહત્વપૂર્ણ પાયો બનાવે છે.પાણીના મૂલ્યની આ સમજણ આપણા જળ સંરક્ષણ પ્રયાસોના વિકાસને માર્ગદર્શન આપે છે. જળ સંચય જન ભાગીદારી: કેચ ધ રેઈન (JSJB:CTR) ઓછા ખર્ચે, વૈજ્ઞાનિક રીતે ડિઝાઈન કરાયેલા અને સમુદાય-આગેવાની હેઠળના જળ સંરક્ષણ પગલાંને પ્રોત્સાહન આપે છે જે 3Cs - સમુદાય, ખર્ચ અને CSR પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ ઝુંબેશ જાહેર ભાગીદારી દ્વારા કૃત્રિમ ભૂગર્ભજળ રિચાર્જ અને પાણી સંગ્રહ માળખાના નિર્માણને પ્રોત્સાહન આપે છે. તે પાણી સંરક્ષણ, ભૂગર્ભજળ રિચાર્જ અને ટકાઉ પાણી વ્યવસ્થાપન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પાણી સેવા મૂલ્યાંકન ગ્રામ પંચાયતોને નિયમિતપણે ગ્રામીણ પીવાના પાણી પ્રણાલીઓના પ્રદર્શનનું મૂલ્યાંકન કરવા સક્ષમ બનાવે છે. એકસાથે, આ પહેલો એક સંકલિત અભિગમને પ્રતિબિંબિત કરે છે જેમાં માળખાગત સુવિધાઓ, પાણીના સ્ત્રોત ટકાઉપણું અને સમુદાય ભાગીદારી એકબીજાને મજબૂત બનાવે છે.


# યોગીના ગઢમાં આનંદી બહેને સરકારની પોલ ખોલી

(એજન્સી) ગોરખપુર | તા 07

દીનદયાળ ઉપાધ્યાય ગોરખપુર યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં રાજ્યપાલ આનંદીબહેન પટેલે મુખ્યમંત્રીના જ ગૃહનગર ગોરખપુરની વ્યવસ્થાઓ પર સવાલો ઉઠાવતા તંત્ર સામે લાલ આંખ કરી છે. તેમણે ખુલ્લેઆમ જણાવ્યું કે જો સીએમ સિટીમાં જ આવી કમી રહેશે, તો અન્ય જગ્યાઓની શું સ્થિતિ હશે. રાજ્યપાલે પોતાના સંબોધનમાં વીજળી, પાણી, પંખાની અછત, ગંદકી તેમજ યુવા પેઢીમાં વધી રહેલા ડ્રગ્સ અને દારૂના દૂષણ પર ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે હોસ્ટેલ અને શૈક્ષણિક પરિસરમાં રહેલી આ મૂળભૂત સમસ્યાઓ તંત્રની બેદરકારી દર્શાવે છે. , દીનદયાળ ઉપાધ્યાય ગોરખપુર યુનિવર્સિટીના 45મા દીક્ષાંત સમારોહમાં રાજ્યપાલ અને કુલાધિપતિ આનંદીબહેન પટેલે માત્ર ઔપચારિક સંબોધન કરવાને બદલે એક માતા તરીકે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે વિદ્યાર્થીઓના ઉત્તમ ભવિષ્ય માટે ગુણવત્તાયુક્ત શિક્ષણની સાથે શુદ્ધ અને પૌષ્ટિક આહાર પણ એટલો જ મહત્ત્વનો છે. તેમણે ખાસ કરીને બોય્ઝ હોસ્ટેલમાં બહારથી ટિફિન મંગાવવાની પ્રથા સામે સખત સવાલો ઉઠાવ્યા હતા અને આ ટિફિન વ્યવસ્થા તાત્કાલિક ધોરણે બંધ કરાવવા કડક આદેશ આપ્યો હતો, કારણ કે અશુદ્ધ ભોજનથી વિદ્યાર્થીઓનો માનસિક વિકાસ પ્રભાવિત થાય છે. કુલાધિપતિએ દીક્ષા સમારોહ પહેલાં હોસ્ટેલના રસોડાની રૂબરૂ મુલાકાત લીધી હતી અને ભોજન બનવાની સમગ્ર વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે ખાદ્ય સામગ્રીના ડબ્બા ખુલાવીને ચકાસણી કરી હતી તથા વપરાતા ખાદ્ય તેલ વિશે માહિતી મેળવી હતી. સેમ્પલ બદલવાની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને તેમણે તેલના બે નમૂના લીધા હતા. જેમાંથી એકની સ્થાનિક સ્તરે અને બીજાની લખનઉમાં સ્વતંત્ર તપાસ કરાવવાનો આદેશ આપ્યો છે. જેથી વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય સાથે કોઈ ચેડા ન થાય.વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા રાજ્યપાલે જણાવ્યું હતું કે ડિગ્રી માત્ર વ્યક્તિને ઓળખ અપાવે છે, પરંતુ તેનું અસલી ચરિત્ર જ સમાજમાં સન્માન અપાવે છે. તેમણે આહ્વાન કર્યું કે યુવાનોએ પોતાની શિક્ષા અને કૌશલ્યનો ઉપયોગ સમાજ, રાષ્ટ્ર તથા માનવતાની સેવા માટે કરવો જોઈએ. ગોરખપુરની પવિત્ર ધરતીની પ્રેરણાઓ યાદ અપાવતાં તેમણે અંત્યોદયની ભાવના સાથે રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા પર ભાર મૂક્યો હતો. આ ઉપરાંત, આગામી 3 મહિનામાં હોસ્ટેલની તમામ મરામતની કામગીરી પૂરી કરવા કડક સૂચના આપવામાં આવી છે.આ વર્ષે યુનિવર્સિટી દ્વારા કુલ 74,481 વિદ્યાર્થીઓને ડિગ્રીઓ એનાયત કરવામાં આવી છે.

ELECTRIFICATION OF VEHICLES REMAINS THE DEMAND CATALYST FOR THE WIRE HARNESS MARKET

Designers and manufacturers of critical wiring harnesses, electric sensors and controllers, connectors and other electronic systems





Integrated Wiring Harnesses
Intelligent Electronics
EV Systems
Automotive Switches

- One of India's leading electrical and electronics ("E&E") companies (Source: CRISIL Report).
- Design, engineer, manufacture and supply critical wiring harnesses that integrate electronic sensors and controllers, switches, terminals, connectors, junction boxes, high-voltage interconnection systems and data cables, delivering application-specific architectures across platforms (Source: CRISIL Report).
- Serves both automotive and non-automotive applications, in line with the industry's shift in powertrain.
- Products also include battery packs, switches, sensors, controllers and power supply cords.
- As on March 31, 2026, had 22 operational manufacturing facilities, 3 engineering and design support centers and 7 warehouses across India and globally.

DHOOT TRANSMISSION
Harnessing Safety, Electrifying The Future

Dhoot Transmission Limited

www.dhoottransmission.com

**DHOOT TRANSMISSION LIMITED**, is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP dated August 3,2026 with the RoC. The RHP and Abridged Prospectus shall be available on the website of SEBI at www.sebi.gov.in, as well as on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.dhoottransmission.com and on the websites of the BRLMs, i.e. Axis Capital Limited, Jefferies India Private Limited, Kotak Mahindra Capital Company Limited, Nomura Financial Advisory and Securities (India) Private Limited, SBI Capital Markets Limited and 360 ONE WAM Limited at www.axiscapital.co.in, www.jefferies.com, https://investmentbank.kotak.com, www.nomuraholdings.com/company/group/ asia/india/index.html, www.sbicaps.com and www.360.one, respectively. Any potential Bidders should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see "***Risk Factors***" on page 24 of the RHP. Potential Bidders should not rely on the UDRHP-I filed with SEBI and the Stock Exchanges for making any investment decision and should instead rely on the RHP, when filed, for making an investment decision.

The Equity Shares offered in the Offer have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended (the "**U.S. Securities Act**") or any other applicable law of the United States and, unless so registered, may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold (a) within the United States only to persons reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act and referred to in the RHP as "**U.S. QIBs**"; for the avoidance of doubt, the term "**U.S. QIBs**" does not refer to a category of institutional investor defined under applicable Indian regulations and referred to in the RHP as "QIBs") in transactions exempt from, or not subject to, the registration requirements of the U.S. Securities Act; and (b) outside of the United States in offshore transactions as defined in and in compliance with Regulation S under the U.S. Securities Act ("**Regulation S**") and the applicable laws of the jurisdiction where those offers and sales are made.

It is to be distinctly understood that the permission given by Stock Exchanges should not in any way be deemed or construed that the Offer Document has been cleared or approved by Stock Exchanges nor does it certify the correctness or completeness of any of the contents of the Offer Document. The investors are advised to refer to the Offer Document for the full text of the Disclaimer Clause of NSE and BSE Limited.

Adfactors 230/26 A

## ગુજરાત યુનિ.ના પૂર્વ VC નીરજા ગુપ્તા સામે ABVPનો મોરચો, 10.93 કરોડનું નુકસાન કર્યાનો આક્ષેપ; સાંજ સુધીમાં કાર્યવાહીની ઈન્ચાર્જ VCની ખાતરી...

# 'ગોળી મારો સાલો કો શિક્ષણ કે દલાલો કો'

અમદાવાદ | ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તાએ કરેલી લ્હાણીને લઈને ABVP મેદાને આવ્યું છે. પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તા કાર્યકાળ પૂરો થયા બાદ વિવાદમાં સપડાયા છે. પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તાએ યુનિવર્સિટીના પૈસાની છૂટા હાથે લ્હાણી કરી હોવાનો ABVP દ્વારા ગંભીર આક્ષેપો કરવામાં આવ્યો છે. નીરજા ગુપ્તાએ ચાર્જ સંભાળ્યા બાદ અનેક હંગામી કર્મચારીઓની હકાલપટ્ટી કરી પોતાના માનીતા કર્મચારીઓને નોકરી પર રાખી નિયમ વિરુદ્ધ પગાર ચૂકવ્યો છે. જેથી તેને લઈને કડક કાર્યવાહી કરવાની માંગ સાથે આજે 7 ઑગસ્ટે ABVPના કાર્યકરો મોટી સંખ્યામાં ભેગા થઈ ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે.

પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તાએ તેમની 3 વર્ષની ટર્મ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીના 10.93 કરોડ રૂપિયા વધારાના પગાર ખર્ચમાં વાપર્યા હોવાનો ABVP દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. જેથી પૂર્વ કુલપતિએ ખુલ્લા હાથે કરેલી લ્હાણીને લઈને વિરોધ નોંધાવી ઈન્ચાર્જ કુલપતિ સમક્ષ રજૂઆત કરી હતી. ABVPની રજૂઆતને આધારે યુનિવર્સિટી દ્વારા ત્રણ સભ્યની તપાસ કમિટી બનાવવામાં આવી છે. જો કે તપાસ કમિટીનો રિપોર્ટ આવે તે પહેલા જ ફરી આજે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ગુજરાત યુનિવર્સિટીમાં ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે. મોટી સંખ્યામાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓ દેખાવો કરી કડક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે.

ગુજરાત યુનિવર્સિટી ટાવરમાં મોટી સંખ્યામાં ABVP ના કાર્યકર્તાઓએ હલ્લાબોલ કર્યો છે.

ઈન્ચાર્જ કુલપતિ ઓફિસમાંથી રવાના થઈ ગયા છે. તેમજ તપાસ કમિટીની તાત્કાલિક બેઠક બોલાવવામાં આવી છે. સાંજ સુધીમાં કાર્યવાહી કરવાની ઈન્ચાર્જ કુલપતિ દ્વારા ખાતરી આપવામાં આવી છે. પાવન પંડિત સહિતના ડિરેક્ટરના રાજીનામુ લેવાની માંગ સાથે ABVPના કાર્યકર્તાઓ કુલપતિની ઓફિસમાં ધરણા પ્રદર્શન પર બેસી ગયા છે.

જ્યાં સુધી કડક કાર્યવાહી કરવામાં નહીં આવે અને ખોટી રીતે ડિરેક્ટર બનાવવામાં આવ્યા તેમને દૂર નહીં કરવામાં આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની ચીમકી ABVPએ ઉચ્ચારી છે.

'વીસી તેરી તાનાશાહી નહીં ચલેગી'ના ABVPના કાર્યકરોએ સૂત્રોચ્ચાર કર્યાં છે. ઈન્ચાર્જ કુલપતિ પર બેગ ભરીને નકલી નોટોનો વરસાદ કરવામાં આવ્યો છે.

ABVPના કાર્યકર્તાઓએ હોબાળો કરતા ઈન્ચાર્જ કુલપતિ પણ દોડી આવ્યા છે. કુલપતિની ઓફિસમાં પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો છે.

ABVPના કાર્યકર્તાઓએ રામધૂન બોલાવી ઈન્ચાર્જ કુલપતિને સદબુદ્ધિ મળે તેવી પ્રાર્થના કરી છે.

ઈન્ચાર્જ કુલપતિ હાજર ન હોવાથી 300થી વધુ વિદ્યાર્થીઓ કુલપતિની ઓફિસમાં ધરણા પ્રદર્શન પર બેસી ગયા છે. ABVPના કાર્યકર્તાઓએ કુલપતિ ઓફિસમાં હોબાળો કરતા રજીસ્ટ્રાર દોડી આવ્યા છે. 'ગોળી મારો સાલો કો શિક્ષણ કે દલાલો કો'ના નારા લગાવી કુલપતિ ઓફિસમાં વિદ્યાર્થીઓએ હલ્લાબોલ કર્યો છે.



**કુલપતિની ઓફિસનો ઘેરાવ કર્યો**
યુનિવર્સિટી ટાવર અને કુલપતિની ઓફિસ ABVPના કાર્યકરોએ ઘેરી લીધી છે. 300થી વધુ કાર્યકરો કુલપતિની કચેરી પહોંચ્યા છે.કુલપતિ હાય હાય અને નીરજા ગુપ્તાએ ભરતી કરેલા કર્મચારીઓના રાજીનામાની માંગ કરવામાં આવી રહી છે. પાવન પંડિત સહિતના ડિરેક્ટરના નામના બેનર પહેરી ગળામાં નકલી નોટોના હાર સાથે ABVP ના કાર્યકર્તાઓએ વિરોધ નોંધાવ્યો છે.

## કુહાડી-પાઈપ ને છરાથી તૂટી પડી અમદાવાદના સિક્યુરિટી કોન્ટ્રાક્ટરને પતાવી દીધો




મહેસાણા | મહેસાણાના નંદાસણમાં અમદાવાદના સિક્યુરિટી કોન્ટ્રાક્ટરનું માથું ફોડી નિર્મમ હત્યા કરાઈ હતી. પહેલાં પિકઅપ ડાલાથી મૃતકની કારને ટક્કર મારી બાદમાં પાછળ રિક્ષામાંથી 6-7 શખસો ઉતર્યા અને રાધેશ્યામ શર્મા પર ફરી વળ્યા. આ હિચકારા હુમલામાં અમદાવાદના નરોડામાં રહેતા રેમ્બો કંપનીના સિક્યુરિટી કોન્ટ્રાક્ટરનું મોત થઈ ગયું હતું. પોલીસ ઘટનાસ્થળે પહોંચી ત્યારે રાજપુરની સીમના રોડ પર લોહીથી લથબથ લાશ પડી હતી.

અગાઉ રેમ્બો કંપનીમાં ચોરી કરવાના ઈરાદે આવેલા મોહસિન કુરેશી સાથે મૃતકની તકરાર થઈ હતી. આ બાબતે થયેલી બબાલનું મનદુઃખ રાખીને આ ખૂની ખેલ ખેલાયો હોવાનું સામે આવ્યું છે.

રાધેશ્યામ શર્મા પોતાની કાર લઈને નીકળી રહ્યા હતા તે સમયે પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે એક પિકઅપ ડાલા વડે તેમની કારને જોરદાર જીવલેણ ટક્કર મારવામાં આવી હતી. કાર રોકાઈ જતાં જ પાછળ રિક્ષામાં આવેલા હુમલાખોરોએ રાધેશ્યામભાઈ પર ઘાતકી હુમલો કરી દીધો હતો. હુમલાખોરોએ તેમના માથા અને કપાળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડતા તેમનું ઘટનાસ્થળે જ દર્દનાક મોત નીપજ્યું હતું.

બનાવની જાણ થતાં જ જિલ્લા એસપી, કડી ડિવિઝનના DySP હાર્દિક પ્રજાપતિ સહિતનો પોલીસ કાફલો અને એફએસએલની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસની પ્રાથમિક તપાસ અને ફરિયાદ મુજબ,અગાઉ રેમ્બો કંપનીમાં ચોરી કરવાના ઈરાદે આવેલા મોહસિન કુરેશી સાથે તકરાર થઈ હતી. આ ચોરી બાબતે થયેલી બબાલનું મનદુઃખ રાખીને આ ખૂની ખેલ ખેલવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું છે.

## સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનને અધિકારીનો ગોળગોળ જવાબ

# સાબરમતી નદીમાં ફીણવાળુ પાણી છોડવામાં આવતું હોવાના સવાલ પર કહ્યું-'તપાસ કરીને કહીએ'



**અધિકારીઓએ કેમ જવાબ ન આપ્યો તેના પર સવાલો** ઉલ્લેખનીય છે કે, ગાંધી આશ્રમની પાછળના ભાગે નદીમાં ગંદુ પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે અને આ ગંદુ પાણી જલવિહાર STP પ્રોજેક્ટનું હોવાથી પશ્ચિમ ઝોનના ઈજનેર વિભાગના અધિકારીઓ પણ જાણે છે, આ જગ્યા ઉપર નદીમાં પાણી છોડવામાં આવતું હોવાનું આઉટલેટ હોવા અંગે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર સહિતના અધિકારીઓને જાણ હોવા છતાં પણ તેમણે કેમ જવાબ ન આપ્યો તેના ઉપર અનેક સવાલ ઊભા થઈ રહ્યા છે. અધિકારીઓ હવે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દ્વારા પૂછવામાં આવતા સવાલોનો પણ જવાબ આપવાનું ટાળી રહ્યા છે.

અમદાવાદ | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પશ્ચિમ ઝોનના અધિકારી અને ઈજનેર વિભાગના અધિકારીઓ ભાજપના શાસકોને પણ જવાબ આપતા ન હોવા અંગેની ઘટના બની છે. બે દિવસ પહેલા સાબરમતી નદીમાં ફીણ વાળું પાણી નીકળતું હોવાના વીડિયો સામે આવ્યા હતા.

જે વીડિયો બાબતે ગુરુવારે સ્ટેન્ડિંગ કમિટીમાં પશ્ચિમ ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરથી લઈ અધિકારીઓને પૂછવામાં આવતા તેમણે આ બાબતે અમે તપાસ કરીશું એવો જવાબ આપી દીધો હતો. જો કે ગાંધી આશ્રમની પાછળના ભાગેથી સાબરમતી નદીમાં પાણી ક્યાંથી આવે છે અને કેમ આવું પાણી નીકળ્યું છે તે અંગે ઈજનેર વિભાગના અધિકારીઓને જાણ હોવા છતાં પણ તેમણે ભાજપ નેતા અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનને યોગ્ય જવાબ આપ્યો નહીં અને તપાસ કરીને કહીશું એવું કહી દેતા અનેક સવાલો ઉભા થયા છે.

શહેરના પશ્ચિમ વિસ્તારમાં સાબરમતી ગાંધી આશ્રમની પાછળના ભાગે સાબરમતી નદીમાં દુર્ગંધ અને ફીણ વાળું ગંદુ પાણી છોડવામાં આવતું હોવા અંગેનો વીડિયો સામે આવ્યો હતો. જે વીડિયો સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલ સહિતના નેતાઓના ધ્યાને આવ્યો હતો. જેથી 6 ઑગસ્ટે ગુરુવારે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં આ બાબતે ડેપ્યુટી પશ્ચિમ ઝોનના મ્યુનિસિપલ કમિશનરને પૂછવામાં આવ્યું હતું. ત્યારે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરથી લઈ ઝોનના ઈજનેર વિભાગના અધિકારીઓએ ગંદુ પાણી ક્યાંથી આવ્યું અને કેમ નીકળે છે.

# 67 ડિસ્ટ્રિક્ટ, 63 સિવિલ, 26 સિનિયર સિવિલ જજની બદલી

અમદાવાદ | ગુજરાત હાઈકોર્ટ દ્વારા તાબાની અદાલતોમાં મોટા પાયે જજીસથી બદલીઓ અને બઢતીઓ કરવામાં આવી છે. આ બદલી અને બઢતીની જગ્યાએ વર્તમાન જગ્યાએથી 17 ઓગસ્ટ સુધીમાં તેઓએ ચાર્જ સંભાળવાનો રહેશે.

સિવિલ જજની વાત કરીએ તો રાજ્યની તાબાની અદાલતોમાં 63 જજીસની આંતર જિલ્લા બદલી કરવામાં આવી છે અને એક જ કોર્ટમાં આંતરિક બદલીની વાત કરીએ તો અમદાવાદમાં 2, ભરૂચમાં 2, ભાવનગરમાં 1, દાહોદમાં 1, ગાંધીનગરમાં 1, કચ્છમાં 3, મહેસાણામાં 3, મોરબીમાં 1, રાજકોટમાં 6, સાબરકાંઠામાં 1, સુરતમાં 6 અને વડોદરામાં 2 સિવિલ જજની આંતરકોર્ટ બદલી કરવામાં આવી છે. સિનિયર સિવિલ જજની વાત કરીએ તો 26 જજીસની આંતરિક જિલ્લા બદલી કરવામાં આવી છે. જ્યારે



79 જજને પ્રમોશન આપવામાં આવ્યું છે. એક જ કોર્ટમાં આંતરિક બદલીની વાત કરવામાં આવે તો અમદાવાદમાં 37, અરવલ્લીમાં 1, બનાસકાંઠામાં 5, ભાવનગરમાં 2, દાહોદમાં 2, દ્વારકામાં 2, ગાંધીનગર 4, ગીર સોમનાથ 1, જામનગરમાં 8, જૂનાગઢમાં 3, કચ્છમાં 1, ખેડા 7, મહેસાણા 6, મોરબી 3, નર્મદા 2, પાટણ 1 અને પોરબંદરમાં 2, રાજકોટ 21, સાબરકાંઠા 5, સુરત 19, સુરેન્દ્રનગર 2, વડોદરા 21 અને વલસાડમાં 2નો સમાવેશ થાય છે.

67 ડિસ્ટ્રિક્ટ જજની આંતરિક જિલ્લા બદલી કરવામાં આવી છે. ઉપરાંત પ્રમોશન સાથે ટ્રાન્સફર થઈ હોય તેવા 57 જજીસનો સમાવેશ થાય છે. જ્યારે 86 જજીસને એડિશનલ સેશન્સ અથવા સેશન્સથી સેશન્સ ડિવિઝન ખાતે મુકવામાં આવ્યા છે. જેમાં અમદાવાદમાં 9, અમરેલીમાં 2, આણંદમાં 4, અરવલ્લીમાં 1, બનાસકાંઠામાં 6, ભરૂચમાં 5, ભાવનગરમાં 3, બોટાદમાં 1, છોટા ઉદેપુરમાં 1, ગાંધીનગરમાં 4, જામનગરમાં 2, કચ્છમાં 8, ખેડામાં 1, મહેસાણામાં 5, મોરબીમાં 1, નવસારીમાં 1, પાટણમાં 2, રાજકોટમાં 8, સુરતમાં 17, સુરેન્દ્રનગરમાં 4, વડોદરામાં 11નો સમાવેશ થાય છે.

## વધતાં ટ્રાફિક વચ્ચે અમદાવાદ 29.05 લાખ વાહનો સાથે દેશના ટોપ-10 જિલ્લાઓમાં સામેલ

અમદાવાદ : અમદાવાદ શહેરમાં વાહનોની સંખ્યામાં અપ્રતિમ વધારો નોંધાયો છે, જેના કારણે ટ્રાફિકની સમસ્યા વધુ જટિલ બની રહી છે. મળતી માહિતી મુજબ, અમદાવાદમાં સક્રિય વાહનોની કુલ સંખ્યા વધીને 29,05,265 થઈ ગઈ છે. દેશમાં સૌથી વધુ વાહનો ધરાવતા જિલ્લાઓની યાદીમાં અમદાવાદ હવે 'ટોપ-10'માં સ્થાન પામ્યું છે.

રોડ પર દોડતા કુલ 29.05 લાખ વાહનોમાંથી માત્ર અમદાવાદ ઈસ્ટ (પૂર્વ વિસ્તાર)માં જ 9,14,743 વાહનો નોંધાયેલા છે. હાલના સમયમાં મોટાભાગના પરિવારોમાં એક કરતાં વધુ વાહનો હોવાના કારણે રસ્તાઓ પર વાહનોનું ભારણ વધી ગયું છે અને ટ્રાફિકની સમસ્યા ફૂંફાડા મારી રહી છે. દેશના જે જિલ્લામાં સૌથી વધુ વાહનો દોડી રહ્યા છે તેમાં બેંગાલુરુ 73.24 લાખ સાથે મોખરે, પૂણે 44.26 લાખ સાથે બીજા, ચેન્નાઈ 31.48 લાખ સાથે ત્રીજા, જયપુર 27.24 લાખ સાથે ચોથા, થાણે 27.21 લાખ સાથે પાંચમાં, મુંબઈ સબઅર્બન 23.58 લાખ સાથે છઠ્ઠા જ્યારે લખનઉ 20.82 લાખ સાતમાં સ્થાને છે.

## સુરક્ષા જવાન જ અસુરક્ષિત...!

### BRTSમાં CISF મહિલાકર્મીના મંગળસૂત્રની ચોરી : શાહપુરમાં હજયાત્રા માટે વર્ષોથી ભેગા કરેલા રૂ.28 લાખ રોકડાની તિજોરીમાંથી ચોરી



અમદાવાદ | અમદાવાદ શહેરના BRTS બસ રૂટ પર મુસાફરી કરતી મહિલાઓ માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. ઈસરો ખાતે CISFમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા મહિલા કર્મચારી શિવરંજનીથી CTM તરફ BRTS બસમાં મુસાફરી કરી રહ્યા હતા, ત્યારે ભીડનો લાભ ઉઠાવીને કોઈ અજાણ્યો તસ્કર તેમના ગળામાંથી 1 લાખ રૂપિયાનું સોનાનું મંગળસૂત્ર ચોરી ગયો હતો. આ સિવાય અન્ય એક ઘટનામાં શાહપુર વિસ્તારમાંથી હજયાત્રા માટે બચાવેલા 28 લાખ રોકડા ઘરમાંથી ચોરાતાં શાહપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

રામદેવનગર રોડ પર સોસાયટીમાં રહેતાં 40 વર્ષીય ભાવનાબેન શિંદે 6 ઓગસ્ટે બપોરે શિવરંજની BRTS બસ સ્ટોપથી રામોલ એક્સપ્રેસ હાઈવે જવા માટે બસમાં બેઠા હતા. બસમાં ભારે ભીડ હોવાથી કોઈ ઠગે હળવા હાથે તેમના ગળામાંથી 1 તોલાનું મંગળસૂત્ર કાઢી લીધું હતું. રામોલ બસ સ્ટોપ પર ઉતરીને બરોડા જવા નીકળ્યા ત્યારે મંગળસૂત્ર ચોરાયાની જાણ થઈ હતી. તેમણે રામોલ પોલીસ સ્ટેશન પહોંચીને ચોરી અંગે વિધિવત ફરિયાદ નોંધાવી છે.

**શાહપુરમાં હજયાત્રા માટે ભેગા કરેલા 28 લાખ રૂપિયા ચોરાયા** ચોરીના બીજા બનાવમાં શાહપુરના માછીવાડમાં ગઝાલી એપાર્ટમેન્ટમાં રહેતા કાપડના વેપારી મોહમદ ઉસામા શેખના ઘરમાંથી 28 લાખ રૂપિયાની રોકડ રકમ ચોરાઈ છે. તેમણે પરિવાર સાથે હજયાત્રા પર જવા માટે વર્ષોની બચતમાંથી 28.50 લાખ રૂપિયા એકઠા કર્યા હતા. 50 હજાર રૂપિયા વાપર્યા બાદ બાકીના 28 લાખ રૂપિયા બેડરૂમની તિજોરીના ખુલ્લા ભાગમાં મૂક્યા હતા. 28 જુલાઈથી 5 ઓગસ્ટ દરમિયાન તિજોરી બંધ ન હોવાનો લાભ ઉઠાવી જાણભેદુ કે અજાણ્યા ચોરે રકમ સેરવી લીધી હતી.

## પોલીસના ધાડેધાડા ઉતર્યા, સિંધુભવન રોડ પર કારમાંથી બિયર મળી : CPની હાજરીમાં નાઈટ ડોમિનેશન ડ્રાઈવ-ચેકિંગ; કોઈપણ તકલીફ માટે 112 ડાઈલ કરવા લોકોને અપીલ

અમદાવાદ | જો તમે હવે નાગરિકોને હેરાન કરશો અથવા મારામારી સહિત ગુનાખોરી અને ગેરકાયદેસર પ્રવૃતિઓ કરશો તો પોલીસ તમારા માટે તૈયાર છે

અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુદ્રઢ બનાવવા અને ગુનાખોરી પર લગામ કસવા શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે ગુનેગારોને કડક ચેતવણી આપી છે. ગુરુવારે મોડીરાત્રે કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓના કાફલાએ શહેરમાં સઘન નાઈટ ડોમિનેશન ડ્રાઈવ અને ચેકિંગ હાથ ધર્યું હતું. નાગરિકોને કોઈ તકલીફ પડે તો તાત્કાલિક 112 નંબર પર ફોન કરવા અપીલ કરી છે, જેમાં માહિતી આપનારની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે.

નાઈટ ડ્રાઈવ દરમિયાન સિંધુભવન રોડ પર અશ્વવિલા ચાર રસ્તા નજીક પોલીસ કમિશનરની હાજરીમાં કરાયેલા ચેકિંગમાં ત્રણ યુવકો 4 બિયરના ટીન સાથે ઝડપાયા હતા. આ ઉપરાંત જમાલપુર ચાર રસ્તા પાસેથી એક શંકાસ્પદ હોન્ડાઈ i10 કારમાંથી અંદાજે 350 કફ સિરપની બોટલો મળી આવતાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી. બીજી તરફ દાણીલીમડા સહિતના સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસનો કાફલો જોઈને અસામાજિક તત્વોમાં દોડધામ મચી ગઈ હતી.

શહેરમાં મારામારી અને અગાઉ 112 પર આવેલી ફરિયાદોને ધ્યાને રાખી બહેરામપુરા તથા સરખેજ જેવા સંવેદનશીલ વિસ્તારોમાં ક્રાઈમ બ્રાન્ચની ટીમો દ્વારા ખાસ કોમ્બિંગ હાથ ધરાયું હતું. રાત્રે 12થી 2 વાગ્યા દરમિયાન શહેરના વ્યસ્ત 150 પોઈન્ટ પર વાહન ચેકિંગ કરાયું હતું. દરેક પોલીસ સ્ટેશનમાંથી 25 કર્મચારીઓ અને 5 વાહનો સાથે આ ડ્રાઈવ યોજીને પીધેલા વાહનચાલકો, હથિયારધારીઓ અને સ્ટંટ કરનારાઓ સામે કડક પગલાં લેવામાં આવ્યા હતા.



**પોલીસ કમિશનરની નાગરિકોને ગુપ્ત માહિતી આપવા અપીલ**
નાગરિકોને હેરાન કરનારા કે કાયદો હાથમાં લેનારા તત્વો સામે પોલીસ સખત કાર્યવાહી કરશે. તેમણે નાગરિકોને અપીલ કરી છે કે કોઈપણ તકલીફ કે શંકાસ્પદ પ્રવૃત્તિ જણાય તો 112 નંબર પર ઓળખ છુપાવીને પણ માહિતી આપી શકે છે, જેથી પોલીસ યોગ્ય પગલાં ભરી શકે. વધુમાં, બહેરામપુરા અને સરખેજ જેવા વધુ ફરિયાદો ધરાવતા સંવેદનશીલ વિસ્તારોમાં ક્રાઈમ બ્રાન્ચની ટીમો દ્વારા રાત્રિ દરમિયાન ખાસ 'નાઈટ ડોમિનેશન ડ્રાઈવ' અને કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું છે, જે કામગીરી સતત ચાલુ રહેશે.